ભારતની લોકકથાઓ



પબ્લિકેશન્સ ડિવિઝન

ભારતની લોકકથાઓ

सत्यमेव जयते

પબ્લિકેશન્સ ડિવિઝન,
મિનિસ્ટ્રી ઑફ ઇન્ફર્મેશન ઍંડ બ્રોડકાસ્ટિંગ,
ગવર્નમેંટ ઑફ ઇંડિયા,
ઓલ્ડ સેક્રેટરિયટ,
દિલ્હી-૮

જુલાઈ, ૧૯૫૬
July, 1956

કિંમત: એક રૂપિયો
Re. 1

Bharat Ki LokKathaen (Gujarati)

ભૂમિકા

ભારતમાં લોકકથાનો ભંડાર છે. આપણુ દેશમાં આર્ય તથા દેશની અન્ય મૂળ પ્રજાના સાંસ્કૃતિક આદાનપ્રદાનને કારણે લોકકથાઓનો તોટો નથી. ઉત્તર ભારતની જાણીતી લોકકથા દક્ષિણ ભારત, કાશ્મીર કે પંજાબમાં તમને નજીવા ફેરફાર સાથે એ જ રૂપમાં સાંભળવાની મળશે. આ જ કારણથી કોઈ એક લોકવાર્તા અમુક જ ચોક્કસ પ્રદેશની છે એ નક્કી કરવું મુશ્કેલ બને છે. વાર્તાનાં અમુક મૌલિક લક્ષણ યા લોકજીવનની છાપ વાર્તાનું જન્મસ્થાન નક્કી કરવામાં સહાયરૂપ બને છે. આ બાબતમાં એક વિદ્વાનનું કહેવું છે કે, 'સંસારની બધી જડ અને ચેતન વસ્તુઓ જેવી રીતે ૯૦ જેટલાં મૂળ તત્ત્વોમાંથી ઉત્પન્ન થઈ છે' તેવી રીતે આપણે લોકકથાની બાબતમાં પણ કહી શકીએ. લોકકથાની પણ મૂળ ભૂમિકા અને લક્ષણો હોય છે. આ બંનેના મિશ્રણ અને પુનર્મિશ્રણને લીધે આપણી બધી લોકકથાઓ બની છે અને બનતી રહેશે.

ભારતમાં લોકકથાઓનો ખજાનો છે. મધ્યકાળની અનેક લોકકથાઓનો ભંડાર સંસ્કૃત, પ્રાકૃત, પાલિ, અપભ્રંશ તથા પ્રાદેશિક ભાષાઓમાં મળે છે. આ કથાઓ પુરાણી હોવા છતાં સદા નવીન લાગે છે. આ કથામાં મનુષ્યના સામાન્ય જીવન અને કર્મનો ઇતિહાસ સમાયેલો છે. ધીરે ધીરે લોકમાનસ ઉપર લોકકથાનું એક નવું પડ જામતું ગયું અને પુરાણી કથા નવું રૂપ ધારણ કરી સમાજની છાપ ગ્રહણ કરતી નવીન રૂપમાં પ્રગટ થઈ. જૂના જમાનાના બારોટો, આપણાં દાદાદાદીઓ તથા અન્ય વડવાઓએ એને સુરક્ષિત રાખવામાં તથા પોષવામાં પૂરતો સહકાર આપ્યો.

ઓગણીસમી સદીના પાશ્ચાત્ય વિદ્વાનો મહાભારત, જાતક, પંચતંત્ર, જૈનકથાઓ અને કથાસરિત્સાગરનું અધ્યયન કરી ચકિત થઈ ગયા. એ લોકોનો એવો મત હતો કે ભારતની આ પુરાણી કથાઓ સંસારભરની કથાઓની જન્મદાતા છે. શ્રી. વાસુદેવ-શરણ અગ્રવાલના શબ્દોમાં લોકકથાઓ એ લોકજીવનની તરેહતરેહની છાપો છે. આદિકાળથી એ અમારો સાથ સેવતી આવી છે. દેશમાં સર્વત્ર એનું નિવાસસ્થાન બન્યું. મનુષ્યનાં સુખદુઃખ, પ્રીત, શૃંગાર, વીરભાવ, વેરવૃત્તિ — આ બધાએ લોકકથાને પોષણ બક્ષ્યું. રહેણીકરણી, રીતરિવાજ, ધાર્મિક શ્રદ્ધા, પૂજા, ઉપાસના — આ બધાં લોકકથાના રૂપને બદલતાં ગયાં. વાર્તા મનુષ્યના મનનું અપૂર્વ રીતે રંજન કરે છે. માનસિક થાકને દૂર કરવા વાર્તા પ્રાચીન કાળથી માનવસમાજનું અકસીર રસાયણ બન્યું છે. આજે પણ એની એ વિશિષ્ટતા અને ઉપયોગિતા એવી ને એવી જ છે.

લોકકથાઓ સાહિત્યકથાઓની ધાત્રી છે. સદીઓથી લોકકથા મનુષ્યનું મનોરંજન કરતી આવી છે. મનુષ્યના મનનો શાશ્વત બાળસ્વભાવ વાર્તા સાંભળીવાંચી ઘણો આનંદ પામતો. આશા છે કે આ પુસ્તક પણ એનું ધ્યેય સિદ્ધ કરવામાં સફળ બનશે.

અનુક્રમણિકા

તકલીનો જન્મ

(મધ્યપ્રદેશની લોકકથા)

મુબારકઅલી

સ્વર્ગમાં ફિરકી નામની એક દેવી રહેતી હતી. એ સીવણગૂંથણનું કામ બહુ સુંદર કરતી. હાથમાં સોયા પકડતી ને વાત વાતમાં તો સુંદરમાં સુંદર સ્વેટર, ગંજીફરાક, મફલર વગેરે તૈયાર કરી દેતી. ઘણે દૂર સુધી એની ખ્યાતિ ફેલાઈ ગઈ હતી. ફિરકીની ચતુરાઈની વાત ધીરે ધીરે રાણીને કાને પહોંચી. એ પણ પોતાની દીકરીઓને સીવણગૂંથણનું કામ શીખવવા માગતી હતી. ઘણા વખતથી કોઈ ચતુર દેવીની તપાસમાં હતી. એણે પોતાની સખીઓને કહ્યું, "સાંભળ્યું છે કે ફિરકી સીવવાભરવામાં ઘણી હોશિયાર છે. તમે સલાહ આપો તો એને બોલાવીએ. એ અહીં રહી રાજકુમારીઓને સીવણગૂંથણનું કામ શીખવશે."

એક સખી વિચાર કરીને બોલી, "એકલી ફિરકી જ બધી દેવીઓમાં સીવવાભરવામાં હોશિયાર છે એવું શી રીતે માની લેવાય? મારી વાત સાંભળો. એક હરીફાઈ ગોઠવો એમાં સીવણગૂંથણનું કામ જાણતી બધી દેવીઓ આવે અને પોતપોતાની કારીગીરી બતાવે. જે બધાને મારી જાય એને પહેલું ઇનામ આપવું અને તેને આપણી રાજકુમારીઓને સીવણગૂંથણનું કામ શીખવવા રાખવી."

રાણીને આ સલાહ ઘણી ગમી. એણે જલદી હરીફાઈ ગોઠવવાનું નક્કી કર્યું. તે જ દિવસે સ્વર્ગભરમાં ઢંઢેરો પિટાવ્યો. વખતસર હરીફાઈમાં ભાગ લેવા સીવણગૂંથણકામ જાણનારી સેંકડો દેવીઓ આવી પહોંચી. પોતપોતાના કામમાં મંડી પડી. છેવટે ફિરકી બધાને હરાવી ગઈ. રાણીએ સખીઓની સલાહથી એને પહેલું ઇનામ આપ્યું અને કહ્યું, "હવે તારે આમતેમ ભટકવાની જરૂર નથી. આજથી તું મારી સખી બની છે.

આનંદથી અહીં રહે અને રાજકુમારીઓને સીવણગૂંથણકામ શીખવ, સમજીને ?"

ફિરકીનું નસીબ ખૂલી ગયું! એ રાણીની સાથે રહેવા લાગી. રાજકુમારીઓ સોયા, સૂતર, કપડું, કાતર, સોઈ, દોરો વગેરે લઈ એની પાસે જતી. એ ઘણા પ્યારથી રાજકુમારીઓને સીવણગૂંથણ શીખવતી. રાણી એનું કામ જોઈ ખૂબ ખુશ થતી. હંમેશા એને બક્ષિસ આપ્યા કરતી.

ધીરે ધીરે ફિરકી માલદાર બની ગઈ. એ વિચારવા લાગી, "રાણીની મારી ઉપર અમીદૃષ્ટિ છે. પૈસાની પણ કંઈ ખોટ નથી. સીવણગૂંથણકામમાં પણ હું પહેલો નંબર છું. હવે સ્વર્ગમાં કઈ દેવી મારી સાથે મુકાબલો કરી શકે?" એને અભિમાન ચઢયું. અભિમાનના નશાથી એનું મગજ ફરી ગયું. હવે એ રાણીની સખીઓની સાથે પણ સરખી વાત ન કરતી. ફિરકીની આવી વર્તણૂક બધાને ખૂંચતી. એમણે રાણીને ચાડી ખાધીઃ "ફિરકીને તો તમે ખૂબ ચઢાવી. હવે તો એ કોઈની સાથે સરખી વાત પણ નથી કરતી. જ્યારે જુઓ ત્યારે અભિમાનથી મોં ફૂલેલું. તમે જ બતાવો હવે એ આપણા સ્વર્ગમાં કેવી રીતે ટકી શકે?"

એ સાંભળી રાણી ક્રોધથી સળગી ઊઠી. "હેં શું કહ્યું તેં? ફિરકી અભિમાની બની છે? ત્યારે તો એ દેવી મટી ગઈ. જે દેવી નથી તેનું સ્થાન પણ સ્વર્ગમાં નથી. હું એને હમણાં સજા કરું છું. એને પકડીને મારી સામે લાવો."

તરત બેત્રણ દેવીઓ દોડી ફિરકીને પકડી લાવી. ફિરકી ઉપર નજર પડતાં જ રાણીએ ખિજવાઈને કહ્યું, "કેમ ફિરકી, આ હું શું સાંભળું છું? તું અભિમાન કરે છે ને? જાણે છે કે અભિમાનીને શું સજા થાય છે તે? અભિમાનીને તરત જ સ્વર્ગમાંથી બરતરફ કરવામાં આવે છે. વધારે મારી પાસે શું કહેવડાવે છે? જો હું અભિમાન કરું તો હું પણ સ્વર્ગમાં ન રહી શકું. અહીંનો આ નિયમ છે."

ફિરકી હિંમત કરી બોલી, "મારી ભૂલ થઈ ગઈ રાણીજી. મને આટલી વાર માફ કરો. હવે બીજી વાર ભૂલ કરું તો મારા માથામાં ખાસડું મારજો."

રાણીએ કહ્યું, "તારે ખાતર નિયમનો ભંગ ન થાય. તને સજા જરૂર મળશે. સ્વર્ગ છોડી તારે પૃથ્વી ઉપર જવું જ પડશે. હા, તારી ઉપર એક દયા કરી શકું. તું કહે તે રૂપમાં હું તને પૃથ્વી ઉપર મોકલું. બોલ તારી ઇચ્છા ત્યાં કયા રૂપમાં જવાની છે?" એવામાં ત્યાં એક ફકીર આવ્યો. એણે કપડાંમાં ઝભ્ભો પહેર્યો હતો. એને જોઈ બધી દેવીઓને ઘણી નવાઈ લાગી. એટલામાં રાણીએ એને પૂછ્યું, "તમે કોણ છો? ક્યાં રહો છો? ક્યાંથી પધારો છો? તમારો દેખાવ તો અદ્ભુત છે. અમે અત્યાર સુધી આવું અદ્ભુત સ્વરૂપ કોઈનું જોયું નથી."

ફકીરે જવાબ આપ્યો, "હું એક સામાન્ય મનુષ્ય છું. ધરતી ઉપરથી આવું છું." રાણીએ કહ્યું, "ઠીક તો તમો મનુષ્ય છો. ધરતી ઉપર રહો છો. જે મનુષ્ય અભિમાની હોય છે એ કદી સ્વર્ગમાં નથી આવી શકતો. ભલા, તમે અહીં કેવી રીતે આવ્યા?"

ફકીર બોલ્યો, "અભિમાન ત્યજી મેં ઘણો વખત તપસ્યા કરી. સારી જિંદગી દેશવાસીઓની સેવામાં વિતાવી. એટલે હું સ્વર્ગમાં આવી શક્યો."


રાણીએ ખુશ થઈ કહ્યું, "તમે તો સારા માણસ છો. તમને જોઈ મને ઘણો આનંદ થયો. મારે લાયક કંઈ કામકાજ હોય તો જરૂર બતાવો." ફકીર બોલ્યો, "દેવી, ધરતી ઉપર રહેતાં મનુષ્યો ઘણાં દુઃખી છે. એ લોકને કપડાં પહેરવાનું પણ ભાન નથી. બીચારાં શરીર પર છાલ-પાંદડાં વીંટી જિંદગી પૂરી કરે છે. તમે કોઈ એવી ચીજ આપો કે જેથી એ લોક સૂતર કાંતી શકે. ધરતી પર રૂનો તોટો નથી. એક વાર એમાંથી સૂતર બનાવતાં લોક શીખશે કે કપડાં તૈયાર થયાં સમજી લો."

રાણીએ કહ્યું, "તમે જરા બેસો તો ખરા. ભગવાનની ઇચ્છા હશે તો હું તમારી માગણી પૂરી કરીશ." ત્યાર બાદ એણે ફિરકીને વળી પાછો એ જ સવાલ પૂછ્યો, "હાં, તો તું કયા સ્વરૂપે ધરતી ઉપર જવા માગે છે?"

ફિરકીએ આંખમાં આંસુ લાવી કહ્યું, "રાણીજી, હું તો ત્યાં કોઈ રૂપે જવા નથી માગતી. પણ જો આપ મને ત્યાં મોકલવા માગતાં હો,

તો મને એવા [illegible] કે હું [illegible] માનવની સેવા કરી શકું, એનું હૃદય આનંદથી ભરી શકું અને એના માનપ્રેમનું પાત્ર બનું."

રાણી મલકાઈને બોલી, "ફિરકી, તું ખરેખર ઘણી ચતુર છે. તેં એકીસાથે ત્રણ એવી મોટી મોટી ચીજ માગી છે કે તું ધરતી ઉપર દેવી બનીને રહેશે. ચાલ, જવા દે એ વાત. હું તને એવું રૂપ આપું છું કે તારી ઇચ્છા પૂરી થશે." એમ કહી રાણીએ કુલડીમાં થોડું પાણી લઈ કંઈ મંત્ર ઉચ્ચાર્યો અને પાણી ફિરકી ઉપર છાંટ્યું. ફિરકી તકલી બની ગઈ. રાણીએ તકલી ઉઠાવી ફકીરને આપી. ફકીરે તકલી હાથમાં લઈ રાણીને કહ્યું, "આનું શું કરવાનું, રાણીજી? આ તો બહુ નાની વસ્તુ છે."



ફકીરે પૂછ્યું, "આનું શું કરવાનું રાણીજી? આ તો બહુ નાની વસ્તુ છે."

રાણીએ જવાબ આપ્યો, "ચીજ નાની છે પણ એ માણસને ઘણી કામ આવશે. એમાંથી માણસ સૂતર કાંતી શકશે. સૂતરમાંથી કપડાં વણી શકશે. બાળકનાં રમકડાંની ગરજ એ સારશે. ફુરસદની વખતે એ ડાહ્યા માણસનું મન પ્રફુલ્લિત કરશે. વાતો કરતાં કરતાં પણ માણસ ધારશે તો એનાથી સૂતર કાંતી શકશે. બસ, હવે તું જા."

કહેવાય છે કે એ તકલી વડે માણસ સૂતર કાંતતાં શીખ્યો અને તકલીના વિકાસ સાથે માણસનો પણ વિકાસ થયો.





રાતે સ્વપ્નમાં એણે બે પુરુષ જોયા — એક કર્મ અને બીજો ભાગ્ય.

વણકર અને ભાગ્યદેવતા

(બિહારની લોકકથા)

સાવિત્રીદેવી વર્મા

કોઈ એક શહેરમાં એક વણકર રહેતો હતો. પોતાના ધંધામાં એ ખૂબ પારંગત હતો. રંગીન દોરામાં સોનાચાંદીના કસબી તાર મેળવી એ એટલી તો સુંદર વેલબુટ્ટીની નકશી કપડાં ઉપર કાઢતો કે જોનારાં દિંગ થઈ જતાં. પરંતુ એ ભારી મોંઘાં કપડાં રાજામહારાજા સિવાય કોણ ખરીદી શકે? એટલે એનો માલ ઝાઝો ખપતો નહીં. એને હંમેશ પૈસાની તંગી પડતી. જેમ તેમ એ પોતાનું ગુજરાન ચલાવતો.

એક દિવસ એણે એની સ્ત્રીને કહ્યું, "જો, આપણો પડોશી જાડું ખાદીનું કપડું વણે છે, પોતાના કામમાં પણ હોશિયાર નથી તેમ છતાં એની કમાણી મારા કરતાં ચારગણી છે. આ ગામમાં મારી કારીગીરીની કદર નથી. એટલે હું પરદેશ જઈ નસીબ અજમાવવાનો વિચાર કરું છું. સિંહ ભૂખ્યો મરી જાય પણ કદી ઘાસ નહિ ખાય. હું એક હોશિયાર વણકર છું. સામાન્ય વણકરોની જેમ જાડું બરછટ કાપડ હું નહિ વણું."

એ સાંભળી એની સ્ત્રી બોલી, "જુઓ, મારી વાત સાંભળો. પરદેશ ખેડવામાં હું તો કંઈ લાભ જોતી નથી. જ્યાં સુધી ભાગ્યદેવતાની કૃપા નહિ હોય ત્યાં સુધી પરદેશ જવાથી પણ દહાડો નહિ વળે. આપણો સોનાનો સૂરજ ઊગશે તો પૈસા મળતાં જરા વાર નહિ લાગે."

વણકર બોલ્યો, "તું તો નકામી નકામી વાત કરે છે. મહેનત વિના ફળ નહિ મળે. ભોજનથી ભરેલી થાળી સામે ધરેલી હોય પણ જ્યાં સુધી હાથ કોળિયો મોંમાં ન મૂકે ત્યાં સુધી પેટમાં ભોજન કેવી રીતે જાય? સૂતેલા સિંહના મોંમાં હરણ ગયાં કદી સાંભળ્યાં છે? મારી અક્કલ પ્રમાણે તો દરેક મનુષ્યે મહેનત કરવી જોઈએ. ઉદ્યમ કરવાથી પણ ફળ નહિ મળે તો એમાં ઉદ્યમ કરનારનો દોષ નથી પણ એના ભાગ્યનો દોષ છે."

એ પ્રમાણે એની સ્ત્રીને સમજાવીને એ વણકર એક મોટા શહેરમાં ધન કમાવા આવ્યો. અહીં થોડા વખતમાં એનો ધંધો જામી ગયો. એનાં બનાવેલાં કપડાં શેઠશાહુકાર અને રાજામહારાજાઓને ત્યાં ખપી જતાં. મોંમાગી કિંમત પણ મળતી અને ધંધો પણ ધમધોકાર ચાલતો.

એ પ્રમાણે ત્રણ વર્ષ એ શહેરમાં રહી એ ત્રણસો સોનાની મહોર કમાયો.

હવે એણે પોતાને ગામ પાછા ફરવાનો વિચાર કર્યો. મારી સ્ત્રીને આ ધન આપીશ ત્યારે એ કેવી રાજી રાજી થઈ જશે! હું એને નીકળતી વખત થયેલી ચર્ચા યાદ કરાવીશ અને કહીશ કે જો તારી અક્કલે ચાલી પરદેશ ન ગયો હોત તો આટલું ધન ગામમાં કેવી રીતે કમાત?

આ પ્રમાણે મનસૂબા રચતો પોતાના ગામ તરફ જવા નીકળ્યો. રસ્તે જંગલમાં રાત પડી ગઈ. ચોર, ડાકુ તથા જંગલી જાનવરોથી ગભરાઈ એક મોટા વડના ઝાડ ઉપર ચડ્યો. મુસાફરીના થાકને લીધે થડને અઢેલી એ તરત ઊંઘી ગયો.

રાતે સ્વપ્નમાં એણે બે પુરુષ જોયા — એક કર્મ, બીજો ભાગ્ય.

ભાગ્યદેવે કર્મદેવને કહ્યું, "કર્મદેવ, તને તો ખબર હશે કે આ વણકરના નસીબમાં માત્ર બે વારનું ભોજન અને કપડાંનું સુખ છે. ત્યારે તેં એને ત્રણસો સોનામહોરો કેમ આપી?"

કર્મદેવે કહ્યું, "મારું કામ તો ઉદ્યમીને મહેનતનું ફળ આપવાનું છે. જે મહેનત કરે એને મહેનતનું ફળ મળવું જોઈએ. હવે આગળ તને જેમ ઠીક લાગે તેમ કર."

કર્મદેવ અને ભાગ્યદેવની ચર્ચા સાંભળી વણકર હેબતાઈ ગયો. ઊઠીને એણે પોતાની થેલી ખોલી તો અંદર ફૂટી કોડી પણ ન હતી. એ જોઈ વણકર કલ્પાંત કરવા લાગ્યો, "હાય! કેટલી મહેનત કરી પૈસા કમાયો અને એક ક્ષણમાં ગૂમ થઈ ગયા!! ભલા, ખાલી હાથે ગામ જઈ મારી સ્ત્રી તથા મિત્રોને શું મોઢું બતાવું?"

એમ વિચારી એ ફરી પાછો શહેરમાં ગયો. એક વર્ષમાં બમણી મહેનત કરી એણે પાંચ હજાર સોનામહોરો એકઠી કરી. હવે એ પોતાને ગામ જવા બીજે રસ્તે નીકળ્યો. પણ બનવા કાળ તે સૂર્યાસ્ત થતાં એ પેલા વડના ઝાડની પાસે જ પહોંચ્યો. એ જોઈ વણકર ખૂબ મૂંઝાયો. લખ્યા લેખમાં કોણ મેખ મારી શકે? ભાવિની ગતિ ન્યારી! આ બીજો રસ્તો પણ એ જ ચાર રસ્તાને મળ્યો અને તે પાછો એ જ જંગલમાં ચાલ્યો. લાગે છે કે આજની રાત પણ એ અશુભ ઝાડ પર કાઢવી પડશે.

રાતના ઊંઘમાં સ્વપ્નામાં વણકરે ફરી પાછા ભાગ્યદેવતા તથા કર્મદેવતા જોયા. તે દિવસની માફક ભાગ્યદેવતાએ કર્મદેવતાને દોષ દેતાં કહ્યું, "આ વણકરના નસીબમાં માત્ર બે વારનું ભોજન અને કપડાં સિવાય બીજું કશું સુખ નથી તો શા માટે તેં એને આટલું દ્રવ્ય આપ્યું?"

કર્મદેવે જવાબ આપ્યો, "મનુષ્યને કર્મનું ફળ આપવું એ મારો ધર્મ છે. એ ફળને ભોગવે ન ભોગવે એનો આધાર તારી ઉપર છે." ગભરાઈને વણકરે આંખ ખોલી તો એની થેલી ખાલી જોઈ. વણકરે માથું કૂટ્યું. બીજી વાર પોતાનું સર્વસ્વ ગુમાવતાં એને અત્યંત દુઃખ થયું. એને થયું કે ધન વિના સંસારમાં જીવવું વ્યર્થ છે. એમ વિચારી એણે પોતાની પાઘડી છોડી, ઝાડ ઉપર બાંધી અને બંને લટકેલા છેડાનો ગાંઠ વાળી ફાંસો બનાવ્યો. જેવો એ ગળામાં ફાંસો ભેરવવા ગયો કે તરત જ ભાગ્યદેવતાએ સામે આવી એનો હાથ પકડ્યો. "સાંભળ!

હજી તારું આવરદા બાકી છે. આપઘાત કરવાનું સાહસ ન કર. જા તું તારે ઘેર જા. હું તને વરદાન આપું છું. તારે શું જોઈએ છે?"

વણકરે કહ્યું, "તમે મારી ઉપર પ્રસન્ન થયા હો તો મને ધનવાન બનાવી દો." એ સાંભળી ભાગ્યદેવે કહ્યું, "તું ધન મેળવીને શું કરશે? ધનનો ઉપયોગ તારા નસીબમાં નથી." વણકર બોલ્યો, "તોપણ મારે ધન જોઈએ છે. દુનિયામાં એવા કેટલાય ધનવાન છે કે જે પોતાની અસ્વસ્થ તબિયતને લીધે કે કંજૂસાઈને લીધે પોતે જાતે ધન વાપરી શકતા નથી. પરંતુ ધનવાન હોવાને લીધે સમાજમાં માન મેળવે છે. સગાંસંબંધી એને વીંટાયેલાં રહે છે. લોક એનાં અપરાધવૃત્તો મોં ઉપર સંભળાવવાની હિંમત નથી કરતા. મારા નસીબમાં ધનનો ઉપયોગ નહિ હોય તો ભલે. પણ હું ધનવાન કહેવડાવવા માગું છું."

ભાગ્યદેવે કહ્યું, "તું એમ જ ઇચ્છે છે તો વળી પાછો શહેરમાં જા. ત્યાં તને વેપારીના બે પુત્ર જોવા મળશે. એમાંનો એક કંજૂસ અને બીજો ખચાળ છે. એ બેમાંથી તારે જેવા બનવું હશે તેવો હું તને બનાવીશ."

એમ કહી ભાગ્યદેવ અલોપ થઈ ગયા.

વણકર કંજૂસનું ઘર પૂછતો એક ગલીમાં આવ્યો. ત્યાં એણે પૂછયું, "ભાઈ, અહીં કોઈ ધનવાન વેપારીનો છોકરો રહે છે?"

એક ભાઈએ જવાબ આપ્યો, "રહેતો હશે કોઈ કંજૂસ, મખ્ખીચૂસ. અમારે એની સાથે શી લેવાદેવા?"

બીજો ખિજવાઈને બોલ્યો, "તું કોઈ બહારનો માણસ લાગે છે. સવારના પહોરમાં એ અપશુકનિયાનું નામ ક્યાં યાદ દેવડાવ્યું? ભગવાન જાણે આજે ખાવાનું પણ મળશે કે નહિ તે. વણકર વિચારવા લાગ્યો, "કંજૂસની અપકીર્તિ ભારે લાગે છે. કોઈ એનું નામ પણ સાંભળવા ઇચ્છતા નથી. ચાલો કંઈ નહિ. હું જાતે એનું ઘર શોધી કાઢીશ."

ઘણી મહેનત બાદ વણકરને કંજૂસનું ઘર મળ્યું. કંજૂસની પત્ની, છોકરાં અને નોકરચાકરના ધુતકારવા છતાં વણકર આંગણામાં જઈ ગોઠવાયો. રાતના કંજૂસની પત્નીએ કમને એને ખવડાવ્યું. એ પોતાના પતિનો સ્વભાવ

બરાબર જાણતી હતી. એટલે ભૂખ્યાતરસ્યા પ્રતિ દયા દેખાડવાનું સાહસ કરતી નહિ. રાતના વણકર આંગણામાં સૂઈ ગયો. સ્વપ્નામાં વળી પાછા એને ભાગ્યદેવ અને કર્મદેવ દેખાયા. ભાગ્યદેવે કર્મદેવને કહ્યું, "કર્મદેવ, આ તેં શું કર્યું? આ કંજૂસ તો કદી પૈસા ખર્ચે નહિ. વણકરને જમાડી ખોટો ખર્ચ એની પાસે તેં શા માટે કરાવ્યો?" કર્મદેવે કહ્યું, "ભાગ્યદેવ, મને ઠીક લાગ્યું એમ મેં કર્યું. તને ઠીક લાગે તેમ તું કર. તને લાગે તો મેં કરેલી ભૂલ બરાબર સુધારી લેજે."

બસ, બીજે દિવસે સંજોગવશાત્ કંજૂસ માંદો પડ્યો અને એને કંઈ કેટલા દિવસ ભૂખ્યા રહેવું પડ્યું. ભૂખ્યોતરસ્યો વણકર પણ ત્યાંથી ઉડાઉ છોકરાને શોધવા નીકળ્યો. એની ગલીમાં દાખલ થતાં જ બાળકો બધાં એનાં વખાણ કરતાં એના ઘર સુધી એને મૂકી ગયાં.



ઉડાઉ માણસે એનું સ્વાગત કર્યું. એને પેટ ભરીને જમાડ્યો અને નવો જોડો કપડાં પહેરવા આપ્યાં.

ઉડાઉ માણસે એનું સ્વાગત કર્યું. એને પેટ ભરીને જમાડ્યો. નવો જોડો કપડાં પહેરવા આપ્યાં. એની રહેવાકરવાની બરાબર સગવડ કરી પોતે સૂવા ગયો.

રાતે સ્વપ્નામાં ફરી પાછા એને ભાગ્યદેવ અને કર્મદેવ દેખાયા. ભાગ્યદેવે કર્મદેવને કહ્યું, "ભાઈ કર્મદેવ, આ ઉડાઉએ વણકરની મહેમાનગીરીમાં એની રહીસહી પૂંજી ખર્ચી નાખી. હવે કાલે એ જાતે ખાવાપીવાનું કેમ કરશે?" કર્મદેવે કહ્યું, "સારું કામ કરવાની પ્રેરણા આપવાનો મારો ધર્મ છે. હવે બગડેલી બાજી સુધારવાનું કામ તારું. ભાગ્યનો કંઈ ચમત્કાર બતાવી દે."

બીજે જ દિવસે રાજદરબારથી એક કારભારી આવી ઉડાઉને રાજા તરફથી સો રૂપિયાની થેલી બક્ષિસ આપી ગયો.

આ જોઈ વણકરે વિચાર્યું, "કંજુસની માફક કરોડપતિ બનવા કરતાં ઉડાઉની માફક પરોપકાર કરવામાં મસ્ત રહેવું લાખ દરજ્જે સારું. ધનની કિંમત એના સદુપયોગમાં રહેલી છે. જો ધનવાનનું ધન કોઈના કામમાં ન આવે તો એના કરતાં તો ગરીબ રહેવું બહેતર. પરોપકારી કામોથી જ માણસ ધર્માત્મા બની શકે. માત્ર ધર્મનો ઉપદેશ કરવાથી કોઈ ધર્માત્મા નથી બની શકતો. મને તમે ઉડાઉની માફક ધનવાન બનાવી દો તો સારું. કંજુસનું ધન કાંકરા. ધનનો સંગ્રહ કરવામાં મને જીવનની કશી સાર્થકતા દેખાતી નથી."

વણકરની ઇચ્છા પ્રમાણે ભાગ્યદેવતાએ એને ઉડાઉના જેવો ધનવાન બનાવ્યો. એ ગામ આવ્યો, ત્યાં એનો ધંધો જામી ગયો. જેટલું એ કમાતો એટલું એ પરોપકારી કામોમાં ખર્ચતો રહ્યો. ભલે એ ધનનો ઢગ ન વાળી શક્યો પણ યશ તો એણે ખૂબ મેળવ્યો. એમાં જ વણકર અને એની પત્નીને આનંદ હતો.

માનવબાળ

(બંગાળની લોકકથા)

રામચંદ્ર શર્મા

એક ગામમાં એક બ્રાહ્મણ રહેતો હતો. એ ઘણો વિદ્વાન અને સદાચારી હતો. એની સ્ત્રી પણ ઘણી ડાહી અને ઘરકામમાં ચતુર હતી. એમને હતાં ફક્ત બે બાળકો, એક દીકરો અને એક દીકરી. માબાપને બંને બાળકો ખૂબ વહાલાં હતાં. માબાપ બંનેને સદ્ગુણી અને સદાચારી બનાવવા પ્રયાસ કરતાં હતાં. છોકરી ઉંમરમાં છોકરા કરતાં નાની હોવા છતાં, ઘણી ચતુર હતી. એટલે માબાપને પણ એ જરા વધારે વહાલી હતી. ધીરે ધીરે છોકરી મોટી થઈ અને પરણવા લાયક થઈ ગઈ.

માબાપને ખ્યાલ ન હતો કે છોકરીનાં આટલાં જલદી લગ્ન કરવાં પડશે. એ લોકોએ છોકરીને માટે વર શોધવો પડશે એવો કદી યે વિચાર કર્યો ન હતો. એક દિવસ જ્યારે એ પોતાની માની સાથે ઊભી હતી ત્યારે એને જોઈ માને થયું કે ઊંચાઈમાં એ એના જેવડી જ થઈ ગઈ છે. હવે એની મા એના લગ્નની ચિંતામાં પડી. તે જ દિવસે બ્રાહ્મણની સ્ત્રીએ બ્રાહ્મણને કહ્યું, "છોકરી પરણવા લાયક થઈ છે. હવે લગ્નની ચિંતા તો કરો." બ્રાહ્મણ પણ છોકરીને આટલી વહેલી ડાહીડમરી થઈ ગયેલ જોઈ દંગ થઈ ગયો! એ બોલ્યો, "તું ઠીક કહે છે. હવે મારે એને માટે વર શોધવો જ રહ્યો."

બ્રાહ્મણ ફિકરમાં પડ્યો. એણે પંચાંગ કાઢ્યું. લગ્નનાં શુભ મુહૂર્ત જોવા બેઠો. પંચાંગમાં જોતાં જણાયું કે લગ્ન એ જ મહિનામાં આવતાં હતાં. પછીનાં ત્રણ વર્ષ લગ્નને બાધક હતાં. એ જોઈ એ ખૂબ ગભરાયો. બ્રાહ્મણસ્ત્રીએ એને ગભરાટનું કારણ પૂછ્યું. એણે જણાવ્યું કે છોકરીનાં શુભ લગ્ન આ મહિનામાં જ આવે છે. આવતાં ત્રણ વર્ષ લગ્નનો જરા યે જોગ નથી. વળી ચાલુ મહિનામાં સુદ પાંચમની તિથિ જ શુભ લગ્નને લાયક છે. આ સાંભળી બ્રાહ્મણની સ્ત્રી પણ ઘણી મૂંઝાઈ. થોડી વાર

વિચાર કરી એ બોલી, "હજી પંદર દિવસની વાર છે. બરાબર જો મહેનત કરીએ તો પંદર દિવસમાં વર તો શોધી શકાશે. અને લગ્ન પણ થઈ શકશે. આપણાથી ત્રણ વર્ષ કંઈ થોભાય નહિ. છોકરી ઉંમરલાયક થઈ ગઈ છે."

બ્રાહ્મણ વળી પાછો ફિકરમાં પડ્યો. એને પણ લાગ્યું કે એની સ્ત્રીની વાત સાચી છે. ત્રણ વર્ષ સુધી કંઈ થોભાય? એણે હજામને બોલાવી એની છોકરીને માટે વર શોધવા મોકલ્યો. એણે હજામને ચોખ્ખે ચોકખું કહી દીધું કે ત્રણ વર્ષ સુધી છોકરીનાં લગ્ન આવતાં નથી, એટલે જલદી સારો વર શોધવાનો છે અને લગ્ન પણ આ માસની સુદ પાંચમે કરવાં જ પડશે. હજામ આજ્ઞા સાંભળી વરની શોધમાં નીકળી પડ્યો.

ચાલતાં ચાલતાં એક ગામે હજામ આવી પહોંચ્યો. અહીં તેને ભણેલગણેલ એક લાયક યુવકનો ભેટો થઈ ગયો. હજામને એ છોકરો ગમ્યો. એણે એની સાથે સુદ પાંચમનાં લગ્ન નક્કી કરી દીધાં. હજામ ગામ પાછો ફર્યો.

આ બાજુ હજામના ગયા પછી બ્રાહ્મણને તરેહતરેહના વિચાર આવવા લાગ્યા. બ્રાહ્મણ વિચારવા લાગ્યો, "આખરે જાત તો હજામ. કોને ખબર, મારી આવી ઠરેલ ડાહી છોકરી માટે કોણ જાણે કેવો વર શોધશે? વખત થોડો રહ્યો. જો કંઈ ભૂલ કરી બેઠો તો સુધારાશે પણ શી રીતે? વળી લગ્નનો સંબંધ પવિત્ર રહ્યો. વરકન્યાની આખી જિંદગીનો સવાલ. જિંદગી આખી બંનેએ સાથે ગુજારવાની. સમજ્યાવિચાર્યા વગર લગ્નનો સંબંધ જોડવો એટલે તો એક નિર્દોષ છોકરીની જિંદગી સાથે ખેલ કરવા બરાબર. મેં બહુ મોટી ભૂલ કરી. હજામને ક્યાં વર શોધવા મોકલ્યો? મારી આટલી વહાલી દીકરીને માટે શું હું કશું ત્યજી નહિ શકું? છોકરી માટે વર શોધવા હું જ જઈશ. ભલે દીકરી ત્રણ વર્ષ ઘરે બેસે પણ જ્યાં સુધી મનપસંદ છોકરો જડશે નહિ ત્યાં સુધી એનાં લગ્ન કરીશ નહિ."

આમ વિચારી બ્રાહ્મણ ઊઠ્યો. પોતાની સ્ત્રીને પોતાનો ઇરાદો જણાવી એ પણ વર શોધવા નીકળી પડ્યો.

એક ગામમાં એને મનગમતો વર મળ્યો. એણે એની સાથે લગ્નની પાકી વાત કરી દીધી. લગ્નની તિથિ પણ સુદ પાંચમ નક્કી કરી તે ગામ પાછો ફર્યો.

આ બાજુ બ્રાહ્મણના જતાં જ બ્રાહ્મણની સ્ત્રીને ઘણી ચિંતા થવા લાગી. એ વિચારવા લાગી, "હજામમાં અક્કલ કેટલી? એને શી ખબર કે અમારું કુટુંબ કેટલું ખાનદાન છે! મારી દીકરી તો ગુલાબનું ફૂલ. અંધારામાં અજવાળું કરી દે એવી છે મારી દીકરી તો. હજામ જો કોઈ ગરીબ ઢંગધડા વગરનો વર પસંદ કરી આવ્યો તો મારી દીકરી તો છાતી કૂટી કૂટીને મરી જશે. મારું હૃદય આખી જિંદગી વલોપાત કરતું રહેશે. મારા પતિએ હજામને વર શોધવા મોકલીને મોટી ભૂલ કરી. પોતાની ભૂલ સમજાઈ એટલે જાતે વર શોધવા નીકળ્યા. પણ તોયે શું? એ કંઈ થોડો મારી પસંદગીનો વર શોધવાના છે? એ તો બહુ થશે તો એટલું જોશે કે છોકરો ભણેલોગણેલો છે કે નહિ, તબિયતે તંદુરસ્ત છે કે નહિ. ઘરમાં હાલ્લાં કુસ્તી કરતાં હોય તો એમને શી ખબર પડે? એમને સ્ત્રીની અભિલાષાઓની શી ખબર? હું તો મારી દીકરીને માટે સુંદર, તંદુરસ્ત, ધનવાન અને ઉમદા ગુણવાળો છોકરો પસંદ કરીશ. ભણેલો હોય પણ દેખાવમાં સારો ન હોય તો તે શા કામનો? વખત ઝાઝો નથી. ઉતાવળ કરવામાં ગફલત થઈ જાય. એટલે હું જાતે જ વર શોધવા નીકળું. મારા પતિએ મારી સઘળી વાત માની છે. તો આટલી નાની વાત માટે થોડી જ ના પાડશે? શા માટે મારી વાત નહિ માને? માન્યા વગર કેમ ચાલે? શું દીકરી ઉપર મારો જરાયે હક્ક નહિ? હું ન તો હજામની કે ન તો મારા પતિની વાત માનીશ. છોકરીની આખી જિંદગીનો સવાલ છે."

એમ કહી બ્રાહ્મણની સ્ત્રીએ પોતાના છોકરાને બોલાવ્યો. એને બધી વાત કહીને એ છોકરીને માટે વર શોધવા નીકળી પડી.

વર શોધતાં શોધતાં એ એક ગામમાં આવી. એને મનગમતો છોકરો મળી ગયો. એની સાથે લગ્નની વાત પાકી કરી લગ્નની તિથિ નક્કી કરી એ પોતાને ઘેર પાછી ફરી.

આ તરફ પોતાની મા વરની શોધમાં નીકળી જતાં જ ઘરે જ છોકરો વિચારવા લાગ્યો, "હજામ તો એની ફરજ બજાવશે. વર શોધવાનું કહ્યું છે એટલે વર શોધી લાવશે. પછી એને શી પડી કે તે કેવો હોય, કેવો નહિ? વર શોધ્યો એટલે બસ એની ફરજ પૂરી થઈ. પાછળથી વર ખરાબ નીકળ્યો તો સહન તો અમારે કરવાનું. માતાપિતાની ઉપર જવાબદારી તો ખરી પણ વધારે નહિ. એ બંને પોતાની મનપસંદગીનો વર શોધવાનાં. પિતાજી જોશે કે છોકરો ભણેલો, કેળવાયેલો છે કે નહિ. માતાજી જોશે કે છોકરો રૂપાળો, પૈસાદાર છે કે નહિ. પણ આમ તે કંઈ ચાલે? માતાપિતા તો બહેનનાં લગ્ન કરી સ્વર્ગે સિધાવશે. બનેવી અને એનાં સગાંવહાલાં સાથે મારે કામ લેવાનું રહ્યું. એટલે મને તો લાગે છે કે બહેનને માટે એવો વર જોઈએ કે જેનો સ્વભાવ સારો હોય, મળતાવડો હોય, જેનાં સગાસંબંધી સાંસ્કારિક અને ખાનદાન હોય, જેથી મારી બહેનને સાસરામાં જરા દુઃખ ન પડે અને બેન તરફથી મને કોઈ રીતનો સંતાપ ન રહે. છોકરો ભણેલો હોય, રૂપાળો હોય, પૈસાદાર હોય પણ સંસ્કારી અને ખાનદાન નહિ હોય તો રોજના કજિયાના સોદા. મારી બહેનનું જીવન અસહ્ય બનશે. એટલે મારી પસંદગીનો વર હું શોધીશ. મારાં માતાપિતા ભલે નારાજ થાય. આ સંસારમાં એમને કેટલા દિવસ કાઢવાના છે!"

એમ વિચારી એ ઊઠ્યો. ઘર નોકરને સોંપ્યું અને એ પણ નીકળ્યો વર શોધવા.


એક ગામમાં એને પણ મનપસંદગીનો વર મળ્યો. એની સાથે લગ્નની પાકી વાત કરી, લગ્નની તિથિ નક્કી કરી એ ઘેર પાછો ફર્યો.

હજામ, બ્રાહ્મણ, બ્રાહ્મણની સ્ત્રી તથા છોકરો એકે દિવસે ઘેર પાછાં ફર્યાં. એકબીજાં સાથે વાતચીત કર્યા બાદ લાગ્યું કે ચારે જણ ચાર ગામમાં ચાર વરને શોધી તેની સાથે લગ્નની પાકી વાત કરી આવ્યાં હતાં અને સુદ પાંચમનાં લગ્ન નક્કી કરી આવ્યાં હતાં! બ્રાહ્મણ ખૂબ મૂંઝાવા લાગ્યો. એણે હજામને હુકમ કર્યો કે ત્રણ ગામમાં જઈ તે લગ્નની વાત ફોક કરી આવે.

જે લગ્ન બાપ નક્કી કરી આવેલા તે નક્કી ગણવાં. બાકીનાં બધાં રદ. હજામ ઘણો ગૂંચવાયો. એને "હા"ની "ના" કરવાનું ઠીક ન લાગ્યું. આજે હજામ એક જગ્યાએ લગ્નની વાત પાકી ગોઠવી આવે, બીજે દિવસે રદ કરે એમાં એની આબરૂ કેટલી? એટલે એ જાતે ગોઠવી આવેલાં લગ્ન રદ કરવા માગતો ન હતો. બાકીનાં ત્રણ બ્રાહ્મણ, બ્રાહ્મણની સ્ત્રી તથા છોકરાએ ગોઠવેલાં લગ્ન એ ફોક કરવા ગયો. એણે ત્રણે જગ્યાએ જઈ બ્રાહ્મણનો સંદેશો સંભળાવ્યો. એને વિઘ્નસંતોષી માની કોઈએ એની વાત સાચી ન માની અને બધા પોતપોતાની રીતે લગ્નની તૈયારી કરતા હતા તેમ કરવા લાગ્યા. દરેકે એમ વિચાર્યું, "જેણે લગ્નની વાત કરી હતી તે પોતે લગ્ન ફોક કરી શકે? આ કોઈ છોકરીપક્ષનો દુશ્મન લાગે છે."


સુદ પાંચમ આવી, બ્રાહ્મણે લગ્નની બધી તૈયારી કરી દીધી પરંતુ જ્યારે ઘરઆંગણે ચાર વરઘોડા જોયા ત્યારે ગભરાયો. એ મનમાં વિચારવા લાગ્યો, "હજામ સાથે ના કહેવડાવી હતી છતાં આ ચાર વરઘોડા કેવી રીતે આવ્યા? એક છોકરીને ચાર વરરાજા? હાય! મારું કેવું કમનસીબ! હવે કાચલીમાં પાણી લઈ ડુબી મરું. હે ભગવાન! મેં એવાં તે કેવાં પાપ કર્યાં હશે કે મારે આ દિવસ દેખવો પડયો? હવે હું ક્યાં જાઉં ને શું કરું?"

આમ વિચાર કરતાં કરતાં બ્રાહ્મણ અકળાઈ ઊઠયો. શરમ અને બદનામીના કલંકમાંથી બચવા એને આપઘાતનો રસ્તો ઠીક લાગ્યો. ચુપચાપ ગામની બહારના કૂવામાં કૂદી પ્રાણત્યાગ કરવાનો વિચાર કરી એ નીકળ્યો. જ્યારે એ કૂવા પર પહોંચ્યો તો અચાનક એક સાધુ ત્યાં આવ્યો. સાધુએ એને પૂછ્યું, "આ નિર્જન વનમાં કૂવા ઉપર એકલો એકલો તું શું કરે છે?" બ્રાહ્મણે સાધુને બધી હકીકત કહી. સાધુ બોલ્યો, "આપઘાત કરવાથી કંઈ દહાડો નહિ વળે. તું મારી સાથે ચાલ. હું આ તારી મુશ્કેલી દૂર કરું છું." બ્રાહ્મણ સંન્યાસીની સાથે ચાલી નીકળ્યો.



સાધુ બોલ્યો "આપઘાત કરવાથી કંઈ દહાડો નહિ વળે. . ."


રસ્તામાં એને એક કૂતરી મળી. એને તરતનાં જ ત્રણ બચ્ચાં જન્મ્યાં હતાં. સાધુએ એક કુરકુરિયા તરફ ઇશારત કરી બ્રાહ્મણને કહ્યું, "આને ઉઠાવી લે." બ્રાહ્મણે કુરકુરિયાને ઉઠાવી ઝોળીમાં નાખ્યું. જરા આગળ વધ્યા તો એ લે.કે શું જોયું? એક ડુક્કર તાજી જ વિયાઈ હતી. એને એક બચ્ચું આવ્યું હતું. સાધુએ બ્રાહ્મણને બચ્ચાને ઉઠાવી લેવા કહ્યું. બ્રાહ્મણે એને પણ ઉઠાવી ઝોળીમાં નાખ્યું. જરા વધારે આગળ ગયા તો એક ગધેડી મળી. એ પણ તરતની વિયાઈ હતી. એને પણ એક બચ્ચું આવ્યું હતું. સાધુના ઇશારાથી બ્રાહ્મણે ગધેડીનું બચ્ચું પણ ઝોળીમાં નાખ્યું.



સાધુએ એક કુરકુરિયા તરફ ઈશારત કરી બ્રાહ્મણને કહ્યું, "આને ઉઠાવી લે."

હવે બ્રાહ્મણ તથા સાધુ ઘેર ગયા. સાધુએ કહ્યું, "આ ત્રણે બચ્ચાંને તારી છોકરી સાથે એક ઓરડામાં પૂરી દે. જ્યાં સુધી હું કહું નહિ ત્યાં સુધી ઓરડો ખોલીશ નહિ." બ્રાહ્મણે એ પ્રમાણે કર્યું. ચારેને એક ઓરડામાં પૂરી દીધાં. ત્યાર પછી સાધુએ કહ્યું, "વારાફરતી ચારે વરરાજાને અને જાનવાળાને બોલાવો." બ્રાહ્મણે પહેલાં એક વરરાજાને બોલાવ્યો.

સાધુની આજ્ઞાથી ઓરડાનું તાળું ખોલવામાં આવ્યું. બધા લોકો તદ્દન એકસરખી ચાર છોકરીઓ જોઈ સ્તબ્ધ થઈ ગયા. એમાંથી એક છોકરીને બહાર લાવી એનાં લગ્ન વિધિસર પહેલા વરરાજાની સાથે કરવામાં આવ્યાં. એ પ્રમાણે વારાફરતી બાકીની ત્રણે કન્યાનાં લગ્ન પણ બાકીના ત્રણ વરરાજા સાથે કરવામાં આવ્યાં. બ્રાહ્મણે ચારે જાનની બરાબર આગતા-સ્વાગતા કરી અને સવારે ચારે જાનને વિદાય કરી. ચારે વરરાજા ખુશમાં હતા અને ચારેના ચહેરા ઉપર જીતનો આનંદ હતો. દરેક વરરાજા એમ માનતો હતો કે બ્રાહ્મણે એની કન્યાનાં લગ્ન એની સાથે કર્યાં અને બાકીના ત્રણને ખાલી હાથે વળાવ્યા. એ લોકને એટલી ચોક્કસ



બ્રાહ્મણે પહેલાં એક વરરાજાને બોલાવ્યા.

ખબર હતી કે બ્રાહ્મણને કન્યા એક જ હતી અને અકસ્માત કંઈ ભૂલને લીધે જાન ચાર આવી હતી.

ચારે છોકરીઓને સાસરે સિધાવ્યાને ઘણો વખત વીતી ગયો એટલે બ્રાહ્મણને મનમાં થયું કે, " છોકરીઓ સાસરામાં કેવી રીતે રહે છે તે લાવ જોઈ તો આવું."

પહેલાં એ કૂતરીના બચ્ચામાંથી બનાવેલી છોકરીને ઘેર ગયો. વેવાઈએ એનું સારી રીતે સ્વાગત કરી કહ્યું, " પંડિતજી, અમે તમારા ઘણા આભારી છીએ. તમે બીજા ત્રણ વરરાજાને ધુતકારી કાઢી મારા પુત્ર સાથે તમારી કન્યાનાં લગ્ન કર્યાં, એ માટે હું મારી જાતને ધન્ય માનું છું. તુમારી કન્યા પણ ઘણી લાયક છે. ઘરનું બધું કામકાજ કરી લે છે. પરંતુ એનામાં થોડો દુર્ગુણ છે. વગર કામની એ બધા સાથે લડે છે. ઘણી વાર ઘરમાં બધી ચીજ હોવા છતાં પડોસીને ત્યાં એ ચીજ માગવા જાય છે. સવાર થતાં જ એ દસ ઘર ભટકે નહિ ત્યાં સુધી એને જંપ ન વળે. અમે એને કેટલી વાર કહ્યું કે તું આ ઘેર ઘેર


ભટકવાનું બંધ કરી પણ એ એની ટેવ છોડતી નથી. બ્રાહ્મણે એક ઊંડો શ્વાસ લઈ મનમાં કહ્યું, "આખરે કૂતરીની જ જાતને!"

હવે એ ડુક્કરના બચ્ચામાંથી બનાવેલી છોકરીને ત્યાં ગયો. ત્યાં પણ વેવાઈએ એને ઘણાં માનપાન આપ્યાં. "પંડિતજી, તમે ત્રણ વેવાઈનું અપમાન કરી મારે ત્યાં તમારી કન્યા આપી તે માટે હું તમારો ઘણો આભારી છું. તમારી કન્યા પણ ઘણી લાયક છે. પરંતુ તમારી કન્યામાં એક ખામી છે. એ ખૂબ ગંદી છે. સુંદરમાં સુંદર કપડાંને બે દિવસમાં મેલાં દાટ કરી નાખે છે. એને ખાતાં પણ બરાબર નથી આવડતું. ચાંદીની થાળીમાં પીરસેલી અલગ અલગ વસ્તુઓને ભેગી કરી દઈ હાથથી ચાટે છે. જ્યારે મન થાય ત્યારે ખાવા બેસી જાય છે. ઘરમાં કોઈ પણ ખાવાની ચીજ છોડે નહિ. રસ્તા ઉપર કોઈ વેચવાવાળો નીકળે તો તેને બોલાવી પૂરીપકોડી ભેળ ખાઈ લે. ટૂંકમાં કહું તો એનું પેટ ડુક્કર જેવું છે. અને ગંદી પણ એટલી જ છે." બ્રાહ્મણ મનમાંને મનમાં ગણગણ્યો. "આખરે ડુક્કરની જણેલી ને!"

ત્યાર બાદ એ ગધેડીના બચ્ચામાંથી બનેલી છોકરીને ત્યાં ગયો. અહીં પણ આગલા બે વેવાઈઓની માફક વેવાઈએ એને ઘણું માન આપ્યું. વેવાઈએ છોકરીની પ્રશંસા પણ કરી અને કહ્યું, "તમારી છોકરી ઘણી સીધી, સાદી, ભોળી છે. બીચારી આખો દિવસ કામમાંથી પરવારતી નથી. ગમે તે કામ સોંપો એ કદી મોંમાંથી "ના" નથી ભણતી. પણ ઠંડી માટલા જેવી. ગમે એટલું અગત્યનું જલદી પતાવવાનું કામ હોય પણ એક કલાકના ચાર કલાક કરવાની. જ્યારે જલદી કરવાનું કહીએ ત્યારે કામમાં કોઈ ભલીવાર ન હોય. કોઈ કોઈ વાર કામ કરતી વખતે જો પડોશણ સાથે વાતે વળગી તો કામ કામની જગ્યાએ પડ્યું રહે. એટલી આળસુ કે રાંધતાં રાંધતાં ઊંઘી જાય. ધાક-મારની એની ઉપર કોઈ અસર નહિ. બુદ્ધિ તો ભગવાન આપવી જ ભૂલી ગયો લાગે છે! કેટલીય વાર એક વાત સમજાવો તોયે મગજમાં ઊતરે નહિ. છોકરાં કોઈ કોઈ વાર એને ગધેડીની જણેલી કહી દે." બ્રાહ્મણ મનમાં બબડ્યો, "એ મારી છોકરી હોય તો ને? બરાબર છે, ગધેડીની જ જણેલી ને!"

છેવટે એ [illegible] એની મહેમાનગીરી બરાબર કરવામાં આવી. વેવાઈએ એની તેમ જ છોકરીની ખૂબ પ્રશંસા કરી, “ભાઈશ્રી, તમારી છોકરી ખરેખર ખૂબ શાણી અને ગુણવતી છે. જે દિવસે એણે અમારા ઘરમાં પગ મૂક્યો તે દિવસથી અમારી ગરીબાઈ ગઈ. વહેલી સવારે ઊઠી એ ઘરનું વાસીદું વાળી, નહાઈધોઈ પૂજાપાઠ કરે છે. નવરાશના વખતમાં રામાયણભાગવત વાંચે છે. નાટકતમાશા એને ગમતાં નથી. સાસુ, સસરા, અન્ય વડીલોની સેવા આનંદથી કરે છે. એની રહેણીકરણી, વાણી બહુ જ સુંદર છે. ઘરનાં, બહારનાં બધાં જ એની ઉપર ખુશ છે. ઘરની સઘળી ચીજોની એ દરકાર રાખે છે. નકામો ખર્ચ થવા નથી દેતી. જે ચીજની જરૂર લાગે તે જ મંગાવે છે. નકામી ચીજોને એકઠી નથી કરતી. પોતાને માટે હજુ સુધી કોઈ દિવસ લૂગડું લાવવાનું પણ એણે કહ્યું નથી. જ્યારે અમે એને માટે ખરીદી લાવીએ ત્યારે કહે છે, “અત્યારે આના વગર નહોતું ચાલતું?” ઘરેણાં તો પહેરતી જ નથી. પોતાના “સૌભાગ્ય”ને જ પોતાનું ઘરેણું માને છે. એનાં ગુણગાન કરવાના મારી પાસે પૂરતા શબ્દો નથી. એ તો ખરેખર દેવી છે. બ્રાહ્મણ મનમાં ગણગણ્યો, “આખરે સ્ત્રીની જણેલી ને!”

ખુશ થતો થતો એ ઘેર પાછો આવ્યો.





બુધુવા એક છલંગ મારી રાજાના ખોળામા જઈ બેઠો.

કલાવતી

(બંગાળની લોકકથા)

મન્મથનાથ ગુપ્ત

એક રાજા હતો. એને સાત રાણીઓ હતી. રાજાનું રાજ્ય ઘણું મોટું હતું. હાથીખાનામાં હાથી, ઘોડારમાં ઘોડા અને ભંડારમાં મોતી તથા રત્નનો તોટો ન હતો. કોઈ વાતની રાજાને મણા ન હતી. માત્ર એક વાતની રાજાને ખોટ હતી. સાત સાત રાણી હોવા છતાં રાજાને એકે દીકરો ન હતો.

એક દિવસ સાતે રાણીઓ તળાવ પર નહાતી હતી. ત્યાં તળાવને કિનારે એક સાધુ આવ્યો. મોટી રાણીના હાથમાં એક જડીબુટ્ટી આપી એણે કહ્યું, "આને ઓરસિયા પર વાટી સાતે જણ ખાજો. દરેકને એક એક પુત્ર અવતરશે."


બધી રાણીઓ રાજી રાજી થઈ ગઈ! રાણીઓએ નક્કી કર્યું કે બધું કામકાજ આજે જાતે કરીશું અને પરવારીને જડીબુટ્ટી ખાઈશું. એટલે કોઈ રાંધવા, કોઈ શાક કાપવા, કોઈ મસાલો વાટવા બેસી ગઈ. સાધુએ આપેલી જડીબુટ્ટી મોટી રાણી પાસે હતી. એણે પાંચમી રાણીને જડીબુટ્ટી આપી કહ્યું, "એને વાટી નાખ, આપણે થોડી થોડી ખાઈએ." પાંચમીએ થોડી પોતે ખાધી, પછી મોટી રાણીને આપી. એણે પણ થોડી ખાધી. આમ વહેંચતાં વહેંચતાં જડીબુટ્ટી ખવાઈ ગઈ. સૌથી નાની રાણી જે બહાર માછલી કાપતી હતી એ જડીબુટ્ટી ખાવામાંથી લટકી ગઈ. આ વાતની ખબર પડતાં જ એ ચક્કર ખાઈને ગબડી પડી. રાણીઓ એક-બીજાનો વાંક કાઢવા લાગી. છેવટે એક રાણી બોલી, "એને ઓરસિયો ધોવડાવી પીવડાવો. એક રાણી તો વાડકીમાં વળગેલી જડીબુટ્ટી પણ ધોઈ પી ચૂકી હતી. ભગવાનની ઇચ્છા હશે તો એને પણ છોકરો અવતરશે."

હવે શું થાય? નાની રાણીએ ઓરસિયો ધોઈ પાણી પી લીધું. પૂરા દસ મહિના દસ દિવસ રહીને પાંચ રાણીઓને છોકરા આવ્યા. જેણે વાડકી ધોઈ પીધેલી એને ઘુવડ અવતર્યો અને નાનીને વાંદરો. પાંચે રાણીઓના દરવાજે ખુશીનાં નગારાં વાગ્યાં. અને બાકીની રાણીઓને ત્યાં રડારોળ થઈ. રાજાએ પાંચ રાણીઓને વહાલી કીધી. માનપાન આપ્યાં. બાકીની બેને અકારી કીધી અને રાણીવાસમાંથી કાઢી મૂકી. છઠ્ઠી રાણી કબૂતરખાનામાં નોકરડી તરીકે રહી અને નાની રાણી છાણાં વીણતી વીણતી ખૂબ દુઃખમાં જિંદગી વીતાવવા લાગી!

ધીરે ધીરે રાજકુમારો મોટા થયા. ઘુવડ અને વાંદરો પણ મોટા થયા. પાંચ કુમારનાં નામ હતાં,—હીરાકુમાર, માણેકકુમાર, મોતીકુમાર, પોખરાજકુમાર અને કાંચનકુમાર. ઘુવડનું નામ પાડ્યું ભુતુવા અને વાંદરાનું બુધુવા.

પાંચે રાજકુમારો ખૂબ તેજસ્વી ઘોડા ઉપર ફર્યા કરતા. એમની તહેનાતમાં સિપાઈઓ તેમ જ અન્ય નોકરો રહેતા. ભુતુવા અને બુધુવા બકુલના ઝાડ ઉપર રહેતા હતા.

પાંચે રાજકુમારો મારફાડ, ભાંગફોડ કરતા. લોકને ખૂબ હેરાન કરતા. ઘુઘુવા માને છાણુ ભેગું કરવા લાગતો અને ભુતુવા કબૂતરખાનામાં પક્ષીઓને દાણા ખવડાવતો.



પાંચે રાજકુમારો ખૂબ તેજસ્વી ઘોડા ઉપર ફર્યા કરતા. ભુતુવા અને ઘુઘુવા બકુલના ઝાડ ઉપર રહેતા હતા.

એક વાર પાંચે રાજકુમાર ફરવા નીકળ્યા. એમણે ઝાડ ઉપર ઘુઘુવા, ભુતુવાને જોયા. બસ, એમણે હુકમ છોડ્યો કે બંનેને પકડવામાં આવે. થોડી વારમાં બંને જાળના બનાવેલા ફાંસામાં પકડાઈ ગયા. બંનેને પીંજરામાં પૂરી રાજમહેલમાં લાવવામાં આવ્યા. ભુતુવા અને ઘુઘુવા મહેલ જોઈ ગાંડાઘેલા થઈ ગયા! બંનેએ રાજકુમારોને કહ્યું, “અમને પકડીને લાવ્યા તો અમારી માને પણ અહીં લઈ આવો.” કુમારોએ પૂછ્યું, “તમારી માતાઓ ક્યાં છે?”

એટલે બંનેએ પોતપોતાની માના હાલ કહ્યા. ત્યારે કુમારો બોલ્યા, “માણસમાંથી કદી વાંદરો અને ઘુવડ પેદા થતા હશે?” બધા હસવા લાગ્યા!

પરંતુ એક સિપાઈએ આ બંને રાણીઓની વાત કરી અને કહ્યું કે એ બંને એ રાણીઓના જ પુત્ર છે. આ સાંભળી રાજકુમારોએ એ બંને બદનસીબોને તરત જ રાજમહેલમાંથી બહાર કાઢી મૂકવાનો હુકમ કર્યો.

એક દિવસ સોનાના ઢોલિયા ઉપર બેસી, ચાંદીની માંચી ઉપર પગ રાખી, પાંચે રાણીઓ વાળ ઓળતી હતી. એક દાસીએ ત્યાં આવી ખબર આપી કે નદીને કિનારે એક મેનાપંખી નામનું વહાણ આવ્યું છે. એમાં શઢના વાંસ ચાંદીના અને સુકાન હીરાનું છે. એ વહાણમાં વાદળી રંગના વાળવાળી એક છોકરી સોનાના પોપટ સાથે વાત કરે છે. તરત જ બધી

રાણીઓ આ છોકરીને જોવા નદીકિનારે દોડી. એટલામાં તો પોપટ લંગર કાઢી વહાણ હંકારી ગયો હતો. વહાણમાંથી વાદળી રંગના વાળવાળી છોકરીએ કહ્યું, "મોતીનાં ફળ અને ફૂલવાળો દેશ મારો. ત્યાં તમારા છોકરાઓને મોકલજો."

વહાણ વધારે આગળ નીકળી ગયું. ફરી પાછી એ છોકરી બોલી, "જે છોકરો મોતીનું ફૂલ લાવશે તેની હું દાસી બનીને રહીશ."

"મેનાપંખી" વહાણ ચાલ્યું ગયું. રાણીઓએ રાજકુમારોને ખબર આપી. રાજકુમારો ઘોડા ઉપર સવાર થઈ આવ્યા. રાજાએ પણ સઘળી વાત સાંભળી. પછી એમણે "મોરપંખી" વહાણો તૈયાર કરવા હુકમ આપ્યો. આ બાબતની ચર્ચા માટે ખાસ દરબાર બોલાવવામાં આવ્યો. ભુતુવા અને બુધુવા પણ દરબારમાં ગયા. બુધુવા એક છલાંગ મારી રાજાના ખોળામાં જઈ બેઠો અને ઘુવડ રાજાના ખભા ઉપર બેઠું. દરબારમાં કોલાહલ મચ્યો. બધા લોક નાસભાગ કરવા લાગ્યા. બુધુવા અને ભુતુવાએ રાજાને "પિતાજી" કહી બોલાવ્યા. રાજાની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. રાજા બંનેને લઈ દરબાર છોડી ગયો.

પાંચ ધજા ફરકાવતાં પાંચ "મોરપંખી" વહાણ નદીને કિનારે આવ્યાં. રાણીઓએ રાજકુમારોને ઠાઠમાઠથી વહાણમાં બેસાડયાં. રાજા પણ બુધુવાભુતુવાને લઈને આવ્યો. એટલે બુધુવાભુતુવા કહેવા લાગ્યા કે એ બંનેને પણ "મોરપંખી" વહાણ જોઈએ. રાણીઓએ આ વાત સાંભળી બંનેને એક એક તમાચો ચોઢી કાઢયો. બંને રાજાના હાથમાંથી નીચે ગબડી પડયા. રાજા ટગર ટગર જોતો રહ્યો! કશું બોલી ન શકયો. રાણીઓની સામે એનું મોં ખૂલ્યું નહિ.

રાજા અને રાણીઓ ચાલ્યાં ગયાં ત્યારે બુધુવાએ ભુતુવાને કહ્યું, "ભાઈ, હવે શું કરીએ?"

ભુતુવા બોલ્યો, "મને તો કંઈ સૂઝતું નથી." બુધુવા બોલ્યો, "ચાલ સુથારને ત્યાં."

બીજી તરફ બુધુવાભુતુવાની માતાઓ રડી રડીને દિવસો ગાળવા લાગી. એમણે સાંભળ્યું કે પાંચે રાજકુમારો "મોરપંખી" લઈ ગયા.

એટલે એ વધારે રડવા લાગી. પછી બંનેએ નદી પર જઈ સોપારીના ઝાડની બે નાની હોડકી નદીમાં નાખી. બંનેની ઇચ્છા હતી કે એમના છોકરા પણ "મોરપંખી" વહાણમાં બેસીને જાય. ભુતુવા અને બુધુવા હોડી કરાવવા સુથારને ત્યાં જતા હતા એટલામાં બંનેએ નદીમાં આ સોપારીના ઝાડની હોડી જોઈ. બંને બોલ્યા, "આ તો બહુ સારું થયું. ચાલો આ હોડીમાં જ જઈએ."

રાજકુમારોનાં "મોરપંખી" વહાણ ત્રણ ડોસીઓના રાજ્યમાં પહોંચ્યાં. તરત જ ત્રણ ડોસાસિપાઈઓએ "મોરપંખી"ને રોક્યાં. રાજકુમારો, એમના નોકરો, ખલાસીઓને થેલામાં ભરી ડોસીઓ પાસે લઈ ગયા. ડોસીઓ વગર પાણીએ રાજકુમારોને ગળી ગઈ, અને ઊંઘી ગઈ. મોડી રાતે રાજકુમારો એકબીજા સાથે વાત કરવા લાગ્યા: "આ તો આખી જિંદગી ડોસીના પેટમાં કેદ પૂરાયા! હવે ન તો દેશ પાછા ફરવાના કે માને મળી શકવાના."

એ લોક આમ વાત કરતા હતા એટલામાં બહારથી અવાજ સંભળાયો, "ભાઈ, ભાઈ." પેટમાંથી રાજકુમારો બોલ્યા: "અમે પેટમાં છીએ." બહારથી અવાજ આવ્યો: "કોઈ ગભરાશો નહિ. હું ડોસીના નસકોરામાં પૂંછડું ઘાલું છું, તમે પૂંછડું પકડી બહાર નીકળી આવો."

રાજકુમારોએ એ પ્રમાણે કર્યું. બહાર નીકળીને બુધુવાભુતુવાને જોયા. બંનેએ કહ્યું, "ગરબડ ન કરો. તલવારથી ડોસીઓનાં ડોકાં ઉડાવી દો." એ પ્રમાણે કરી રાજકુમારો "મોરપંખી" વહાણમાં બેસી ચાલી નીકળ્યા. કોઈએ બુધુવાભુતુવાને કાંઈ પૂછ્યું પણ નહિ.

"મોરપંખી" વહાણો આખી રાત નદીમાં ચાલી સવારે લાલ નદીનાં પાણીમાં દાખલ થયાં. લાલ નદીનો કોઈ કિનારો દેખાતો ન હતો. એટલે ખલાસી રસ્તો ભૂલ્યા. એટલે મોરપંખી સમુદ્રમાં ખેંચાવા લાગ્યાં. ખલાસી "હાય! હાય!" કરવા લાગ્યા. સાત દિવસ અને સાત રાત "મોરપંખી" વહાણો સમુદ્રમાં તરતાં રહ્યાં. હવે પાંચે મોરપંખી ડૂબવાની અણી પર હતાં. કુમારો ત્યારે બુધુવાભુતુવાને સંભારવા લાગ્યા. યાદ કરતાં જ એ બંને આવ્યા. પોતાની સોપારીની હોડીઓ મોરપંખીની

સાથે બાંધી કુમારોની પાસે આવી ખલાસીને કહેવા લાગ્યા, "ઉત્તર તરફ હંકારો."

થોડી જ વારમાં "મોરપંખી" એવી નદીમાં તરવા લાગ્યાં, કે જેને બંને કિનારે તરેહતરેહનાં ફળફૂલનાં ઝાડ હતાં. કેટલા દિવસના ભૂખ્યા કુમારો તથા ખલાસી ખાઈપીને શાંત થયા. હવે ધરાયેલા રાજકુમારો બોલ્યા, "વાંદરા અને ઘુવડને લીધે શુકન સારા નહિ થાય. એ બંનેને પાણીમાં ફેંકી દો. એમનાં હોડકાં પણ તોડી નાખો."

થોડે દૂર જતાં અચાનક "મોરપંખી" વહાણ ડૂબી ગયાં. કોઈનું નામ નિશાન ન રહ્યું. થોડી વારમાં બુધુવાભુતુવાની હોડીઓ આવી. બુધુવા બોલ્યો, "મારું દિલ કહે છે કે અહીં આપણા ભાઈ મુસીબતમાં આવી પડ્યા છે. ડૂબકી લગાવીને જોઉં."

ભુતુવા બોલ્યો, "મરવા દેને એ લોકને. મને તો જરા એમને માટે દુઃખ થતું નથી."

બુધુવા બોલ્યો, "એવી વાત આપણને ન શોભે. હું કેડમાં દોરડું બાંધી પાણીમાં ઊતરું છું. જ્યારે દોરડું ખેંચું ત્યારે તું દોરડું ઉપર ખેંચી લેજે." એમ કહી બુધુવાએ પાણીમાં ડૂબકી મારી. ભુતુવા બહાર હોડીમાં બેઠો.

બુધુવા પાતાળમાં પહોંચ્યો ત્યાં એક મોટી સુરંગ હતી. બુધુવા સુરંગમાં દાખલ થયો. ત્યાં એક રાજમહેલ જોયો. શું સુંદર એ રાજમહેલ હતો! ત્યાં કોઈ માણસ દેખાયા નહિ. ત્યાં એક સો વર્ષની ડોસી બેઠી બેઠી ફાટ્યાતૂટ્યા ચૂંથામાંથી ગોદડી સીવતી હતી. બુધુવાને જોતાં જ એણે ગોદડી એની ઉપર ફેંકી. તરત જ હજારો સિપાઈ આવી બુધુવાને બાંધીને રાજમહેલમાં લઈ ગયા. ત્યાં એણે કુમારોને જોયા. બુધુવાએ પણ એ લોકને જોયા.

બીજે દિવસે બુધુવા મરેલા જેવો દેખાયો. એટલે દાસીઓએ એને ઉઠાવીને ફેંકી દીધો. બુધુવા કંઈ મરી થોડો ગયો હતો! મરી ગયાનો ઢોંગ કરતો હતો! આમતેમ નજર દોડાવી બુધુવાએ જોયું કે રાજમહેલના ત્રીજે માળે વાદળી રંગના વાળવાળી રાજકુમારી સોનાના પોપટ સાથે વાત

કરતી હતી. બુધુવા એક ઝાડ ઉપરથી કૂદીને છત ઉપર પહોંચ્યો. તે વખતે રાજકુમારી સોનાના પોપટને કહેતી હતી, "હે સોનાના પોપટ, સદના ચાંદીના વાંસ અને હીરાનું સુકાન નકામાં ગયાં. કોઈ આવ્યું નહિ."

રાજકુમારીના વાળમાં મોતીનું ફૂલ હતું. બુધુવાએ ધીરે રહી એ ફૂલ લઈ લીધું. પોપટે રાજકુમારીને કહ્યું, "જો! જો! ક્યાં છે તારું ફૂલ?"

રાજકુમારીએ વાળમાં હાથ નાખી જોયું તો ત્યાં ફૂલ ન હતું. ત્યારે પોપટ બોલ્યો, "તારો વર આવી પહોંચ્યો. કલાવતીએ પાછી વળી જોયું તો વાંદરો જોઈ દુઃખની મારી તમ્મર ખાઈ નીચે પડી. રાજકુમારી શું કરે? એણે જે શરત રાખી હતી તે પૂરી થઈ હતી. એટલે બુધુવાને પતિ બનાવવો જ રહ્યો. ભાન આવતાં એણે વાંદરાના ગળામાં વરમાળા પહેરાવી. ત્યારે બુધુવાએ હસીને પૂછ્યું, "રાજકુમારી, તું કોની?" રાજકુમારી બોલી, "પહેલાં હું મારા માબાપની હતી. પછી હું મારી પોતાની બની. હવે હું તારી છું."

બુધુવા બોલ્યો, "જો એમ જ હોય તો તું મારા ભાઈઓને છોડી મૂક. હવે મારી સાથે ઘેર ચાલ. ત્યાં મારી માતાઓ તારી રાહ જોતી હશે. રાજકુમારી બોલી, "તું મને આમ નહિ લઈ જઈ શકે. હું આ ડબ્બીમાં બેસી જાઉં. ડબ્બીમાં બેસાડી તું મને તારી સાથે લઈ જા."

બુધુવાએ એ પ્રમાણે કર્યું. એટલામાં પોપટે નગારું વગાડ્યું કે તરત બજાર બની ગયું. રાજકુમારીવાળી ડબ્બી દુકાનદારોના ડબ્બામાં ખોવાઈ ગઈ.

બુધુવાને તમાશો ઘણો ગમ્યો. એણે નગારું વગાડ્યું. જમણી બાજુ નગારું ઠોકતો તો બજાર બનતું. ડાબી બાજુ ઠોકતો તો બજાર અલોપ થઈ જતું. બસ, બુધુવાએ પોતાના વાંદરસ્વભાવ પ્રમાણે એક વાર જમણી તરફ અને એકવાર ડાબી તરફ વગાડ્યા કર્યું. કંઈ કેટલીય વાર બજાર બન્યાં અને અદૃશ્ય થઈ ગયાં. દુકાનદારો માલ ગોઠવતાં ને પાછા બંધ કરતાં થાકી ગયા. ત્યારે એ લોકોએ બુધુવાને ડબ્બી પાછી આપી પ્રણામ કર્યાં.

બુધુવાએ ડબ્બી લીધી. સાથે સાથે નગારું પણ લઈ લીધું. રાજકુમારીએ ડબ્બીમાંથી બહાર નીકળી કહ્યું, "ભૂખ લાગી છે. ઝાડ ઉપરથી ફળ લઈ આવ." બુધુવા ફળ લેવા ગયો. ફળ તો એવાં સુંદર, મન લોભાવે એવાં હતાં. પણ ઝાડની નીચે મોટો અજગર ફૂંફૂં કરતો હતો. બુધુવાએ એક દોરી કાઢી. પોતાની કેડે દોરી બાંધી. કંઈ કેટલી વાર ઝાડ ફરતા આંટા માર્યા. પછી કસકસીને દોરી ખેંચી. માંજાવાળી દોરીને લીધે અજગરના ટુકડે ટુકડા થઈ ગયા. ત્યાર પછી બુધુવા ફળ લઈ આવ્યો. બુધુવાએ પોતાના પાંચે ભાઈઓનાં શરીર એમના લશ્કર સામાન સાથે બાંધી લીધાં. ડોસીની ગોદડી પણ ઝૂંટવી લીધી. અને પોતાની કેડ ઉપરનું બાંધેલું દોરડું ખેંચ્યું. ભુતુવાએ બુધુવાને ઉપર ખેંચી લીધો. બધા લોક ઉપર આવી ગયા. ખલાસીઓએ "મોરપંખી" હંકારવા માંડયાં.

બુધુવા "મોરપંખીની" ધાર ઉપર જઈને બેઠો. ભુતુવા સઢના વાંસ ઉપર બેઠો. બુધુવા બેઠો બેઠો ડબ્બીની અંદર કોઈની સાથે વાત કરતો હતો. વહાણમાંના ખલાસીઓએ પાંચે રાજકુમારોને આ ખબર આપી. રાજકુમારોએ કહ્યું, "એમ છે ત્યારે."

મધરાતે બધા જ્યારે ભરઊંઘમાં પડ્યા ત્યારે રાજકુમારોએ બુધુવાની ડબ્બી ચોરી લીધી અને એને નગારા તથા ગોદડી સાથે પાણીમાં ફેંકી દીધી. ભુતુવાને એક તીર મારી પાણીમાં ફેંકી દીધો. પછી ડબ્બીમાંથી રાજકુમારીને કાઢી રાજકુમારોએ પૂછ્યું, "હવે બતાવ, તું કોની?" રાજકુમારી બોલી, "જેનું નગારું તેની હું." રાજકુમારોએ એને "મોરપંખી"ની એક કોટડીમાં પૂરી દીધી. "મોરપંખી" આવી નદીને કિનારે લાંગર્યું. રાજા, રાણી, પ્રજા બધા રાજકુમારોને મળવા આવ્યા. લોકોને ખબર પડી કે વાદળી રંગના વાળવાળી રાજકુમારીને પણ સાથે લાવવામાં આવી છે. રાણીઓએ વિધિપૂર્વક અનાજ દૂધ વડે પૂજા કરી, આશીર્વાદ આપી રાજકુમારીનું સ્વાગત કર્યું. રાણીઓએ પૂછ્યું, રાજકુમારી તું કોની?" રાજકુમારી બોલી, "જેનું નગારું તેની હું." એકેક કરતાં બધા રાજકુમારોનાં નામ લઈ રાણીઓએ પૂછ્યું, "તું આની છે?" ત્યારે રાજકુમારીએ પાંચે વાર "ના" માં જવાબ આપ્યો, ત્યારે રાણીઓ ખિજવાઈને બોલી. "અમે તને વાઢી નાખીશું."


રાજકુમારી બોલી, "મારે એક મહિનાનું વ્રત છે. એ પૂરું થઈ જાય પછી તમારે જેમ કરવું હોય તેમ કરજો."

ભુતુવાબુધુવાની માતાઓ એક દિવસ દુઃખથી હારી જઈ નદીમાં ડૂબવા તૈયાર થઈ. એટલામાં ભુતુવાબુધુવા "મા" "મા" કરતા આવ્યા. બીજે જ દિવસે એ લોકની ઝૂંપડીની પાસે નગારું ઠોકતાં એક મોટું બજાર મંડાયું. દરેક ઝાડ ઉપર મન લોભાવે એવાં ફળ લટકતાં હતાં. હજારો સિપાઈઓ પહેરો ભરતા હતા. રાજાને કાને વાત પહોંચી. આ બાજુ કલાવતીનું વ્રત પણ પૂરું થઈ ગયું. એ બોલી, "હવે મને મારવી હોય તો મારો, કાપવી હોય તો કાપો." રાજાની આંખ ઊઘડી. એણે છઠ્ઠી તથા નાની રાણીને વાજતે ગાજતે રાજમહેલમાં બોલાવી. પાંચે રાણીઓએ દરવાજા બંધ કરી દીધા. રાજકુમારી કલાવતીએ એ બંનેનું સ્વાગત કર્યું.

બીજે દિવસે ધામધૂમથી બુધુવાની સાથે કલાવતીને પરણાવવામાં આવી. ભુતુવાને માટે પણ હીરાવતી રાજકુમારી મળી ગઈ. ન તો પાંચ રાણીઓએ કે રાજકુમારોએ દરવાજા ખોલ્યા. રાજાએ એ લોકના દરવાજા બહારથી કાંટા, મટોડું લગાવી બંધ કરાવી દીધા.

એક દિવસ રાતે વાદળી રંગના વાળવાળી રાજકુમારી તથા હીરાવતી ઊંઘતાં હતાં. અચાનક જાગીને જોયું તો બંનેના પલંગ ઉપર વાંદરા અને ઘુવડની ખાલ પડી હતી. બંને રાજકુમારીઓએ વાંકા વળી બહાર જોયું તો બે સુંદર રાજકુમાર રાજમહેલનો પહેરો ભરતા હતા. ત્યારે બંનેએ મસલત કરી ખાલ સળગાવી દીધી. ખાલના બળવાની વાસ આવતાં બંને રાજકુમારો દોડીને અંદર આવ્યા, "તમે બંનેએ આ શું કર્યું?" રાજકુમારીઓ બોલી, "અમે બરાબર કર્યું છે."

રાજાના આનંદનો પાર ન રહ્યો. બુધુવાનું નામ બુદ્ધકુમાર અને ભુતુવાનું નામ રૂપકુમાર પડ્યું. સૌ સુખચેન અને આનંદથી રહેવા લાગ્યા.



ઘોડો જોરથી આકાશ તરફ ઊડયો. ઘોડા સાથે રાજકુમાર પણ ઊડયા.

લાકડાનો ઘોડો

(સૌરાષ્ટ્રની લોકકથા)


શચીરાની ગુર્ટૂ

પાટણ શહેરમાં કપૂરસિંહ નામનો એક રાજા રાજ્ય કરતો હતો. લગ્નને ઘણાં વર્ષ વીતી ગયાં. પણ રાજાને ત્યાં કંઈ સંતાન ન હતું. એટલે બ્રાહ્મણો અને પંડિતોના કહેવાથી એણે ભગવાન શંકરની ભક્તિ કરવા માંડી. શંકરની કૃપાથી થોડા જ વખતમાં રાણીને એક રૂપાળો કુંવર અવતર્યો. સાતમે વર્ષે કુંવરને એક નિશાળમાં ભણવા મૂક્યો. ત્યાં રાજકુમારને એક સુથારના છોકરા સાથે ગાઢ દોસ્તી બંધાઈ. બંને મિત્રોને એકબીજા માટે એટલો પ્રેમ હતો કે રાજા અને દરબારીઓને ચિંતા થવા લાગી. એ લોક આ બંનેને કોઈ પણ રીતે અલગ કરવા માગતા હતા. પરંતુ રાજકુમાર કોઈની વાત સાંભળતો નહિ. એણે બધાને સાફ સંભળાવી દીધું હતું કે કોઈ મારા મિત્રનું અપમાન કરશે કે એને

કોઈ પણ રીતે નારાજ કરશે તો હું મારો જાન કુરબાન કરીશ. આખરે સુથારના છોકરાએ જ પોતે અક્કલ દોડાવી રાજકુમારથી છૂટા થવા માટે એક યુક્તિ વિચારી. રાજકુમારની રજા લઈ એ સુથારી કામ શીખવા કોઈ દૂરના ગામમાં ચાલ્યો ગયો. રાજકુમાર ઘણો નિરાશ થયો. પરંતુ પોતાના મિત્રની ભલાઈનો ખ્યાલ કરી એને જવાની રજા આપી. છૂટા પડતાં એણે સુથારના છોકરા પાસે પ્રતિજ્ઞા કરાવી કે જ્યારે એ પાછો આવે ત્યારે પોતાને માટે કોઈ નવીન વસ્તુ જરૂર લઈ આવે.

સુથારનો છોકરો કોઈ સારા ગુરુની શોધમાં આમતેમ ખૂબ ભટક્યો. દૂર દૂર નદીની પેલે પાર કંઈ કેટલાં ગામો અને શહેરો વટાવી એ એક શહેરમાં આવ્યો. ત્યાં એને એક ઘણો મોટો શિલ્પી મળ્યો. શિલ્પીએ ખૂબ મમતાથી સુથારના છોકરાને પોતાને ઘેર રાખ્યો અને ધંધો શીખવવા માંડ્યો. આઠ વર્ષની સખત મહેનત બાદ એ એક હોશિયાર કારીગર બન્યો. શિલ્પીએ એક દિવસ એને કહ્યું, "હવે તું તારે ઘેર જઈ ધન અને કીર્તિ મેળવ." સુથારના છોકરાએ જવાબ આપ્યો, "હું મારા પ્રિય મિત્ર રાજકુમારને માટે કોઈ આશ્ચર્યજનક ચીજ લીધા સિવાય મારા શહેરમાં કેવી રીતે જાઉં?" શિલ્પી એને તરત ગોદામમાં લઈ ગયો. એણે એને એક સુંદર લાકડાનો ઊડી શકે એવો ઘોડો આપ્યો. ફેરવી શકાય એવી પેચોની મદદથી ઘોડો આકાશમાં ઊડી શકતો. શિલ્પીએ ઘોડાને ઉડાવવાની તથા આકાશમાંથી પાછો નીચે ઉતારવાની રીત એને સમજાવી. શિલ્પીનો આભાર માની, ઘોડો લઈ સુથારનો છોકરો ખુશ થતો થતો, પોતાના શહેરમાં આવ્યો. શહેરમાં લોકોએ એનું ખૂબ ભભકાભેર સ્વાગત કર્યું.

સુથારના છોકરાએ પોતાના મિત્ર રાજકુમારને પેલો જાદુઈ ઘોડો બતાવ્યો. બીજે દિવસે સવારે ઘોડાની પરીક્ષા કરવા બંને બાગમાં ગયા. રાજકુમાર ઘોડાની પીઠ ઉપર બેસી એનું બારીકાઈથી નિરીક્ષણ કરવા લાગ્યો. કોણ જાણે ક્યારે અકસ્માત એની આંગળી પેચને લાગી. ઘોડો જોરથી આકાશ તરફ ઊડ્યો. ઘોડા સાથે રાજકુમાર પણ ઊડ્યો. સુથારનો છોકરો હેબતાઈ ગયો! આકાશમાં ટગર ટગર જોતો જ રહ્યો!



સુથારનો છોકરો હેબતાઈ ગયો. આકાશ તરફ ટગર ટગર જોતો જ રહ્યો.

થોડી વાર રહીને રાજકુમારની શોધાશોધ થવા માંડી. ચારે તરફ રાજાના માણસો દોડ્યા. સુથારના છોકરાએ બધી વાત કહી. કોઈને એની ઉપર વિશ્વાસ ન બેઠો. એની ઉપર વહેમાઈને એને જેલમાં પૂરવામાં આવ્યો.

આ બાજુ આકાશમાં ઊડતા રાજકુમારે ઘોડાની ઝડપ ઓછી કરવા જાતજાતની કોશિશ કરી. પણ એકે કોશિશ કામ ન આવી. છેવટે એનો હાથ અચાનક એક એવા પેચને લાગ્યો કે ઊડતો ઘોડો અટક્યો અને કનકપુરમાં જઈ ઊતર્યો. જમીન ઉપર ઊતરતાં જ રાજકુમારે નજીકમાં એક સુંદર બાગ જોયો. રાજકુમાર બાગમાં ઘૂસ્યો અને ઝાડની શીતળ છાયામાં ઊંઘી ગયો. બગીચામાં રાજાની માલણ રહેતી હતી. એણે સૂતેલા રાજકુમારને જગાડ્યો. એની દુઃખભરી કથની સાંભળી માલણે એને પોતાનો પુત્ર માની રાખી લીધો. રાજકુમાર સુખશાંતિથી રહેવા

લાગ્યો. [illegible] દાર ફૂલ, ગજરા વગેરે બનાવી લઈ જતી. એક દિવસ રાજકુમારે પોતે એક સુંદર ગજરો ગૂંથી અંદર પોતાની વીંટી છુપાવી. ગજરો રાજકુમારીને માટે મોકલ્યો. રાજકુમારી ગજરો તથા વીંટી જોઈ રાજી રાજી થઈ ગઈ. એ વીંટી મોકલનાર રાજકુમારને જોવા તલપાપડ થઈ ગઈ. એણે રાજકુમારને છાનો-છૂપો મહેલમાં બોલાવ્યો. રાજકુમાર લાકડાના ઘોડા ઉપર બેસી આકાશ-માર્ગે મહેલમાં દાખલ થયો. બંનેએ ચૂપચાપ કોઈને જણાવ્યાકર્યા વગર એકબીજાની સાથે લગ્ન કરી દીધાં.

મહેલમાં રહેતાં રહેતાં હવે રાજકુમારને કંટાળો આવવા લાગ્યો. એટલે એક દિવસ ચૂપચાપ રાજકુમારીને ઘોડા ઉપર બેસાડી એ આકાશમાં ઊડવા લાગ્યો. ઘોડો એક ગાઢ નિર્જન જંગલમાં આવી પહોંચ્યો. રાજકુમારી ઘણી થાકી ગઈ હતી. એને ખૂબ તરસ લાગી હતી. નજીકમાં પાણી મળવું મુશ્કેલ હતું. એટલે રાજકુમાર ઘોડા ઉપર બેસી એને માટે પાણીની તપાસ કરવા લાગ્યો. રાજકુમારી જંગલમાં એકલી જ હતી. જ્યારે રાજકુમાર ઘોડા ઉપર પૂરઝડપે ઊડી રહ્યો હતો, ત્યારે અચાનક એનો ઘોડો એક પર્વતની ટોચ સાથે અથડાઈ નીચે મોટી નદીમાં પડ્યો. આ બાજુ જંગલમાં રાજકુમારી પાણી વગર તરફડિયાં મારતી ભાનભૂલી જેવી થઈ ગઈ, ત્યારે એને એક સુંદર રાજકુમાર અવતર્યો. એ બેભાન થઈ જમીન પર પડી રહી. તરતના જન્મેલા એ બાળકને એક વરુ ઉઠાવી ગયું.

નદીમાં પડેલા રાજકુમારને એક મોટી માછલી ગળી ગઈ. પરંતુ તરત જ એ માછલી એક માછીની જાળમાં ફસાઈ. માછલીને ચીરતાં અંદરથી રાજકુમાર જીવતો નીકળ્યો. રાજકુમારની બુદ્ધિ તથા રૂપથી માછીમારો અંજાઈ ગયા. એમણે પોતાની હોડી, મકાન, માછલીનો વેપાર વગેરે બધું એને સોંપ્યું. ટૂંક વખતમાં રાજકુમાર એક હોશિયાર વેપારી બની ગયો.

આ બાજુ જંગલમાં ઝરમર ઝરમર પડતા વરસાદના છંટકારને લીધે રાજકુમારીને ભાન આવ્યું. જ્યારે એને ખબર પડી કે એકીસાથે પતિ તથા બાળક ગુમાવી બેઠી છે ત્યારે એ દુઃખથી ગાંડા જેવી બની ગઈ. રડતી, કકળતી ને ભૂખતરસને લીધે અકળાતી, એ આમતેમ ભટકવા લાગી. છેવટે એ કોકિલપુર પહોંચી. ત્યાં એક ડાકણ ડોસીએ એને

આશ્રય આપ્યો. ડોસી પાસે ખૂબ પૈસો હતો. એણે એક સરોવરની અંદર પોતાનો મહેલ બંધાવ્યો હતો. રાજકુમારી પોતાના દિવસો એની સાથે ખૂબ સુખમાં પસાર કરવા લાગી. જ્યારે ડોસી મરી ગઈ ત્યારે રાજકુમારી એના પૈસા તથા મહેલની માલિક બની. હવે પહેલાંની માફક ઠસ્સાભેર રહેવા લાગી.

રાજકુમારીનો તરતનો જન્મેલો પુત્ર જેને વરુ ઉઠાવી ગયું હતું તે એક શિકારીરાજાના હાથમાં આવ્યો. રાજાને કોઈ પુત્ર ન હતો. આટલો સુંદર છોકરો મળતાં એનો આનંદ સમાતો ન હતો. એણે પોતાની રાણીને જઈ છોકરો આપ્યો. એનું પાલનપોષણ રાણી પોતાના છોકરાની માફક કરવા લાગી. રાજસી ઠાઠમાઠથી છોકરો મોટો થવા લાગ્યો. ડોસો રાજા મરી જતાં રાણીએ પોતાના પતિની ગાદી ઉપર એને બેસાડ્યો. એ હવે રાજા બન્યો. એક દિવસ રાજા શિકાર કરવા નીકળ્યો. કોકિલપુરના સરોવરમહેલમાં ડોકિયું કરતી રાણી એણે જરાતરા જોઈ. એ રૂપસુંદરીને રાજમહેલમાં બોલાવી મંગાવવાનો વિચાર કર્યો. એને દરબારમાં હાજર થવાનો હુકમ મોકલવામાં આવ્યો. પણ રાણીએ હુકમનું પાલન ન કર્યું. રાજકુમારને ખૂબ ગુસ્સો ચઢ્યો. રાજકુમારે એને જબરજસ્તીથી પકડી મંગાવી. આંસુ વહાવતી રાણી જેવી રાજ્યની સીમમાં દાખલ થઈ કે તરત અપશુકન થવા લાગ્યા. રાજકુમારે આકાશવાણી સાંભળી, "રાજકુમાર, તને ખબર નથી પણ એ તારી મા છે. તું જો એનું અપમાન કરશે તો પૃથ્વી પાતાળમાં ધસી પડશે." આ સાંભળી રાજકુમારનું દિલ દ્રવી ઊઠ્યું. મોં ફિક્કું પડી ગયું. એ શરમનો માર્યો જમીનમાં માર્ગ શોધવા લાગ્યો. સીધો દોડતો એ રાજમાતા પાસે ગયો. પોતાનાં સાચાં માતપિતાની ખબર પૂછવા લાગ્યો. રાજમાતા બોલી, "વહાલા બેટા, ભગવાને અમને તને આપ્યો હતો. મહારાજ જ્યારે એક વાર જંગલમાં શિકાર ખેલવા ગયા હતા ત્યારે તું જંગલમાંથી મળ્યો હતો. ત્યારથી તું મારો વહાલો દીકરો બન્યો છે."

એ સાંભળી રાજા નવી રાણીની પાસે ગયો. રાજાએ એને પોતાના પાછલા જીવન વિષે પૂછ્યું. રાણીએ પોતાની દુઃખભરી કથની એને સંભળાવી. હવે એને પૂરી ખાતરી થઈ કે એ જ એની મા હતી. એ એના

પગમાં આળોટી એની માફી માગવા લાગ્યો. રાણીએ પોતાના પુત્રને છાતીસરસો ચાંપ્યો. હવે રાજકુમાર પોતાના ગૂમ થઈ ગયેલા પિતાની શોધ કરવાની પેરવીમાં પડ્યો.



રાણીની રડતી આંખમાં હરખનાં આંસુ ઉભરાયાં. એ પતિને પગે લાગી. મા, પિતા અને પુત્રનું એ કોઈ અનેરું મિલન હતું.

આ હકીકત બન્યાને થોડા દિવસ બાદ એક ધનવાન વેપારીએ રાજ્યની સરહદ ઉપર પડાવ નાખ્યો. એની પાસે અનેક કીમતી દાગીના તથા હીરા હતા. એને દરબારમાં બોલાવવામાં આવ્યો. વેપારીનું મોં રાજકુમારના મોંને તદ્દન મળતું આવતું હતું. લોક આશ્ચર્યથી બંનેને તાકી તાકીને જોવા લાગ્યા. રાજકુમારને પણ જરા વહેમ પડ્યો. એણે વેપારીને પૂછ્યું : "તમે આટલો પૈસો શી રીતે કમાયા ?"

વેપારીની આંખ આંસુઓથી ઊભરાઈ ગઈ. એણે પોતાના જીવનની કથની કહી સંભળાવી. એણે કહ્યું, "મારી વહાલી પત્ની ખોવાઈ જવાથી હું ખૂબ દુ:ખી થઈ ગયો છું." આખી હકીકત સાંભળ્યા બાદ રાજકુમારે પોતાના પિતાને ઓળખ્યા. એને એ પોતાની માની પાસે લઈ ગયો. રાણીની રડતી આંખમાં હરખનાં આંસુ ઊભરાયાં. એ પતિને પગે લાગી. મા, પિતા અને પુત્રનું એ કોઈ અનેરું મિલન હતું. આખા રાજ્યમાં ઉત્સવ મનાયો. પરંતુ મોટો રાજા આ આનંદમાં પૂરો ભાગ લેતો ન હતો. એનું મન ઉદાસ રહેતું. એને રહી રહીને પોતાનો સુથાર મિત્ર સાંભરતો હતો. એ બિચારો હજી જેલમાં સબડતો હશે. એટલે એ પોતાના કુટુંબકબીલા સાથે પોતાના રાજ્યમાં ગયો. ત્યાંનાં ઘરડાં રાજા-રાણીએ દીકરાનું ખૂબ સ્વાગત કર્યું. તે જ ઘડીએ સુથારના છોકરાને જેલમાંથી છોડી મૂકવામાં આવ્યો. એનાં લગ્ન એક સુંદર સ્ત્રીની સાથે કરવામાં આવ્યાં. રાજ્યભરમાં આનંદ આનંદ વર્ત્યો. ઘીના દીવા કરવામાં આવ્યા. પ્રજા આખી આનંદઘેલી બની. રાજા અને સુથાર – બંને મિત્રો પોતપોતાનાં કુટુંબીજનો સાથે સુખેથી રહેવા લાગ્યા.



લક્ષ્મીના આશીર્વાદ

(મારવાડની લોકકથા)

ચંદ્રકિરણ સોનરેક્સા

ઠંડી પૂરબહારમાં હતી. મુસળધાર વરસાદ વરસતો હતો. આવા દિવસે ધર્મરાજ અને લક્ષ્મી ડોસાડોસીનું રૂપ ધરી પૃથ્વી ઉપર માણસની પરીક્ષા કરવા ઊતર્યાં.

શહેરના એક ધનવાન શેઠને ઘેર જઈ એમણે બારણું ખખડાવ્યું. દરવાજો ખોલી શેઠજી એમને જોતાં જ ઘૂરકીને બોલ્યા, “ અરે કીચડવાળા પગે મારા આખા ચોકમાં કાદવ કાદવ કરી મૂક્યો. નીકળો અહીંથી.”

“ શેઠજી, આવી રાતે અમે ક્યાં જઈએ? ઠંડીથી તો પ્રાણ નીકળી ચાલ્યા. આજની રાત પડી રહેવાની જગ્યા આપો,” ડોસી બોલી. શેઠજીએ કશું સાંભળ્યા વગર બારણું બંધ કરી દીધું. ઝાંખા અજવાળામાં શેઠજીના મકાનની પાસે એક તૂટીફૂટી ઝૂંપડી બંનેએ જોઈ. બારણાની ફાટમાંથી પ્રકાશનું એક કિરણ ડોકિયું કરતું પણ દેખાયું. ડોસાએ ડોસીને કહ્યું, “ ચાલો, આ ઝૂંપડીમાં આશ્રય માગી જોઈએ.”



“ શેઠજી, આવી રાતે અમે ક્યાં જઈએ? ઠંડીથી તો પ્રાણ નીકળી ચાલ્યા, આજની રાત પડી રહેવાની જગ્યા આપો,” ડોસી બોલી.

ડોસી બોલી, “ જ્યારે આટલા ધનવાન શેઠે દાદ ન દીધી તો એ કંગાળ આશરો આપશે? ધારો કે રહેવાની જગ્યા મળી તોપણ રાત આખી પહેરવાપાથરવાનાં કપડાં વગર આ ફાટ્યાંતૂટ્યાં ભીનાં કપડાંમાં ઠરી જઈશું.”

ડોસો બોલ્યો, "જે થવાનું હોય તે થાય. મારાથી તો હવે ચલાતું નથી." એણે જરા આગળ વધી બારણું ઠોકયું. બીજી જ ક્ષણે હાથમાં દીવો લઈ મેલું, ફાટેલું લૂગડું પહેરેલી એક સ્ત્રીએ બારણું ખોલ્યું. આ બંનેની દશા જોઈ એ ખૂબ માયાળુ સ્વરે બોલી, "હાય! હાય! તમે આ અંધારી રાતમાં કયાં ભટકો છો? આવો, આવો, જલદી અંદર આવો."

બંનેને ટેકો દઈ એ અંદર લઈ ગઈ. આ નાની અમસ્તી કોટડીમાં બે તૂટ્યાફૂટ્યા ખાટલા પડેલા હતા. એમાંથી એક ખાલી કરી સ્ત્રીએ બંનેને બેસવાનું કહ્યું. ડોસાડોસીનાં પાણીથી નીગળતાં કપડાંને લીધે કોટડી આખી ભીની થઈ ગઈ. પરંતુ સ્ત્રીએ એની જરા પણ દરકાર કર્યા વગર જલદી જલદી સગડીમાં કોલસા નાખી બંનેને તાપવા કહ્યું. ખીંટી ઉપરથી બે જૂનાં પણ ધોયેલાં કપડાં લાવી બોલી, "તમે તમારાં ભીનાં કપડાં ઉતારી આ પહેરી લો. શું કરું? અમે બહુ ગરીબ છીએ એટલે આ બે કપડાંથી ચલાવીએ છીએ. તમારાં કપડાં હું નિચોવીને સૂકવવા નાખું છું."

ડોસાડોસીને કપડાં બદલાવી એ આંગણામાં જઈ પિત્તળની બે નાની થાળીમાં વાલનું શાક અને બાજરીના રોટલા લાવી. ડોસીને કહેવા લાગી, "માતાજી, આજે મારા ઘરમાં ખાવાનું ભગવાનની કૃપાથી આ જ છે. મને અત્યંત દુઃખ થાય છે કે આજે મારા ઘરમાં નથી ઘી, ખાંડ કે દૂધ."

"કાંઈ નહિ દીકરી, અમને તો આ ભોજન પણ ઘણું સ્વાદિષ્ટ લાગ્યું." બંનેએ ખાતાં ખાતાં કહ્યું.

થોડી વારમાં સ્ત્રીનો ધણી પણ આવ્યો. એ બિચારો પણ કામની શોધમાં દિવસ આખો ભટકી ભટકી થાકીને આવ્યો હતો. પોતાની સ્ત્રીએ મહેમાનોને ખાવાનું ખવડાવી દીધું એ એણે છાનામાના બારણામાંથી દાખલ થતાં જોઈ લીધું હતું. એ પણ બંનેને જોઈને ખુશ થયો. બબડ્યોફફડ્યો નહીં. ધણીધણીઆણીએ પોતાનાં બીછાનાં એ ડોસાડોસીને આપ્યાં. ડોસાડોસીને ખાટલા ઉપર સુવાડ્યાં. પોતે બંને જમીન ઉપર ફાટેલું ટાટિયું ઓઢી રાત આખી પડી રહ્યાં!

વહેલી સવારે અંધારામાં જ વરસાદ અટકતાં ડોસાડોસી જવા તૈયાર થયાં. સરલાએ હાથ જોડી બંનેને સૂર્યોદય થાય ત્યાં સુધી રોકી રાખ્યાં. ઘરમાં ચાર દાણા ચણાના પડ્યા હતા તે દળી, લોટ મસળી, રોટલી બનાવી, બંનેને બાંધી આપી કહ્યું, "માતાજી, અમે ગરીબ છીએ. તમારી યોગ્ય સેવા કરી નથી શકયાં. ભૂલચૂક માફ કરશો." ડોસીએ જવાબ આપ્યો, "અમારી ગરીબની તેં આંતરડી ઠારી છે. ભગવાન જરૂર તને એનું ફળ આપશે. પરંતુ આજે મારા આશીર્વાદ છે કે જે ચીજને આજે તું અડકશે તે દિવસ આખો ભરેલી ને ભરેલી રહેશે."

ડોસાડોસી ચાલ્યાં ગયાં. સરલાને શાકનું હાંલ્લું સાફ કરવાનું સાંભર્યું. રસોડામાં જઈ એણે હાંલ્લું ઉઠાવ્યું તો એની નજર ત્યાં ને ત્યાં જ ઠરી ગઈ. એ હાંલ્લી સોનામહોરોથી ભરી હતી. એ સોનામહોરો હાંલ્લામાંથી કાઢતી તો વળી પાછું હાંલ્લું સોનામહોરોથી ભરાઈ જતું. આખા દિવસમાં તો એની કોટડી સોનામહોરોથી ભરાઈ ગઈ. એ પછી એના પતિએ એક નવું મકાન ખરીદી લીધું. એક કપડાંની દુકાન ખોલી. ઘોડાગાડી ને ટમટમ ખરીદી લીધાં. બંને ખૂબ સુખેથી રહેવા લાગ્યાં.

શેઠજીને જ્યારે ખબર પડી કે એનાં કંગાળ પડોશી એક રાતમાં અમીર થઈ ગયાં ત્યારે એણે સરલા તથા એના પતિને બોલાવી એનું કારણ પૂછ્યું. સરલાએ પોતાના સરલ સ્વભાવ પ્રમાણે સઘળી બીના કહી.

હવે તો શેઠશેઠાણી દરરોજ ફિકર કરવા લાગ્યાં કે કઈ રીતે પેલાં ચમત્કારી ડોસાડોસીનો ભેટો થાય અને એમનું હાંલ્લું સોનામહોરોથી ભરેલું રહે. દેવલોક તો માણસના મનની ઇચ્છા તરત વરતી જાય. એક રાતે જ્યારે બહાર મુસળધાર વરસાદ વરસતો હતો, મોટામોટા કરા પડતા હતા ત્યારે પેલાં ડોસાડોસી વળી પાછાં શેઠને દરવાજે આવ્યાં. દરવાજો ઠોકવાનો અવાજ સાંભળી શેઠજીએ વીજળીના પ્રકાશમાં વાંકા વળી જોયું. બંનેને ઓળખી કાઢ્યાં. ઝટપટ પોતાની સ્ત્રીને બંનેને લેવા મોકલી. વીજળીની બત્તી બુઝાવી હાથમાં દીવો લઈ શેઠાણી બહાર નીકળી અને ખોટી લાગણી બતાવતી બોલી, "હાય! હાય! તમે ક્યાં ભટક્યા કરો છો? અંદર આવો." પછી તદ્દન તૂટી

ગયેલા ખાટલા ઉપર બંનેને બેસાડયાં. ઘરમાં અનેક ગરમ વસ્તુઓ હોવા છતાં ફાટયાંતૂટયાં વસ્ત્ર લઈ આવી. બોલી, "ઘરમાં અત્યારે તો આ જ છે." પછી વગરપૂછયે ઘરમાં જઈ તદ્દન ઘસાઈ ગયેલી જૂની થાળીઓમાં વાલનું શાક અને જુવારના રોટલા લઈ આવી. ઓઢવા માટે બે ફાટેલા ધાબળા કશેથી માગી લાવી. પછી શેઠશેઠાણી એ જ ઓરડામાં ગાદીતકિયા બિછાવી જમીન પર સૂઈ ગયાં.

મળસકે જ્યારે ડોસાડોસી જવા માટે તૈયાર થયાં ત્યારે શેઠાણીએ ચણા દળી રોટલી બનાવી અને એ બાંધી આપી. "માતાજી, અમે ઘણાં ગરીબ છીએ. તમારી કંઈ સેવા ન કરી શકયાં. ભૂલચૂક માફ કરશો. ડોસી બોલી, "બેટી, જેવી સેવા તેં કરી તેવું ફળ ભગવાન તને આપશે. આજે તું જે કામ આરંભશે તે દિવસ આખો પૂરું નહિ થાય."

બંને ગયાં તે પછી તરત જ શેઠશેઠાણી લડી પડયાં. શેઠ કહેતા હતા વાલનું હાંલ્લું પોતે ખોલે અને શેઠાણી કહેતી હતી કે શાકનું હાંલ્લું પોતે ખોલે. છેવટે બંનેએ એકી સાથે હાંલ્લું પકડયું. આ ઝપાઝપીમાં હાંલ્લું તૂટી ગયું, અને આખે ઓરડે વાલ જ વાલ.

શેઠાણી સાવરણો લઈ ઓરડો ધોવા બેઠી. જેવી એ ઓરડો ધોઈ પરવારતી કે વળી પાછો ઓરડો કોહી ગયેલા વાલથી ભરાઈ જતો. સવારથી સાંજ સુધી એ ઓરડો ધોતી જ રહી!

જેની જેવી દાનત હોય તેવું જ તેને ફળ ભગવાન આપે છે.



બેલકુમારી

(વિન્ધ્ય પ્રદેશની લોકકથા)

વીરેન્દ્ર ગોપાલ

એક રાજાને સાત કુંવર હતા. છનાં લગ્ન થઈ ગયાં હતાં. સૌથી નાનો રાજકુમાર કુંવારો હતો. નાનો રાજકુમાર જ્યારે ભણવા જતો ત્યારે રોજ એની નાની ભાભી એને આશીર્વાદ આપતી: "તને બેલકુમારી મળજો."

રાજકુમારે પૂછ્યું : "ભાભી, બેલકુમારી ક્યાં મળશે ?" ભાભીએ કહ્યું, "અહીં સાત નદીને પેલે પાર એક જંગલ છે. જંગલમાં એક સરોવર છે. એ સરોવરમાં બેલકુમારી રહે છે."

એક દિવસ વહેલી સવારે ઊઠી રાજકુમાર મહેલથી નીકળી ગયો. ચાલતાં ચાલતાં સાત નદી પાર કરી એ પેલા સરોવરને કિનારે આવ્યો. ત્યાં એક સાધુની ઝૂંપડી હતી. રાજકુમારે સાધુને પ્રણામ કર્યાં. સાધુએ પૂછ્યું : "બેટા, તું ક્યાંથી આવ્યો ? આટલે દૂર શા માટે આવ્યો ?"

રાજકુમારે કહ્યું, "સાધુ મહારાજ, હું બેલકુમારીને મેળવવા માટે આવ્યો છું." સાધુએ કહ્યું, "આ સરોવર દેખાય છે ને એની વચમાં એક ટાપુ છે. એ ટાપુ ઉપર બિલાનું ઝાડ છે. એ ઝાડ ઉપર એક જ બિલું ફળ્યું છે. બેલકુમારી એ બિલામાં સૂતી છે. પરંતુ ત્યાંથી બેલકુમારીને લાવવી એ ઘણું મુશ્કેલ છે. ત્યાં રાક્ષસોનો સખત પહેરો છે."

રાજકુમારે પૂછ્યું: "રાક્ષસોથી બચાવી બેલકુમારીને લાવવાની કોઈ યુક્તિ છે ખરી ?" સાધુએ કહ્યું : "હા, ઇલાજ છે. જો કોઈ માણસ આ સરોવરને એક શ્વાસે તરી જઈ, બિલાના ઝાડની સાથે બાંધેલા બકરાને છોડી રાક્ષસોને ધરી દઈ, રાક્ષસો બકરો ખાવામાં પડે તે ઘડીએ ઝટપટ બિલાના ઝાડ ઉપર ચઢી બિલું તોડી પાણીમાં કૂદી પડી, એક શ્વાસે સામે કિનારે આવે તો એને બેલકુમારી મળે. આ બધું કામ એક જ શ્વાસે થવું જોઈએ. નહિ તો શ્વાસ તૂટતાં રાક્ષસો એને ખાઈ જશે.

રાજકુમારે બાથ ભીડી. એક શ્વાસે કહ્યા પ્રમાણે એ બિલું સાધુની પાસે એ લઈ આવ્યો. સાધુએ કહ્યું : "બેટા, આ બિલું ઘેર લઈ જઈ ફોડજે.


અંદરથી બેલકુમારી [illegible] બિલું [illegible] તો ! એમ કરશે, તો તું આફતમાં આવી પડશે."

રાજકુમાર સાધુને પ્રણામ કરી બિલું લઈ પોતાના ઘર તરફ જવા નીકળ્યો. કેટલાં જંગલ ને પહાડ ખૂંદતો એ એક સાંજે કોઈ એક સરોવરને કિનારે આવી પહોંચ્યો. રાજકુમાર ખૂબ થાકી ગયો હતો. એ ત્યાં આરામ કરવા બેઠો. સરોવર અત્યંત સુંદર હતું. ચારે તરફ લીલાંછમ ઝાડ પવનમાં ડોલી રહ્યાં હતાં. પક્ષી કિલ્લોલ કરી રહ્યાં હતાં. રાજકુમારે વિચાર્યું : "લાવ, બિલાને ફોડી રાજકુમારીને કાઢું. સાધુએ કંઈ દગો તો નથી કર્યો ?" રાજકુમારે ફળ તોડ્યું. અંદરથી બેલકુમારી નીકળી. બેલકુમારીના રૂપના ઓળા પડતા હતા. રાજકુમાર બોલ્યો, "રાણી, હું થાકી ગયો છું." બેલકુમારી બોલી, "મારા ખોળામાં માથું મૂકી સૂઈ જાવ."

રાજકુમાર ઊંઘી ગયો. એ સરોવરને કાંઠે લુહારની છોકરી પાણી ભરવા આવી. આવીને એણે પૂછ્યું, "બહેન, તું કોણ છે ?" બેલકુમારી બોલી, "આ રાજકુમાર છે એમની સાથે મારાં લગ્ન થવાનાં છે." આ સાંભળી લુહારની છોકરીની દાનત બગડી. એ આંખમાં આંસુ આણી બોલી, "હાય ! હું કેટલી અભાગણી ! મારી સાસુ મારી પાસે પાણી ભરાવી ભરાવી મારો દમ કાઢે છે. ભલા, આટલો મોટો ભારી ઘડો ભરી હું સરોવરમાંથી કેવી રીતે ઉપર આવું ?" એમ કહી એણે પોક મૂકી. બેલકુમારીને એની દયા આવી. એણે રાજકુમારના માથા નીચે પોતાની રેશમી ચાદરનો તકિયો જેવો બનાવી મૂકી દીધો. અને ધીરેથી ઊઠી એ લુહારની છોકરીનો ઘડો લઈ સરોવરમાં પાણી ભરવા વાંકી વળી. લુહારની છોકરીએ ચૂપચાપ પાછળથી એને એવી જોરથી પાણીમાં ધકેલી દીધી કે બેલકુમારી પાણીમાં પડી ને ડૂબી ગઈ.

લુહારની છોકરી રાજકુમારની પાસે આવી. રાજકુમારનું માથું પોતાના ખોળામાં મૂકી બેઠી. રાજકુમાર જ્યારે જાગ્યો ત્યારે સુંદર બેલકુમારીને બદલે કદરૂપી છોકરી જોઈ ખૂબ નવાઈ પામ્યો. એ વિચારવા લાગ્યો. "માનો ન માનો, મેં સાધુનું કહ્યું ગણકાર્યું નહિ તેની આ

શિક્ષા મને મળી છે. એ ખિલાને રસ્તામાં શા માટે ફેંક્યું ?" એને પસ્તાવો થયો.



નાના રાજકુમારે માન્યું નહિ. સરોવરને કિનારે જઈ ધનુષ વડે એણે ફૂલ ખેંચી એની દાંડી સાથે તોડી લીધું.

લુહારની છોકરીને લઈને એ પોતાને ઘેર ચાલ્યો. ઘણા દિવસ પસાર થઈ ગયા. લુહારની છોકરી રાણીની જેમ મોજ કરવા લાગી. એક દિવસ સાતે ભાઈ શિકાર ખેલવા નીકળ્યા. શિકાર ખેલતા ખેલતા એ લોક પેલા જ સરોવરને કાંઠે આવ્યા જ્યાં લુહારની છોકરીએ ખેલ-કુમારીને ધક્કો મારી સરોવરમાં ડુબાડી દીધી હતી. તે જગ્યાએ

સરોવરમાં ખૂબ મોટું કમળફૂલ ખીલ્યું હતું. નાના રાજકુમારનું મન ફૂલ જોઈ લોભાયું. એ કહેવા લાગ્યો, "અહા! કેટલું સુંદર ફૂલ છે! શો એનો રંગ છે! અહા! શી એની સુગંધ છે! આવડું મોટું ફૂલ મેં કદી જોયું નથી. જે થવાનું હોય તે થાય પણ હું તો આ ફૂલ લીધા વગર અહીંથી એક ડગલું ખસવાનો નથી." મોટા ભાઈઓએ એને ફૂલ તોડવાની ઘણી ના પાડતાં કહ્યું, "કોઈ રાક્ષસણીએ ફૂલને જાદુ કર્યું હશે. કમળનું ફૂલ આવડું કદી હોતું હશે?"



લુહારની છોકરીએ તક જોઈ કમળનું ફૂલ બારીમાંથી બહાર ફેંકી દીધું.

નાના રાજકુમારે માન્યું નહિ. સરોવરને કિનારે જઈ ધનુષ વડે એણે ફૂલ ખેંચી એની દાંડી સાથે તોડી લીધું. બધા રાજકુમારો ઘેર પાછા ફર્યા. એ બધા તરેહતરેહનાં પક્ષીઓ તથા જાનવરોનો શિકાર કરી લાવ્યા હતા. પરંતુ નાના રાજકુમાર પાસે હતું માત્ર લાલ રંગનું કમળફૂલ. નાના રાજકુમારે એ કમળફૂલ પોતાના મહેલમાં એક જગ્યાએ સાચવી રાખ્યું. એક દિવસ એ કશે બહાર ફરવા ગયો હતો. લુહારની છોકરીએ તક જોઈ કમળનું ફૂલ બારીમાંથી બહાર ફેંકી દીધું. રાજકુમારે ઘેર આવીને જોયું તો ફૂલ ગૂમ. એણે નકલી બેલકુમારીને ફૂલ વિષે પૂછ્યું. ત્યારે એ બોલી: "સાવ ચિમળાઈ ગયું હતું એટલે મેં ફેંકી દીધું."


રાજકુમાર બોલ્યો: "હાય! હાય! બેલકુમારી તારું દિલ છે કે પથ્થર? ફૂલ તારી પાસે શું માગતું હતું?" ફૂલ જ્યાં પડ્યું હતું તે જગ્યાએ થોડા દિવસ રહીને એક બિલાનું ઝાડ ઊગ્યું. ઝાડ મોટું થતાં એને એક બિલું લાગ્યું. માળીએ બિલું તોડી લીધું. ઘેર જઈને એણે બિલું ફોડ્યું. અંદરથી એક રૂપાળી છોકરી નીકળી. માળીને કંઈ છોકરાં ન હતાં. છોકરી મળતાં એના હરખનો પાર ન રહ્યો. માળી એને ખૂબ પ્રેમપૂર્વક ઉછેરવા લાગ્યો. નકલી રાણીને ખબર પડી કે માળીને ઘેર એક દેવકન્યા જન્મી છે. એ ખૂબ ગભરાઈ. એણે માંદા પડવાનો ઢોંગ કર્યો. એને માટે વૈદહકીમોએ જાતજાતના ઇલાજ કર્યા. પરંતુ કોઈ દવાએ ગુણ ન કર્યો. એટલે એણે એક દિવસ રાજકુમારને કહ્યું, "મને રાતના એક સ્વપ્નું આવ્યું કે માળીને ઘેર જે છોકરી જન્મી છે તે ડાકણી છે. એને મારી નાખી એના લોહીથી હું સ્નાન કરું તો મારો રોગ જડમૂળથી નીકળી જાય."


રાજકુમારે તરત જ છોકરીનું લોહી લાવવાનો હુકમ કર્યો. નકલી રાણી એ લોહીથી ન્હાઈ ત્યારે એનો રોગ ગયો. માળી બિચારો છાતીફાટ રડ્યો. માળીએ બેલકુમારીનું શબ બાગમાં દાટ્યું. થોડા દિવસ રહીને વળી પાછું ત્યાં એક બિલાનું ઝાડ ઊગ્યું. વધતાં વધતાં ઝાડ મોટું થયું. એની ઉપર એક બિલું લાગ્યું. નકલી રાણી સાથે રાજકુમારને જરા બનતું નહિ. એ ખૂબ લડાક હતી. રોજ માંદી હોવાનો ઢોંગ કરી રાજકુમારને પજવતી.

એક દિવસ રાજકુમારને એક સાધુ મળ્યો. સાધુએ રાજકુમારનો ઉદાસ ચહેરો જોઈ એને દુઃખનું કારણ પૂછ્યું. રાજકુમારે સાચેસાચું કહ્યું. સાધુએ રાજકુમારને એક વીંટી આપી કહ્યું, "આ વીંટી પહેરવાથી તું પક્ષીઓની બોલી સમજી શકશે. મહેલમાં તારા દિલને ચેન ન પડતું હોય તો બાગમાં આવી પક્ષીઓની વાત સાંભળ્યા કરજે." વીંટી મેળવી રાજકુમારને ઘણો આનંદ થયો. એ તે જ દિવસે આંગળીમાં વીંટી પહેરી બાગમાં ગયો. બે કબૂતર એકબીજા સાથે વાત કરતાં હતાં: "આ કમનસીબ રાજકુમાર તો જો. લુહારની છોકરીએ એને કેવો પહેલા નંબરનો ગધેડો બનાવ્યો!" રાજકુમાર વીંટીને લીધે કબૂતરની બોલી સમજી શકતો હતો. એણે કહ્યું, "મને પૂરી વાત કરો." કબૂતરોએ બેલકુમારીની અને લુહારની છોકરીની આખી વાત કહી. સઘળી વાત સાંભળી રાજકુમાર ખૂબ પસ્તાવા લાગ્યો. એણે પૂછ્યું, "હવે બેલકુમારી ક્યાં મળશે?"

કબૂતરોએ બિલાનું ઝાડ બતાવી કહ્યું, "આ ઝાડમાં એક બિલું ઊગ્યું છે. બેલકુમારી એની અંદર છે. રાજકુમારે બિલું તોડ્યું. અંદરથી બેલકુમારી નીકળી. બેલકુમારી મળતાં રાજકુમાર રાજી રાજી થઈ ગયો. બેલકુમારીને લઈ એ મહેલમાં આવ્યો. બેલકુમારીને જોતાં જ લુહારની છોકરીનું જાણે લોહી ઊડી ગયું! રાજકુમાર એને મારવા દોડ્યો. બેલકુમારીએ એને દયા કરી બચાવી લીધી.

લુહારની છોકરી પોતાને ગામ જઈ રહી. રાજકુમાર અને બેલકુમારીએ ખાઈપીને મોજ કરી.





ગણપતિ બોલ્યા, "હાજી, પચાસ હજાર રૂપિયા તો એને મળી ગયા છે. બાકીના પૈસા માટે વાણીઆને ભીંત સાથે ચોંટાડી દીધો છે."

દેવતાનું દાન

(બુંદેલખંડની વાર્તા)

જહૂર બક્ષ

ગામની બહાર એક વડનું ઝાડ હતું. વડની પાસે નાનું ગણપતિનું મંદિર હતું. ગામમાં બીજું એકેયે મંદિર હતું નહિ. એટલે બધા લોક ગણપતિના મંદિરમાં પૂજા કરવા આવતા. ગામમાં એક ખૂબ ગરીબ ભિખારી રહેતો હતો. એ ભીખ માગી ગુજરાન ચલાવતો. નાનું અમસ્તું ગામ એટલે એને ભીખ કેટલી મળે? નાઇલાજ થઈ મંદિરના દરવાજા ઉપર બેસી ભીખ માગવા લાગ્યો. એણે વિચાર્યું, "અહીં ધાર્મિક લોક દર્શન કરવા આવશે એટલે મારા પૂરતી ભીખ તો મળી રહેશે."

ભિખારી આખો દિવસ મંદિરના દરવાજે બેસી રહેતો. કોઈને આવતા જોઈ "શિવ શિવ" કરવા મંડી પડતો. એ પ્રમાણે આખો

દિવસ એ ગણપતિ અને શંકરનું નામ લેતો. સાંજ સુધીમાં એને મળતું બેચાર મૂઠી અનાજ, થોડાંઘણાં ફળફૂલ અને કોઈક વાર ચારછ પૈસા. આટલી થોડી આવકમાંથી શી રીતે ગુજરાન ચાલે? ભિખારી એકલો જીવ થોડો હતો? એની છોકરીના ગુજરાનની પણ એને ચિંતા હતી. એ છોકરીનું નામ કમલા હતું. કમલા બહુ ડાહી અને ચતુર છોકરી હતી. પરંતુ ડહાપણ ને ચતુરાઈથી પેટની આગ થોડી ઠરે? પેટને તો ખાવાનું જોઈએ. એટલે કમલા કોઈ કોઈ વાર ખાવાપીવાની ચીજ માટે જીદ કરી એના બાપને ત્રાસ આપતી. ત્યારે બીચારા ગરીબ ભિખારીનું દિલ ઘવાતું. એની આંખમાં આંસુ આવતાં. એ ઊંડી ચિંતામાં ડૂબી જતો.

ઉનાળાના દિવસ હતા. બપોરનો વખત. ઉપર આકાશ અને નીચે ધરતી આગ ઓકતાં હતાં. બધે સૂમસામ હતું. એવે વખતે શંકરપાર્વતી લોકનું સુખદુઃખ જોવા ધરતી ઉપર ઊતર્યાં. ચાલતાં ચાલતાં બંને પેલા ગામમાં આવ્યાં. ગણપતિના મંદિર પાસેથી નીકળ્યાં એટલે ભિખારીએ "જય શિવ, જય શિવ" જોરથી કહેવા માંડ્યું.

ભિખારીની દશા જોઈ પાર્વતીનું હૃદય ભરાઈ આવ્યું. એમણે શંકરને કહ્યું, "અરે! આ ભિખારીની તરફ તો જુઓ. બીચારો કેટલો દુઃખી છે! જુઓ તો, કેટલા ભાવથી તમારું નામ ભજે છે! પણ તમે પથ્થર છો પથ્થર. તમે અત્યાર સુધી બીચારા ઉપર દયા ન કરી. મેં સાંભળ્યું હતું કે લોક ઘણા પાપી થઈ ગયા છે. હવે કોઈ દેવતાની પૂજા નથી કરતું. આનો દાખલો લો. તમારું નામ બોલતાં બોલતાં બિચારાનાં કેટલાં વર્ષો નીકળી ગયાં. તોપણ બીચારો પેટભર ભોજન પામતો નથી. જ્યારે દેવતા જ આટલા કઠોર બની જાય ત્યારે લોક શા માટે દેવતાની પૂજા કરે?"

મહાદેવને પાર્વતીની વાત ગમી નહિ. એમણે પાર્વતીને કહ્યું, "ખરી હકીકત જાણ્યા વગર તું લવ લવ કરે છે. તું જાણી પણ નહિ શકે, કારણ કે તારું હૃદય રહ્યું કોમળ. જવા દે એ વાત. તું ચિંતા ન કર. હમણાં જ હું એવો બંદોબસ્ત કરું છું કે આ ભિખારીનું દુઃખ ટળી જાય."

આમ કહી મહાદેવજી પાર્વતીની સાથે મંદિરમાં ગયા. માતાપિતાને આવેલાં જોઈ ગણપતિ ઊભા થઈ ગયા. અને પ્રેમપૂર્વક માતાપિતાને પ્રણામ કર્યાં. મહાદેવજીએ ગણપતિને આશીર્વાદ આપી કહ્યું કે, "જો બેટા, આ ભિખારી કેટલાં વર્ષથી તારે દરવાજે બેઠો બેઠો મારું નામ જપે છે. પણ તેં એની ઉપર હજી કૃપા કરી નહિ. હવે એવો કોઈ ઉપાય કર કે જેથી એનું દુઃખ દૂર થાય."

ગણપતિએ હાથ જોડી કહ્યું, "ઠીક પિતાજી, સાત દિવસમાં એનું દુઃખ દૂર થશે. એને કશેથી એક લાખ રૂપિયા મળી જશે." ગણપતિનો જવાબ સાંભળી મહાદેવપાર્વતી આગળ ચાલ્યાં. એ વખતે એક વાણિયો મંદિરમાં પૂજા કરવા આવ્યો હતો. એ બારણાની પાછળ સંતાઈને મહાદેવજી અને ગણપતિની વાત સાંભળતો હતો. એણે વિચાર્યું, "આ તો સારો લાગ આવ્યો. જરા ચાલાકીથી કામ લઉં તો સહેજમાં બે લાખ રૂપિયાનો માલિક બનું એમ છું." ખૂબ ખુશ થતો એ ભિખારી પાસે ગયો. એને પ્રણામ કરી વાણિયો એક બાજુ ઉપર બેસી ગયો. ભિખારીને આજ સુધીમાં કોઈએ પ્રણામ કર્યાં ન હતા. કોઈ કદી પાસે બેઠું ન હતું. વાણિયાને જોઈ ભિખારીને થયું કે એ કોઈ ભલોભોળો માણસ છે. મનમાં ને મનમાં રાજી થઈ ભિખારી બોલ્યો, "ભાઈ, તમે ઘણા દયાળુ દેખાવ છો. ભલા, મારી પાસે આવવાની શી ફરજ પડી? તમને ખબર નહીં હોય કે હું તો એક ભિખારી છું."

વાણિયો હતો મતલબી. એટલે મીઠી મીઠી વાત કરવા માંડ્યો. "તમે ભિખારી? કોણ કહે છે કે તમે ભિખારી છો? મને બરાબર ખબર છે. તમે તો એક સિદ્ધ મહાત્મા છો. તમારાં દર્શનમાત્રથી લોકોનાં પાપ ટળે છે. હું પણ તમારાં દર્શન કરવા આવ્યો છું. મારે તમારી સાથે થોડી વાત કરવી છે. રજા આપો તો કહું."

ભિખારી — "જે હોય તે કહો."

વાણિયો — "ભલા, આખા દિવસમાં તમને કેટલી ભીખ મળે?"

ભિખારી — "ભાઈ, મળી મળીને કેટલું મળે? પેટના ખાડા પણ પુરાતા નથી. આશરે બેચાર મૂઠી અનાજ મળે. કોઈવાર બેચાર પૈસા પણ મળે. મહામહેનતે જેમતેમ જિંદગી પસાર કરું છું."

વાણિયો — "રામ રામ! તમારા જેવા મહાત્માને આટલું દુઃખ! આ ગામના તે કંઈ લોક છે! શું તમને થોડી પણ મદદ ન કરી શકે? તમે શી રીતે આ સહન કરો છો? મને તો તમારી ઘણી દયા આવે છે. મને એમ થાય છે કે જાણે તમારી કંઈ સેવા કરું. પણ કહેતાં શરમ આવે છે."

ભિખારી — "તમે મને શી મદદ કરી શકો એમ છો?"

"હં હં હં!" હસતાં હસતાં વાણિયો બોલ્યો. "તમારી સેવા કરવાનુ મારું ગજુ કેટલું? પરંતુ એક વાત સાંભળો. તમને સાત દિવસમાં જે કંઈ મળે તે મને આપજો. એના બદલામાં હું તમને સો રૂપિયા આપીશ." સો રૂપિયા સાંભળતાં જ ભિખારીની ખુશાલીનો પાર ન રહ્યો. એ મનમાં વિચારવા લાગ્યો, "જો સો રૂપિયા મળી ગયા તો તો ભવ તરી ગયા. અહીં તો સાત દિવસમાં સાત આના પણ મળતા નથી. સો રૂપિયા જતા કરવા જેટલી મૂર્ખતા કોણ કરે?"

ભિખારીને એની કમલા સાંભરી. એ રૂપિયા લઈ ઘેર જાય અને કમલા નારાજ થઈ જાય તો! એની સલાહ પણ લેવી જોઈએ. મનમાં આમ વિચાર આવતાં જ એણે વાણિયાને કહ્યું, "તમે મારી ઉપર મોટી કૃપા કરી. આજે તો હું જવાબ નહિ આપી શકું. જરા વિચારી કાલે કહીશ."

જ્યારે વાણિયો ચાલ્યો ગયો ત્યારે ભિખારીએ કમલાને બોલાવી સઘળી હકીકત કહી. ચતુર કમલા તરત સમજી ગઈ કે દાળમાં કંઈ કાળું છે. એણે પોતાના બાપને કહ્યું, "વાણિયાની વાત. દાદા, લાલા લોભ વિના શાના લોટે! ચાલો, કંઈ નહિ. કાલે હું એની પાસેથી ભેદ કઢાવીશ. પણ તમે વચ્ચે બોલીને બાજી બગાડતા નહિ.

આ બાજુ વાણિયાની સ્થિતિ કફોડી થઈ. એના દિલમાં ચટપટી એટલે ઊંઘ આવે શાની? જેમ તેમ રાત કાઢી અને સવાર થયું ના થયું ત્યાં વાણિયાના જીવમાં જીવ આવ્યો. હાથમાં ઘોઈ એ સીધો પહોંચ્યો ભિખારીની પાસે. "કેમ શો વિચાર કર્યો તમે?"

કમલા વાણિયાનો સામનો કરવા તૈયાર જ હતી. વાણિયાની વાત સાંભળતાં જ એ બોલી, "ભલા, સો રૂપિયામાં શું દહાડો વળે? આટલો સસ્તો સોદો ન થાય. માફ કરો." કમલાનો જવાબ સાંભળી વાણિયા ઉપર જાણે વીજળી પડી. પણ લાખ રૂપિયાની લાલચ કંઈ જેવી તેવી હતી? એ બસો રૂપિયા આપવા તૈયાર થયો. હવે તો કમલાનો વહેમ વધારે દૃઢ થયો. એ સમજી ગઈ કે વાણિયો જરૂર કોઈ મોટા લાભને ખાતર બસો રૂપિયા આપવા તૈયાર થયો છે. એ બોલી, "શેઠજી, આટલો સસ્તો સોદો કશે સાંભળ્યો છે? સો, બસો, હજાર, બે હજારની શી વિસાત? તમે તો લાખનો માલ કોડીને ભાવે ખરીદવા નીકળ્યા છો."


આ સાંભળી વાણિયો ખૂબ ગભરાયો. પરંતુ એણે પોતાના પ્રયત્ન છોડ્યા નહિ. લોભથી એ આંધળો બન્યો હતો. એને લોભનું ભૂત વળગ્યું હતું. સો, બસો કરતાં એ પચાસ હજાર આપવા તૈયાર થયો. હવે કમલાને થયું, "આટલા રૂપિયા કંઈ નાની રકમ ન કહેવાય. ઘરબેઠાં આવેલો લાભ જતો ન કરવો જોઈએ." એણે વાણિયાને કહ્યું, "સોદો મંજૂર પણ એક શરત. રૂપિયા હમણાં જ જોખી દો." આ શરત મંજૂર રાખવામાં વાણિયાને ક્યાં વાંધો હતો? એ રાજી થતો થતો ઘેર ગયો. એ વિચારવા લાગ્યો, "પચાસ હજાર રૂપિયા આપી એક લાખ લેવામાં શો વાંધો? ચાલો. બે લાખ નહિ તો દોઢ લાખનો માલિક તો બનીશ. અહા! મારા નસીબનો સિતારો શું ચમકે છે? સાત દિવસમાં રોકડો પચાસ હજારનો લાભ." ઘેર આવીને તરત ભિખારીને પચાસ હજાર રૂપિયા આપી દીધા.

હવે વાણિયો રોજ ભિખારીની પાસે આવતો. એની આખા દિવસની મળેલી ભીખ એ ઘેર લઈ જતો. આ પ્રમાણે છ દિવસ પસાર થઈ ગયા. વાણિયાને દિલમાં ગભરાટ થવા માંડ્યો. સાતમે દિવસે વળી એ ગણપતિના મંદિરમાં આવ્યો. એણે મહાદેવપાર્વતીને મંદિરમાં પધારેલાં જોયાં. ભીંતની સાથે કાન રાખી એ વાતચીત સાંભળવા લાગ્યો. પણ આ શું? એનો કાન ભીંતની સાથે ચોંટી ગયો. એણે કાન આમતેમ ખૂબ ખેંચ્યો પણ કાન ઊખડે શાનો? ત્યારે એણે જમણો

હાથની મદદ લઈ [illegible] મહેનત કરી. આ શું? હાથ પણ ભીંત સાથે ચોંટી ગયો.

આ બાજુ મહાદેવજીએ ગણપતિને પૂછ્યું, “બેટા, ભિખારીનો કંઈ બંદોબસ્ત કર્યો?” ગણપતિ બોલ્યા, “હાજી, પચાસ હજાર રૂપિયા તો એને મળી ગયા છે. બાકીના પૈસા માટે વાણિયાને ભીંત સાથે ચોંટાડી દીધો છે. આ વાણિયો મહાલોભી અને કંજૂસ છે. એણે ગરીબના એકના ચાર લઈ ઘર બંધાવ્યાં છે. ગરીબનાં બચ્ચાં ભૂખે મરી ગયાં, તોપણ એને ચારગણા રૂપિયા વસૂલ કરતાં દિલમાં જરાયે વસવસો ન થયો. એ પ્રમાણે એણે લાખ રૂપિયા તિજોરીમાં એકઠા કર્યા. ગરીબની આંતરડી કકળાવી એ કદી સુખી ન થાય. હવે જ્યાં સુધી એ ભિખારીને બાકીના પચાસ હજાર રૂપિયા આપશે નહિ, ત્યાં સુધી એ ભીંતને ચોંટેલો રહેશે.”

ગણપતિની વાત સાંભળી વાણિયાએ પોતાનું માથું કૂટ્યું. આંખમાં આંસું ઊભરાવા લાગ્યાં. જ્યારે ઘેરથી પચાસ હજાર રૂપિયા મંગાવી ભિખારીને આપ્યા ત્યારે એ ભીંતથી છૂટ્યો.



નાગા અને વાઘ

(નાગા પ્રદેશની લોકકથા)

સાવિત્રીદેવી વર્મા

શિલોંગની દક્ષિણમાં ડિગી નામનો એક પર્વત છે. એક વખત એવો હતો કે ત્યાંના ગાઢ વનમાં દિવસે પણ અમાસની રાત જેવો અંધકાર છવાઈ રહેતો. નીચે ઝાડનાં મોટાં મોટાં થડ, ઉપર છત જેમ ફેલાયેલી ગીચ ઝાડીઓ. જાણે લીલું છાપરું ન છાયું હોય! માઈલોના માઈલો સુધી જંગલનો વિસ્તાર. ન તો કોઈ રાહ કે રસ્તો. વેલાવેલીઓ, નાનાંમોટાં ઝાડ અને ઝાંખરાંને લીધે તલપુર પણ જગ્યા પગ મૂકવા પૂરતી જંગલમાં વધી ન હતી.

શરૂઆતમાં લોહતાસ નાગાઓનો એક બહાદુર સરદાર અહીં આવી વસ્યો. ધીરે ધીરે એના વંશનો વેલો વધવા લાગ્યો. હવે એને વધારે જગ્યા જોઈતી હતી. એક દિવસ જૂથના સઘળા લોક નવાં ઝૂંપડાં ક્યાં બનાવવાં એ વિષય પર વિચાર કરવા ભેગા થયા. એક સાહસિક નવજુવાન બોલ્યો, "ભાઈઓ, હવે તો જંગલ કાપવા માંડીએ તો જ આપણો અહીં સમાસ થાય."


બીજો બોલ્યો: "પણ આટલું જંગલ કાપવું તે કંઈ જેવું તેવું કામ છે? અહીં તો કાળું ઘોર અંધારું છે. કુહાડી કેવી રીતે ચલાવીએ?"

પરંતુ ઘણા નવજુવાનોની એવી સલાહ હતી કે એક નાકેથી જંગલ કાપવામાં આવે તો ધીરે ધીરે જંગલ સાફ થઈ શકે. બધા સહમત થયા, જંગલ કાપવાના કામે લાગ્યા. સૌથી પહેલાં એ લોકોએ ખાખરાનું ઝાડ કાપવું શરૂ કર્યું. સાંજ સુધીમાં એનું થડ કાપી ઝાડ તોડી પાડ્યું. એક મોટું ઝાડ પડતાં જંગલમાં અજવાળું અજવાળું થઈ ગયું. તે દિવસે મધરાત સુધી ગાનતાન ચાલ્યાં. બીજે દિવસે, સૌની અજાયબી વચ્ચે, ઠૂંઠા ઝાડમાંથી નવું ઝાડ ઊગી નીકળેલું એ લોકોએ જોયું. એ ઝાડ એવડું મોટું હતું કે પ્રકાશનો માર્ગ રોકાઈ ગયો હતો. બીજે

દિવસે ફરી પાછું ઝાડ કાપી તોડી પાડ્યું. પરંતુ સવાર થતાં જ ફરી પાછું એની જગ્યાએ એ ઊગી નીકળ્યું હતું.

બધા જુવાન નાગાઓએ ટોળીના ઘરડા ડોસા પાસેથી આનો ભેદ જાણવાનું નક્કી કર્યું. એ આ ચમત્કારી ઝાડનો ભેદ જરૂર જાણતો હશે. નાગા જુવાનોની વાત સાંભળી ડોસો ડોકું હલાવી બોલ્યો, "જુઓ, એક વાત સાંભળો. આપણા વડવાને એના મિત્રે વિશ્વાસઘાત કર્યો હતો. મિત્રને એણે શાપ આપ્યો કે તું વાઘ બની જા. મને તો લાગે છે કે એ વાઘની જાતમાંનો કોઈ આપણા કામમાં વિઘ્ન નાખે છે. વાઘને જંગલ કપાઈ પોતાના રાજ્યનો હિસ્સો મનુષ્યના કબજામાં જાય તે કેવી રીતે ગમે? એટલે આજે રાતના છુપાઈને જુઓ કે એ કાપેલા ઝાડની પાસે કોણ આવે છે?"

રાતના જુવાન નાગાઓએ જોયું કે કાપેલા ઝાડના થડને એક ભયાનક વાઘ ચાટતો હતો. જેટલો ભાગ એ ચાટતો એટલો ઊગી નીકળી ઊંચે વધતો જતો. બીજે દિવસે સઘળી હકીકત એમણે ડોસાને



રાતના જુવાન નાગાઓએ જોયું કે કાપેલા ઝાડના એક ભયાનક વાઘ ચાટતો હતો. જેટલો ભાગ એ ચાટતો એટલો ઊગી નીકળી ઊંચે વધતો જતો હતો.

કહી. એણે સલાહ આપી કે ઝાડનું થડ જડમૂળથી ઉખેડી સળગાવી દો કે એનું જરાય નામનિશાન ન રહે. એમ કરવાથી ખરેખર બીજે દિવસે ઝાડ ઊગ્યું નહિ. પરંતુ ક્રોધે ભરાયેલા વાઘે સરદારના એક જુવાન છોકરાને મારી નાખ્યો. જ્યારે સરદારને આ વાતની ખબર પડી ત્યારે એણે બધા નાગાઓને એકઠા કરી કહ્યું: "જુઓ, આ વાઘ આપણો દુશ્મન છે. એને જલદી પૂરો કરવો જોઈએ. તમે લોકો ઝાડ આગળની જમીન બરાબર સાફ કરી ત્યાં બે ઝાડનાં થડ જોડી ઊભાં કરો. આ બંને થડની પાછળ હું ભાલો લઈ ઊભો રહીશ. તમે બધા ઢોલ વગાડી વાઘને મારી તરફ ખદેડજો."

બીજે દિવસે બધાએ વાઘને ખદેડવા માંડ્યો. વાઘ વાંસનાં ઝૂંડમાં સૂતો હતો. પાછળથી અવાજ આવતો સાંભળી એ ગરજતો ગરજતો આગળ દોડતો દોડતો પેલા ઝાડની પાસે આવ્યો. સરદારે જ્યારે વાઘને જોયો ત્યારે પોતાના જુવાન દીકરાના મોતનું વેર લેવાના ઇરાદાથી એના હાથમાં જુવાનીનું લોહી વહેવા માંડ્યું. એણે નિશાન તાકી ભાલો ફેંક્યો. ભાલો બરાબર વાઘની પીઠમાં વાગ્યો. એ ભયંકર ત્રાડ મારતો સરદાર ઉપર તૂટી પડ્યો. સરદારે પોતાનું માથું ઢાલથી ઢાંકી દીધું. અને ઊછળતા વાઘના પેટમાં છરો હુલાવી દીધો. નાગા લોકોના રિવાજ પ્રમાણે એણે પોતાના દીકરાના હત્યારાના પંજા કાપી લીધા. ત્યાર બાદ એણે બધા નવજુવાનોને ભેગા કરી કહ્યું, "આ વાઘનું ડોકું કાપી ગામની વચ્ચોવચ આવેલા ઝાડ ઉપર લટકાવો. ઝાડની નીચેની જગ્યા ઉપર દરેક જણ પોતાના ભાલા વડે નિશાન કરે કે જેથી કરીને



વાઘ ભયંકર ત્રાડ મારતો સરદાર ઉપર તૂટી પડ્યો.
સરદારે ઉછળતા વાઘના પેટમાં છરો હુલાવી દીધો.

વાઘણુ ગામમાં પેસવાની હિંમત ન કરે."

આ પ્રમાણે બધાએ કર્યું. રાતના જ્યારે વાઘણ વાઘને શોધતી શોધતી પેલા ઝાડ સુધી આવી ત્યારે ઝાડની નીચે અનેક ભાલાનાં નિશાન જોઈ એ વિચારવા લાગી, "એમ જણાય છે કે આ ગામમાં ઘણા બહાદુર ભાલાધારી છે. અહીં વધારે થોભવું ઠીક નહિ. પરંતુ આનું વેર તો હું જરૂર વાળીશ. નહિ તો અમારા વંશની રક્ષા કોણ કરશે?" વાઘણ તકની શોધમાં હતી. એ કોઈ એવા નાગાની શોધમાં હતી કે જેની મદદથી એ વેર વાળી શકે. સંજોગવશાત્ એક દિવસ જંગલમાં એને એક નાગા મળ્યો. એ વખતે વાઘણ પોતાનાં બચ્ચાંને શિકારના દાવ શીખવતી હતી. એક તરફ નાગા એકલો અને આ બાજુ ત્રણ માણસને જોતાં જ વાઘણને ખુન્નસ ચઢયું. પણ એને એક યુક્તિ સૂઝી. એણે નાગાને કહ્યું, "હું ધારું તો હમણાં તને ફાડી નાખું. પણ જો તું મને સરદારનું વેર વાળવામાં મદદ કરશે તો હું તારો જાન બચાવીશ, એટલું જ નહિ પણ તને નવી નવી જડીબુટ્ટીઓ લાવી આપીશ. જડીબુટ્ટીઓની મદદથી તું જલદી નાગાઓનો સરદાર બની જઈશ."

એ નાગા લાલચમાં ફસાયો. એણે વાઘણ સાથે દોસ્તી બાંધી. હવે એ ગામમાં લોકોને જડીબુટ્ટીઓ આપવા લાગ્યો અને હકીમ તરીકે ઓળખાવા લાગ્યો. વાઘણ દરરોજ રાતના અચૂક એને ઘેર આવતી અને એને જડીબુટ્ટીઓ આપતી. સાથે સાથે ગામની બધી બાતમી રાખતી. પછી એ રસ્તે છુપાઈને એવી જગ્યાએ બેસી રહેતી કે કોઈ અટૂલો નાગા એના શિકારનો ભોગ બનતો. આવી રીતના વાઘણના હુમલાઓથી નાગા સરદાર ખૂબ મૂંઝાયો. એણે એક દિવસ લોકોને ભેગા કરી કહ્યું, "માનો ન માનો. આ વાઘણનાં જ પરાક્રમ છે. એટલે જંગલમાંથી એને ખદેડો અને બહાર કાઢો."


આ વાતની ખબર વાઘણને એના મિત્ર નાગાએ કહી. વાઘણ સાવધાન બની. તે જ દિવસે પોતાનાં બચ્ચાંને લઈ ઊંડી ગુફામાં સંતાઈ ગઈ. તે દિવસે રાતે વળી પાછો એક જુવાન નાગા એણે મારી નાખ્યો. બધાએ વળી પાછા વાઘણને ખદેડવા જંગલમાં તપાસ કરી પણ એ કશે દેખાઈ નહિ. થોડી વાર વિચાર કરી સરદારે કહ્યું, "માનો


ન માનો, આપણામાંથી જરૂર કોઈ વાઘણને બધી બાતમી પહોંચાડે છે. ઊભા રહો. હું હમણાં જ એને પકડું છું.”

એમ કહી એણે કંઈ મંત્ર બોલી રાખ ઉડાડી, હકીમની તરફ આંગળી ચીંધી કહ્યું, “આ જ આપણો ભેદ ફોડે છે. એ પોતાની જાતને બેકસૂર ઠરાવવા માગતો હોય તો આઠ દિવસની અંદર એક વાઘ મારી એની ખોપરી પર હાથ રાખી સમ ખાય. એ જો નિર્દોષ હશે તો એની ઉપર કોઈ મુસીબત નહિ આવે. પરંતુ જો એણે પોતાની ટોળીનો વિશ્વાસઘાત કર્યો હશે તો આઠ દિવસમાં એનો નાશ થશે.” તે રાતે જ્યારે વાઘણ હકીમને મળવા આવી ત્યારે એણે વાઘણને સરદારની વાત કરી. “તું ફિકર ન કર. હું તને વાઘની એક જૂની ખોપરી લાવી આપીશ.” સંજોગવશાત્ તે રાતે હકીમનો નાનો છોકરો જાગી ઊઠ્યો. એણે પોતાના બાપ તથા વાઘણ વચ્ચે થયેલી સઘળી હકીકત સાંભળી લીધી.

બીજે દિવસે રમતાં રમતાં એણે આ વાત પોતાના મિત્રોને કહી. વાવેગે વાત ગામમાં ફેલાઈ ગઈ અને સરદારને કાને પહોંચી. હવે તો સરદારનો વહેમ દૃઢ થયો. એના કહેવાથી હકીમના હાથ પીઠ પાછળ બાંધી, જ્યાં વાઘનું ડોકું લટકતું હતું તે ઝાડ સાથે એને કસકસીને બાંધવામાં આવ્યો.

બીજે દિવસે બધા નાગાઓએ અચાનક વાઘણને ઘેરી લઈ પોતાના ભાલા વડે એને મારી નાખી. જ્યારે એ લોકો ગામ આવ્યા ત્યારે એમણે જોયું કે હકીમ પણ છેલ્લા શ્વાસ લેતો હતો. આ જોઈ સરદાર બોલ્યો, “આમ થવાનું જ હતું. અમારા વડવાઓનો શાપ છે કે જે કોઈ વાઘની દોસ્તી રાખે તે વાઘ મરતાં મરે. કરે તેવું પામે. એને પોતાનાં કર્તવ્યોની બરાબર સજા મળી.”





"મારા રાજ્યમાં આટલો સુંદર પ્રદેશ હશે એની મને આજસુધી ખબર ન હતી." મહારાજે આનંદમાં આવી કહ્યું.

અનેરું હાડકું અગર કામના

(હિમાચલ પ્રદેશની લોકકથાને આધારે)

ભીષ્મ સાહની

"સ્વર્ણદેશના" મહારાજા ઉદયગિરિ પચાસ વર્ષની ઉંમરે મહારાજાધિરાજ બન્યા. દેશવિદેશમાં એમના વિજયની નોબત વાગતી હતી. એમના પરાક્રમની કોઈ સીમા ન હતી. અનેક બંદી રાજા એમના મજબૂત કિલ્લાની અંધારી કોટડીમાં છેલ્લા શ્વાસ લેતા હતા અને એમના દેશની રૂપસુંદરીઓ મહારાજાના રાણીવાસની શોભા વધારતી હતી. જ્યારે મહારાજાનું સૈન્ય કોઈ રાજ્યને જીતી પાછું ફરતું ત્યારે મહારાજાના સોનાના ખજાનામાં ઉમેરો થતો અને મહારાજાના મુગટમાં નવાં હીરામોતી ચમકતાં. આમ છતાં મહારાજની કામનાનો પાર ન હતો.

ચોમાસુ પૂરું થવાની તૈયારી હતી. મહારાજ મંત્રીઓ સાથે ઉત્તરના પર્વતોમાં શિકાર ખેલતા હતા. બપોર ચડ્યો હતો. મહારાજ એક હરણના બચ્ચાનો પીછો પકડતાં રસ્તો ભૂલ્યા. શિકારની ધૂનમાં એ માઈલો સુધી ઘોડો દોડાવતા ખૂબ આગળ નીકળી ગયા. હરણનો કંઈ પત્તો ન લાગ્યો. જંગલની સીમા પૂરી થતી હતી. મહારાજ થાકીને એક ઝાડ નીચે ઊભા હતા.

બીજી જ ક્ષણે મહારાજે આંખ ઊંચી કરીને જોયું તો એમનું હૃદય આનંદથી નાચી ઊઠ્યું. સૂર્યાસ્તના લાલ પ્રકાશમાં એક મોટો પહાડ જાણે ગૌરવભર્યું માથું ઊંચું કરી ઊભો હતો. પહાડની નીચે એક મોટું સરોવર છે. સરોવર અત્યંત સ્વચ્છ હતું. જાણે કુદરતની અવર્ણનીય સુંદરતાનું અજબ દર્પણ. પહાડના ઢોળાવ ઉપર ઠેર ઠેર દેવદારનાં ઝાડ હતાં. જમણી તરફના ઢોળાવ ઉપર એક શહેર વસેલું હતું. સૂર્યાસ્તના ઘેરા પ્રકાશમાં શહેરનાં ઘરો દૂર સુધી દેખાતાં હતાં.

મહારાજ કુદરતનું આ સૌંદર્ય એકીટશે જોઈ રહ્યા હતા. એટલામાં એમના મિત્રો એમને શોધતા ત્યાં આવી પહોંચ્યા.

"મારા રાજ્યમાં આટલો સુંદર પ્રદેશ હશે એની મને આજ સુધી ખબર ન હતી." મહારાજે આનંદમાં આવી કહ્યું. પાસે ઊભેલા મહામંત્રીએ હાથ જોડી કહ્યું, "મહારાજ, આ પ્રદેશ તમારા રાજ્યની હદની બહાર છે. તમે જ્યાં ઊભા છો ત્યાં આગળ તમારા રાજ્યની સીમા પૂરી થાય છે."

"ત્યારે શું આ પ્રદેશ મારા રાજ્યની હદમાં નથી?"

"નહિ મહારાજ, એ એક નાનો સ્વતંત્ર દેશ છે. અહીં લોકો માછલાં પકડી પોતાનું ગુજરાન ચલાવે છે."

મહારાજને એક સખત આંચકો લાગ્યો. એમની આંખમાં અદેખાઈ તરવરતી હતી. "આ પ્રદેશ મારા રાજ્યની હદમાં નથી?" કહેતાં મૂઠી વાળી, દૃઢ નિશ્ચય કરી એ બોલ્યા, "આજે ઘેર જઈ સૈન્ય તૈયાર કરો. મહામંત્રી હું જાતે આ પ્રદેશ ઉપર ચઢાઈ કરીશ. મારા રાજ્યની હદ હવે આ પર્વતની ટોચ સુધી હશે." આમ કહી મહારાજ પાછા ફર્યા.

આ બીના બન્યાને હજી દસ દિવસ પણ થયા નથી એટલામાં તો એ શાંત જંગલ સૈનિકોના અવાજથી ગાજી ઊઠ્યું. વનનાં જંગલી

જાનવરો પણ મહારાજના અત્યાચારથી ત્રાસી નાસવા લાગ્યાં. સરોવરનું શાંત પાણી, જ્યાં ગીતો લલકારતા માછીઓ માછલી પકડતા, તે હવે એમના લોહીથી લાલ બન્યું. મહારાજના વીર સૈનિકોનાં બાણના વરસાદથી ઝાડ, પથ્થર વગેરે પણ ભાંગીને ભૂકો થઈ ગયાં. ત્રણ દિવસ વીતી ગયા. મહારાજની સેના સરોવર ઓળંગી શહેર સુધી આવી પહોંચી તોપણ માછીઓએ હથિયાર નહિ મૂક્યાં. રાતને વખતે જ્યારે મહારાજના સૈન્યમાં વિજયનો આનંદઉત્સવ મનાતો ત્યારે પેલા શહેરમાં સ્મશાનના જેવી શાંતિ છવાતી. કોઈ જગ્યાએ ટમટમતો દીવો પણ ન દેખાતો. માછીઓ, બાળક, ઘરડા આખો દિવસ લડતા. રાતના પોતાના મરી ગયેલા સગાસંબંધીને અગ્નિસંસ્કાર કરતા. પોતાના જખમોની સારવાર કરતા. રાતના ગાઢ અંધકારમાં આશાનું કિરણ ન જોતાં, ધરતી પર હાથ ધરી પોતાના પ્રાણનું બલિદાન આપવાના સોગંદ લેતા.

સવારનો વખત હતો. મહારાજ પોતાના તંબુમાં બેસી નવી ચઢાઈની યોજના કરી રહ્યા હતા. એ વખતે પહેરેગીરે આવી પ્રણામ કરી કહ્યું, "મહારાજ, એક માણસ દરવાજે ઊભો છે. તમને મળવા માગે છે."

"કોણ છે?"

"કોઈ ડોસો છે, મહારાજ! કહે છે મરતા પહેલાં મહારાજનાં દર્શન કરવાની ઇચ્છા છે. એટલે મહારાજને મળવા આવ્યો છું."

"કોઈ રાજદૂત હશે" એમ મંત્રી બોલ્યો.

"એની પાસે એકે હથિયાર નથી. મહારાજ, ખૂબ ઘરડો છે. લાકડીને ટેકે મહામુશ્કેલીએ ઊભો રહે છે."

મહારાજે એને અંદર આવવાની રજા આપી. થોડી વારમાં એક બેવડ વળી ગયેલો ડોસો, લાંબો મેલો ઝભ્ભો પહેરી, પોતાની લાકડી ઉપર લંગડાતો લંગડાતો રાજાની સામે આવીને ઊભો રહ્યો. "શું છે, ડોસા? તું કોણ છે? મારી પાસે ઝાઝો વાત કરવાનો વખત નથી." ડોસાએ પ્રણામ કરી કહ્યું, "મહારાજ, વખત તો મારી પાસે પણ થોડો છે. મહારાજની ખ્યાતિ બધે ગવાઈ રહી છે. હું તો તમારાં

દર્શન કરવા આવ્યો છું." મહારાજે થોડી વાર સુધી ડોસા તરફ જોઈ પૂછ્યું, "દુશ્મનના દેશમાંથી આવે છે?"

"નહિ મહારાજ, હું તમારા રાજ્યનો છું. અહીંથી થોડે દૂર મારું ઝૂંપડું છે."

"ડોસા, શું કામ છે તારે?"

"હું તો મહારાજ દાન માગવા આવ્યો છું. મહારાજ, હું ખૂબ ઘરડો છું." કહી ડોસાએ પોતાના ઝભ્ભાના ગજવામાં હાથ નાખી એક નાનો અમસ્તો હાડકાનો ટુકડો કાઢ્યો. "મને આ ટુકડાના વજન બરાબર સોનું આપો, મહારાજ. બીજું મારે કશું નથી જોઈતું." મહારાજ ટુકડો જોઈ – નખ કરતાં મોટો એ ટુકડો ન હતો – હસવા લાગ્યા.

"ઘડપણમાં માણસ ચક્કર થઈ જાય છે. આ ટુકડાના વજનભાર તો રતિભાર સોનું પણ નહિ આવે. બીજું કંઈ માગ."

"તમારે હાથે આપેલું કણભર સોનું પણ મારે મન મોટા ખજાના બરાબર છે, મહારાજ." મહારાજે હસતાં હસતાં ત્રાજવું મંગાવ્યું. પાસે પડેલી ચાંદીની થાળીમાંથી બે સોનામહોર ડોસાની તરફ ફેંકી. "આ બે સોનામહોરથી હાડકાના ટુકડાનું વજન કર."

ત્રાજવું આવ્યું. એક પલ્લામાં હાડકાનો ટુકડો અને બીજામાં સોના-મહોર રાખવામાં આવી. મંત્રીએ તોલ્યું તો હાડકાનો ટુકડો ભારી લાગ્યો. મહારાજ ઝંખવાણા પડ્યા! બીજી બે સોનામહોર ત્રાજવામાં નાખી. માગનારે ભલે થોડું માગ્યું હોય પણ દાનીએ તો દાનમાં ઉદારતા રાખવી જોઈએ. પરંતુ વળી પાછું હાડકાના ટુકડાવાળું પલ્લું ભારી નીકળ્યું.

મહારાજ કંટાળ્યા. ત્રાજવામાંથી હાડકાનો ટુકડો લઈ જોવા લાગ્યા. પછી જરા ખિજવાઈને ચાંદીની થાળીમાંથી મૂઠીભર સોનામહોર ત્રાજવામાં નાખી અને જાતે તોલવા બેઠા.

પહેલાંની માફક હાડકાના ટુકડાવાળું પલ્લું ભારી નીકળ્યું! બધા દરબારીઓ ચકિત થઈ ગયા. મહારાજ ફાટી આંખે હાડકાના ટુકડાને જોવા લાગ્યા. તક જોઈ ડોસાએ કહ્યું, "મહારાજ, હું મારો હાડકાનો

ટુકડો પાછો લઈ લઉં. કદાચ તમારી પાસે એની બરાબર સોનું નહિ હોય." મહારાજથી આ અપમાન સહન ન થયું. એમણે મોટું ત્રાજવું મંગાવ્યું. મહારાજે એક પલ્લામાં નાનોઅમસ્તો હાડકાનો ટુકડો અને બીજામાં ચમકતી સોનામહોરનો થાળ ઊંધો વાળ્યો.



એક ઘણું મોટું ત્રાજવું મંગાવવામાં આવ્યું. મહારાજે એક પલ્લામાં નાનોઅમસ્તો હાડકાનો ટૂકડો અને બીજામાં ચમકતી સોનામહોરનો થાળ ઊંધો વાળ્યો.

પરંતુ હાડકાનો ટુકડો ભારી નીકળ્યો. "આ કોઈ જાદુઈ હાડકાનો ટુકડો છે. તું મારું અપમાન કરવા આવ્યો છે."

મહારાજની આંખ ગુસ્સાથી લાલચોળ થઈ ગઈ. એ ન તો હાડકાનો ટુકડો ફેંકી શકતા કે ન તો બરાબર સોનું આપી શકતા હતા.

એથી ઘણું મોટું ત્રાજવું મંગાવવામાં આવ્યું. સોનામહોરની જગ્યાએ સોનાની ઈંટો મૂકવામાં આવી પણ નાનો અમસ્તો હાડકાનો ટુકડો વજનમાં ભારી નીકળ્યો.

એક પાગલ જુગારીની માફક મહારાજ ત્રાજવામાં સોનાનો ભંડાર ખડકતા ગયા. દરબારી ચિત્રવત્ આ તમાશો જોતા રહ્યા. મહારાજના કપાળે પરસેવાનાં ટીપાં વળ્યાં. ડોસો મલકાઈને હાથ જોડી બોલ્યો: "મહારાજ ઉદયગિરિ, મારું રાજ્ય ઘણું મોટું છે પરંતુ તમારા રાજ્યની

દોલત તો શું, આખી દુનિયાનાં રાજ્યોમાં આ હાડકાના ટુકડાની બરાબર સોનું નહિ મળે."

મહારાજ જોરથી શ્વાસ લેતા હતા. એમણે ડોસા તરફ નજર કરી કહ્યું, "શું કહ્યું, ડોસા? આખી દુનિયાનું સોનું એની તુલના બરાબર નથી?" "હા મહારાજ! દુનિયાના સાત સાગરનું પાણી પણ જો સોનું બની જાય તોપણ આ હાડકાના ટુકડાની તરસ છીપશે નહિ!" મહારાજ સડક થઈ ગયા. એકીટશે ડોસાના ચહેરા તરફ જોવા લાગ્યા. પછી ધીરે રહી બોલ્યા, "શું કહ્યું, ડોસા? આનો ભેદ બતાવ." "આ હાડકાનો ટુકડો કામના છે મહારાજ! એની તરસ હંમેશ વધ્યા જ કરે છે. એની તરસ કદી છિપાતી નથી."

મહારાજ અચંબો પામ્યા. એમના ગંભીર મુખ ઉપર દુઃખ, હાર અને નમ્રતાના ભાવ જણાયા. એમની નજર ડોસાના ચહેરા ઉપરથી હાડકાના ટુકડા તરફ ફરી, "ત્યારે શું ડોસા, આખી દુનિયાની દોલત આ હાડકાના ટુકડાભાર નહિ થાય?"


"ના મહારાજ!" ડોસાએ કહ્યું. પછી ધીરે રહી બોલ્યો, "આ માછીઓનો નાનો દેશ તો ત્રાજવાનાં પલ્લાંને અડકવા પણ નહિ પામે, મહારાજ!"

"ત્યારે શું ડોસા આ હાડકાના ટુકડાની તુલના દુનિયાની કોઈ વસ્તુ નહિ કરી શકે?" મહારાજે પૂછ્યું.

ડોસો મલકાયો. પછી એણે ધીરેથી પોતાની પાસે ઊભેલા સૈનિકની તલવાર લઈ બીજી ક્ષણે પોતાના હાથને જખમ કીધો. "એ આ તે શું કીધું? તારો હાથ કાપ્યો?" મહારાજે દુઃખી અવાજે કહ્યું. ડોસાએ પોતાના જખમી હાથમાંથી ટપકતા લોહીના એક ટીપાને ત્રાજવાના પલ્લામાં નાખ્યું. જોતજોતામાં હાડકાના ટુકડાવાળુ પલ્લું ઊંચકાઈ ગયું, એટલે સુધી કે લોહીના ટીપાવાળું ત્રાજવું એકદમ નીચે જઈ બેઠું. "મહારાજ ઉદયગિરિ, મારું તો એક ડોસાનું લોહી, એમાં કંઈ તરવરાટ નથી. પરંતુ કોઈ જુવાન કે બાળકના લોહીના સ્પર્શમાત્રથી પલ્લું ભારી થશે."

મહારાજ અસ્વસ્થ બન્યા. ચૂપચાપ તંબુમાંથી નીકળી સરોવરની સામે આવી ઊભા રહ્યા. બાણોની ઝડી હજી પણ એટલા જ વેગથી વહેતી હતી. સરોવરનું પાણી લોહીએ રંગાયેલું હતું. સરોવરની સામે ઊભેલા રાજા ઘડીકમાં હાડકાના ટુકડા તરફ જોતા, તો ઘડીકમાં સરોવરના પાણી તરફ.

બીજે જ દિવસે સવારે માછીઓએ જોયું કે મહારાજ ઉદયગિરિનું સૈન્ય પાછું વળતું હતું. વનમાંથી નાસી છૂટેલાં પશુપક્ષી ફરી પાછાં પોતાની ગુફા અને માળામાં ફરી રહ્યાં હતાં.





બલરામે મૂર્તિની પૂજા કરી ફૂલ ચઢાવ્યાં અને ધનને માટે પ્રાર્થના કરવા લાગ્યો.

કર્મ-ચક્ર

(મધ્ય ભારતની લોકકથા)

યુધિષ્ઠિર કુમાર

ઘણા જૂના સમયની આ વાત છે. એક વાર લક્ષ્મી અને સરસ્વતી આપસમાં લડી પડ્યાં. લક્ષ્મી બોલી, "મારા આશીર્વાદ આગળ કર્મનું શું ગજું?" જ્યારે સરસ્વતી કહેવા લાગી, "માણસમાત્રને પોતાનાં

કરેલાં કર્મનું ફળ ભોગવવું પડે છે." બંને ખૂબ ચર્ચા કરવા લાગ્યાં. છેવટે લક્ષ્મી બોલી, "આપણે બંને લક્ષ્મીના મંદિરની મૂર્તિ પાછળ સંતાઈ જઈએ. ત્યાં જે કોઈ ધનની ઇચ્છા રાખતો પહેલો આવશે એને એ માગે એટલું હું દ્રવ્ય આપીશ. પછી જોઈશું કે કર્મ એને કેવી રીતે સુખી કરતાં રોકે છે." સરસ્વતીએ કહ્યું, "બરાબર છે. તને એક નહિ ત્રણ તક આપવામાં આવશે." બંને લક્ષ્મીના મંદિરની મૂર્તિ પાછળ સંતાઈ ગયાં. મંદિરની પાસે અંબર નામનું એક ગામ હતું. એ ગામમાં બલરામ નામનો એક કઠિયારો ખૂબ ગરીબીમાં પોતાનું દુઃખી જીવન પસાર કરતો હતો. એની સ્ત્રીનું નામ સુનીતિ હતું. એને સંતાનમાં એક છોકરો અને એક છોકરી હતાં. એ દરરોજ લાકડાં કાપી કે અડોશપડોશનું પરચૂરણ કામ કરી પોતાનું ગુજરાન ચલાવતો. પરંતુ ત્રણ દિવસથી લાગલગાટ વરસાદને લીધે એ ઘર બહાર નીકળી નહોતો શક્યો. અને તેથી ઘરમાં અનાજનો એક દાણો પણ ન હતો. બાળકો ભૂખથી બાવરાં બની ગયાં અને ધણીધણિયાણી ચિંતામાં પડ્યાં. બીજે દિવસે સવારે વરસાદ બંધ પડ્યો. અને સુનીતિએ બલરામને કામની શોધમાં મોકલ્યો. બલરામે જંગલમાં લાકડાં કાપ્યાં અને થોડાં ફૂલ ચૂંટયાં. ફૂલ લઈ એ મંદિરમાં ગયો. બલરામ ઘણો નસીબદાર હતો કારણ કે મંદિરમાં બંને દેવીઓ સંતાઈ રહી હતી અને સૌથી પહેલો મંદિરમાં દાખલ થનાર એ હતો. બલરામે મૂર્તિની પૂજા કરી ફૂલ ચઢાવ્યાં અને પ્રાર્થના કરવા લાગ્યો. લક્ષ્મીદેવીએ યોગ્ય પ્રસંગ જોઈ સોનાની મહોરોનો વરસાદ વરસાવ્યો. બલરામ ફાટી નજરે જોઈ રહ્યો. એ વિચારવા લાગ્યો, "આ સાચું છે કે સ્વપ્ન?" ઘણી વાર રહીને એને ભાન થયું કે દેવી ખરેખર એને પ્રસન્ન થઈ હતી.

મંદિરના એક ખૂણામાં એક માટીનું હાંલ્લું હતું. એની અંદર બધી મહોરો ભરી ખૂબ ખુશ થતો એ પોતાને ઘેર આવ્યો. બહારથી જ એણે પોતાની પત્નીને જોર જોરથી બૂમ પાડવા માંડી, "સુનીતિ, જોતો ખરી હું શું લાવ્યો?" સુનીતિ કોઈ પડોશીને ત્યાં લોટ ઉછીનો લેવા ગઈ હતી. એટલે બલરામ એને શોધવા નીકળ્યો. થોડી વારમાં બંને

જણુ ઘેર આવ્યાં. બલરામ હસી હસીને સઘળી વાત કરતો હતો. સુનીતિ એની વાત માનતી ન હતી. ઘેર આવી બંનેએ જોયું કે હાંલ્લી ભરીને મહોર તો શું, એક મહોર પણ ત્યાં ન હતી. બલરામ ઢગલો થઈ પડ્યો. સુનીતિ એને ગાળો દેવા લાગી. બીચારો શું બોલે? ચૂપચાપ પડી રહ્યો. બીજે દિવસે સવારે એ વળી પાછો દેવીને મંદિર પહોંચ્યો. લક્ષ્મી વિચારતી હતી કે બલરામ હવે પૈસાદાર બની ગયો. એટલે એની ઘણી ઠાઠમાઠથી પૂજા કરશે. બલરામે રડતાં રડતાં બધી વાત કરી. ત્યારે આ વખતે લક્ષ્મીએ પોતાનો મણિમાણેકનો ગળાનો હાર એની ઉપર ફેંક્યો. બલરામ રાજી થતો થતો ચાલવા લાગ્યો. રસ્તામાં એને યાદ આવ્યું કે આગલે દિવસે એને ધન મળ્યા બાદ નહાઈ ધોઈ પૂજા નહોતી કરી એટલે જ એનું ધન ખોવાઈ ગયું હતું. એમ વિચારતો તે એક સરોવર પાસે આવી પહોંચ્યો. હાર પહેરણના ગજવામાં બરોબર બાંધી, કપડાં સરોવરને કિનારે મૂકી, એ નાહવા પડ્યો. જ્યારે એ સૂર્યની પૂજા કરી રહ્યો હતો ત્યારે કપડાં તરફ એની પૂંઠ હતી. હાર ગજવામાંથી જરા જરા દેખાતો હતો. એક માછલી એને ખાવાની વસ્તુ સમજી એને ફટ ગળી ગઈ. આ બાજુ બલરામ નહાઈને આવ્યો તો હાર ગૂમ થયેલો જોઈ બધે શોધવા લાગ્યો. ઘેર જઈ રડતાં રડતાં એણે એની સ્ત્રીને સઘળી વાત કરી. સુનીતિએ એની વાત સાચી માની નહીં. ઉપરથી એને વધારે ગાળો ચોપડી.

વળી પાછો બીજે દિવસે સવારે બલરામ દેવીને મંદિર ગયો. લક્ષ્મી સરસ્વતીને કહેતી હતી, "આજે બલરામ નહીં આવે. હવે તો એ બહુ પૈસાદાર બની ગયો હશે. માણસજાત સુખમાં કદી પ્રભુને યાદ કરતી નથી."

પરંતુ થોડી જ વારમાં રડતોકકળતો બલરામ આવ્યો. એણે દેવીને બધી વાત કરી. લક્ષ્મીએ ત્યારે સરસ્વતીને કહ્યું, "આ માણસ તદ્દન બેવકૂફ લાગે છે." સરસ્વતી બોલી, "એ બેવકૂફ નથી. એના આગલા ભવનાં ખરાબ કામોનું ચક્ર પૂરું થયું નથી." લક્ષ્મી ખિજવાઈ ને બોલી, "વળી એની એ કર્મચક્રની વાત. હવે હું એને અતિ કીમતી

એક પથ્થર આપું છું. જો, એ પથ્થર [illegible] લે
છે.” એમ કહી એણે એક નાનો કીમતી પથ્થર બલરામ તરફ ફેંક્યો. બલરામ પથ્થર ફાટી આંખે જોઈ રહ્યો. પછી પથ્થર બરાબર મૂઠીમાં દબાવી એ ઘર તરફ દોડ્યો. સુનીતિને જલદી જલદી એને મળવાની તાલાવેલી હતી. અડધે રસ્તે આવી મૂઠી ખોલી એ જોવા લાગ્યો કે પથ્થર ગૂમ તો નથી થઈ ગયો ને? લાલ પથ્થર ચમકતો જોઈ એક સમડી એને ખાવાનું સમજી સપાટાભેર ચાંચમાં ઘાલી ઊડી ગઈ. હવે બલરામ કપાળ કૂટવા લાગ્યો. આ વખતે એણે એની સ્ત્રીને કશી વાત ન કરી. ચૂપચાપ એ પથારીમાં જઈ સૂઈ ગયો. એને આવી રીતે પડેલો જોઈ સુનીતિનું હૃદય પીગળી ગયું. એ એને દિલાસો આપવા લાગી. બીજે દિવસે એ મંદિર ન જતાં મજૂરી કરવા ગયો. કારણ કે સુનીતિએ એને લાકડાં કાપવા જવાનું કહ્યું હતું.

આ બાજુ મંદિરમાં લક્ષ્મી સરસ્વતીને કહેવા લાગી, “હવે તો બલરામ જરૂર લખપતિ બની ગયો હશે. હવે એ શા માટે મંદિરમાં આવે?” ત્યારે સરસ્વતી બોલી, “ના બહેન, હજી એ હતો એવો ને એવો જ ગરીબ છે. પણ સાંજના એનું કર્મચક્ર પૂરું થતાં એ જરૂર લખપતિ બનશે.”


સાંજ પડતાં બલરામ આઠ આના કમાયો. એમાંથી એ લોટ, મીઠું, તેલ, માછલી વગેરે ચીજો ખરીદી ઘેર આવ્યો. એનાં સ્ત્રીબાળકો આ બધું જોઈ ઘણાં ખુશ થયાં. એની સ્ત્રી રસોડામાં જઈ ખાવાનું બનાવવા બેઠી અને બલરામ કુહાડી લઈ લાકડાં ફાડવા લાગ્યો. સંજોગવશાત્ એવું બન્યું કે એ જે બાવળની ડાળી કાપી રહ્યો હતો, એમાં સમડીના માળામાં પેલો કીમતી પથ્થર હતો. એને જોતાં જ એ એટલો બધો ખુશ થયો કે લાકડાં, કુહાડી બધું છોડી ઘર તરફ દોડ્યો અને બૂમ પાડવા લાગ્યો, “સુનીતિ, ચોર પકડાયો, ચોર પકડાયો.”

આ બાજુ સુનીતિએ માછલી કાપી તો અંદરથી મણિમાણેકનો પેલો હાર નીકળ્યો. એ પણ હાર બતાવવા બહાર દોડી. દોડતાં દોડતાં બોલવા લાગી, “ચોર પકડાયો, ચોર પકડાયો.”



આ બાજુ સુનીતિએ માછલી કાપી તો અંદરથી માણેકમોતીનો પેલો હાર નીકળ્યો.
ઘેર આવ્યાં ત્યારે બંને ચકિત થઈ ગયાં કારણ કે એમને ત્રણે ચીજ મળી ગઈ હતી.

આ બધી હોહા સાંભળી પડોશમાં રહેતી ડોસી ગભરાઈ ગઈ. એણે પહેલે દિવસે મહોર ભરેલી હાંલ્લી ચોરી લીધી હતી. એ સમજી કે એની ચોરી પકડાઈ ગઈ અને બંને હવે પકડવા એને ઘેર આવી રહ્યાં છે. છાનીમાની એ મહોરની હાંલ્લી બલરામને ઘેર ખૂણામાં મૂકી આવી. જ્યારે બલરામ અને સુનીતિ ઘેર આવ્યાં ત્યારે ચકિત થઈ ગયાં કારણ કે એમને ત્રણે ચીજ મળી ગઈ હતી. હવે બલરામ ખૂબ પૈસાવાળો બની ગયો. અને મોજથી રહેવા લાગ્યો.



દીપકદેવે કહ્યું, "રાણી, મકાન બનાવવી વખતે તારે કડિયાને ગારાનાં ને ચૂનાનાં ભરેલાં તગારાં ભરીભરીને આપવાનાં હોય તો કેવું લાગે? તગારાં ઊંચકવાં એ કળીઓથી પણ વધારે ખૂંચશે?"

ફૂલોની પથારી

(મિથિલાની લોકકથા)


ભગવાનચંદ્ર ગુપ્ત

મિથિલાનગરીમાં એક રાજા રાજ્ય કરતો હતો. રાજાની રાણીને કપડાં તથા ઘરેણાંનો અતિશય શોખ હતો. કોઈ વાર એને સોનાનાં લવંગિયાં, તો કોઈ વાર હીરાનો હાર, તો કોઈ વાર મોતીની માળા જોઈતી. કપડાંની તો વાત જ જવા દો. કોઈવાર ભાગલપુરનું ટસરકાપડ, તો કોઈ વાર ઢાકાની ઝીણી મલમલ જોઈતી. રાતના સૂવા માટે ફૂલોની પથારી જોઈતી. ફૂલ પણ પૂરાં ખીલેલાં નહીં. અધખીલી કળીઓ કે જે રાતના ધીરે ધીરે ખીલતી. દરરોજ નોકર અધખીલી કળીઓ ચૂંટી લાવતા અને દાસી એની પથારી બનાવતી. એક વાર એમ બન્યું કે અધખીલી કળીઓની સાથે થોડાં ખીલેલાં ફૂલ આવી ગયાં. રાણીને ઘણી બેચેની લાગવા માંડી.

રાણીને ઊંઘ શાની આવે? ખીલતી કળીઓ ખૂંચી રહી હતી. ઓરડામાં દીપકદેવ જલતા હતા. એમનાથી ન રહેવાયું. દીપકદેવે

કહ્યું, "રાણી, મકાન બનાવતી વખતે તારે કડિયાને ગારાનાં ને ચૂનાનાં તગારાં ભરી ભરીને આપવાનાં હોય તો કેવું લાગે? તગારાં ઊંચકવાં એ કળીઓથી પણ વધારે ખૂંચશે?" રાણીએ સવાલનો કોઈ જવાબ ન આપ્યો. એ તો સડક થઈ ગઈ પણ એટલામાં રાજા ઊઠી પડ્યો અને એણે બધી વાત સાંભળી.

રાજાએ રાણીને કહ્યું, "દીપકદેવનું કહ્યું અજમાવી જો. એની આજ્ઞાનો ભંગ કરવો સારો નહિ. રાણી ખુશ થઈ. રાજાએ લાકડાનો પેટારો બનાવડાવ્યો. એમાં રાણીને પૂરી નદીમાં તરતો મૂકી દીધો. પેટારો ખેંચાતો ખેંચાતો બીજા રાજ્યને કિનારે જઈ અટક્યો. રાણીના નણદોઈનું એ રાજ્ય હતું. નદીના ઘાટ ઉપર રહેતા માણસો પેટારાને ખેંચીને નદી-કિનારે લાવ્યા. ખોલીને જોયું તો અંદરથી એક સુંદર સ્ત્રી નીકળી.



નદીના ઘાટ ઉપર રહેતા માણસો પેટારાને ખેંચીને નદીકિનારે લાવ્યા અને ખોલીને જોયું તો અંદરથી એક સુંદર સ્ત્રી નીકળી.

રાણીના દાગીના તથા કીમતી કપડાં પહેલેથી બદલી નાખવામાં આવ્યાં હતાં. રાણીએ જાડાં ફાટ્યાંતૂટ્યાં કપડાં ધારણ કર્યાં હતાં. રાજા એને ઓળખી ન શક્યો. રાણીએ પણ પોતાનું નામઠામ ન જણાવ્યું કારણ કે એ દીપકદેવની વાતની પરીક્ષા કરવા માગતી હતી. રાજાનો એક નવો મહેલ બંધાઈ રહ્યો હતો. રાજાને કામ કરનારાની જરૂર હતી. રાજાએ એને પૂછ્યું, "તું શું કામ કરશે?"

રાણીએ પોતાની ઇચ્છા બતાવતાં કહ્યું, “ મકાન બાંધવામાં ગારાનાં ને ચૂનાનાં તગારાં ઊંચકવાનું કામ હું કરીશ.” રાજાએ રાણીને તગારાં ઊંચકવાનું કામ સોંપ્યું. રાણી દિવસ આખો તગારાં ઊંચકતી અને મજૂરીના થોડા જે પૈસા આવતા તેમાંથી પોતાનું ગુજરાન ચલાવતી. દિવસ આખો સખત કામના થાકને લીધે લૂખો રોટલો મળતો તે પણ ઘણો મીઠો લાગતો અને આખી રાત રાણી ખરબચડી મેલી પથારી ઉપર ઘસઘસાટ ઊંઘતી. વહેલી સવારે ઊઠી પોતાનું ઘરકામ પતાવી તે આનંદભેર મજૂરીએ વળગતી.

એ પ્રમાણે કામ કરતાં ઘણા દિવસો વીતી ગયા. એક વાર રાણીનો પતિ પોતાના બનેવીને ત્યાં કંઈ કામસર આવ્યો. ખાસ કરીને મન ખુશ કરવા. કારણ કે રાણી વગર રાજાને ગમતું ન હતું. એકલા રાજકાજમાં એનું દિલ નહોતું લાગતું. રાજાએ મહેલમાં રાણીને અચાનક જોઈ. જોતાં વાર જ રાજાએ એને ઓળખી. મહેનતમજૂરીને લીધે રાણી જરા કાળી પડી ગઈ હતી પણ તબિયત ચાક હતી. રાણીએ પણ રાજાને ઓળખ્યો. રાજાએ તોપણ રાણીને પૂછ્યું, “ તગારાં ઊંચકવાં કેવાં લાગે છે ?”

રાણી હસીને બોલી, “ કળીઓ ખૂંચતી હતી, તગારાં ખૂંચતાં નથી.”

રાજાનો બનેવી બંનેને વાત કરતાં સાંભળી નવાઈ પામ્યો. એણે ભેદ જાણવાની ઇચ્છા બતાવી. રાજાએ બધી હકીકત કહી. એનો બનેવી વાત સાંભળી ચકિત થઈ ગયો. એણે રાણીને મજૂરીના કામમાંથી છૂટી કરી અને આરામથી રહેવા ખાવાપીવાનો બંદોબસ્ત કરી આપ્યો. થોડા દિવસ બાદ રાણીએ રાજાને પૂછ્યું, “ હવે તને કેમ લાગે છે ?”

રાણીએ કહ્યું, “ તે આનંદ ક્યાં ? આળસ વળી શરીરને બેચેન બનાવશે. ડર લાગે છે કે વળી પાછી કળીઓ ખૂંચશે.”

રાજાએ પોતાની ઇચ્છા બતાવી, “ આપણે એક કામ કરીએ. આપણે બંને દિવસ આખો મહેનત કરી રાતના ફૂલની પથારીમાં સૂઈશું.” રાણીએ પોતાના અનુભવ ઉપરથી કહ્યું, “ ત્યારે તો ફૂલની પથારીની જરૂર જ નથી. એની મેળે સુંદર ઊંઘ આવશે.”

ટમરક ટૂં

(રાજસ્થાનની બાળ-લોકકથા)

અક્ષયચંદ્ર શર્મા

એ હતા ભરપૂર ચોમાસાના દિવસો. સારીયે ધરતી લીલીછમ. ખેતરોની શોભાની તો વાત જ શી કરવી! હરિયાળી બાજરી, કૂણાંકૂણાં કણસલાં પર દૂધિયા દાણા. સોનેરી આછો ઘેરો એનો રંગ. જાણે મોતીઓ ઉપર કોઈએ સોનેરી પાણી ચડાવ્યું ન હોય! તડબૂચના લીલા વેલા આમતેમ પથરાયેલા હતા. ખાવા ધાતી રેતાળ ધરતી પર પણ જાણે દરોઈની જાજમ બિછાઈ ગઈ હતી! તેમાંયે ભૂરિયા ખેડૂતનું ખેતર તો કમાલ હતું. બાજરીના એક છોડ ઉપર દસદસ કણસલાં. ભૂરિયો દિવસ આખો નાચતોકૂદતો ખેતરમાં કામ કરતો. એક હોલાએ ભૂરિયાનું ખેતર જોયું. એનું મન લલચાયું. દરરોજ સવારે દાણા ચણવા એ ભૂરિયાને ખેતરે જતો. ફર ફર કરતો બાજરી ઉપર બેસતો. દાણા ચણી જતો. ભૂરિયો ડબ્બા ઠોકી કે અન્ય જાતના અવાજ કરી પક્ષી ઉડાડતો.

એક દિવસ ભૂરિયાએ હોલાને કહ્યું, "તું મારા ખેતરમાં આવવાનું બંધ કર, નહિતર હું તને પકડીને બાંધી લઈશ." હોલાએ કહ્યું, "ખેતર તારું એકલાનું થોડું છે? મારી મા, મારી દાદી, મારી મોટી દાદી અહીં જ દાણા ચણતી. જોયો મોટો પકડવાવાળો. હું તો આકાશમાં ઊડનારું પક્ષી. મારી મા કહેતી કે માણસ જેટલું ઉદ્ધત કોઈ નહિ. ખરી વાત?"

ભૂરિયો ચૂપ રહ્યો. બીજે દિવસે ભૂરિયાએ એક યુક્તિ કરી. સમડીના ઝાડ ઉપર એક ફાંસો બનાવ્યો. હોલો ઊડતો ઊડતો જેવો સમડીના ઝાડ ઉપર બેસવા ગયો કે એનો પગ ભેરવાઈ ગયો. ભૂરિયો તાકી રહ્યો. દોડતો આવ્યો. એણે હોલાના બંને



ભૂરિયાએ હોલાને બંને પગે કમકમાવીને બાંધ્યો અને ઊંધો લટકાવ્યો. ભૂરિયો બોલ્યો, "ઊડ જોઉં હવે!"

પગ કસકસાવીને [illegible] લટકાવ્યો. ભૂરિયો બોલ્યો, "ઊડ જોઉં હવે!"

હોલો બીચારો ચૂપ થઈ ગયો. કંઈ બોલી ન શક્યો. એ તો જાણતો હતો કે ભૂરિયાનું હૃદય એટલે પથ્થર. દાદફરિયાદથી પીગળે તો એ ભૂરિયો નહિ. ચાંચ જરા એક તરફ કરી એણે ભૂરિયાને જોઈ લીધો. અને ભૂરિયો ચાલ્યો, "ઊડ જોઉં હવે" કહેતો.

ગાયોનો એક ગોવાળ ખેતરની બીજી તરફથી નીકળ્યો. એક હાથમાં પકડી છે લાકડી ને બીજા હાથમાં વાંસળી. ગાયોનું ટોળું પાસે ચરતું હતું. હોલાએ રડતાં રડતાં ગાવા માંડ્યું :

હે ગાયોના ગોવાળ રે ભાઈ, ટમરક ટૂં
કેદી હોલાને છોડાવ રે ભાઈ, ટમરક ટૂં
બચ્ચાં ઝૂરે ડુંગરિયે રે ભાઈ, ટમરક ટૂં
મારાં નાનાં નાનાં બાળ રે ભાઈ, ટમરક ટૂં
આંધીમાં અથડાશે રે ભાઈ, ટમરક ટૂં
મેઘલાથી મરી મરી જાશે રે ભાઈ, ટમરક ટૂં
લૂથી બળી બળી જાશે રે ભાઈ, ટમરક ટૂં


હોલાના અવાજમાં ખૂબ દર્દ હતું. એનું દિલ રડતું હતું. એનું હૃદય ધડકતું હતું. ગોવાળ અટક્યો. એણે ઝાડ ઉપર બાંધેલો હોલો જોયો. ગોવાળની આંખમાંથી બોર બોર જેવડાં આંસુ પડવા લાગ્યાં. એ બીચારો શું કરે? ભૂરિયાથી કોણ નહોતું ડરતું? ભૂરિયો રહ્યો કજિયાળો. સૂતેલા નાગને કોણ છેડે? ગોવાળે ભૂરિયાને કહ્યું, "ભાઈ ભૂરિયા, મારી સરસ દૂધાળી ગાય લે, પણ આ હોલાને છોડી મૂક." ભૂરિયાએ ચોખ્ખી ના કહી. ગોવાળ ચાલતો થયો. એટલામાં ઊંટનો ગોવાળ ત્યાંથી નીકળ્યો. વળી હોલાએ એ પ્રમાણે ગાયું. ઊંટના ગોવાળે ભૂરિયાને કહ્યું, એક ફક્કડ ઊંટ આ ટોળામાંથી લે, પણ બીચારા હોલાને છોડ. ભૂરિયાએ ચોખ્ખી ના કહી. અને ઊંટનો ગોવાળ ચાલતો થયો. એ પ્રમાણે ઘેટાંબકરાંનો ગોવાળ નીકળ્યો. પણ ભૂરિયો બિલકુલ ડગ્યો નહિ. એટલામાં એક ઉંદર દરમાંથી નીકળ્યો. ઉંદરે હોલાને કહ્યું,

"હોલાભાઈ હોલાભાઈ નીચે આવો,
ધૂળમાં ખેલી ગીત સુણાવો."

હોલાએ રડતાં રડતાં કહ્યું, "ઉંદરભાઈ, જુઓ તો મારા હાલ. ભૂરિયાએ મને કેવો બાંધ્યો છે? હું તો હવે મરીને જ નીચે પડીશ. હવે હું કેવી રીતે ગાઈશ? કેવી રીતે રમીશ? મારાં નાનાંનાનાં બચ્ચાં પહાડીની પાછળ. . . . ." કહેતાં કહેતાં હોલાનું ગળું રૂંધાઈ ગયું. ઉંદરે બરોબર થડની બહાર નીકળી જોયું. મૂંછના દોરા હલાવતા હલાવતા ઉંદરે કહ્યું, "ગભરાતો નહિ. ભૂરિયાનો ફાંસો શું, મોતના મોંમાંથી પણ હું તને છોડાવીશ."

એટલામાં ભૂરિયો આવતો દેખાયો. ઉંદરે ભૂરિયાને કહ્યું "ભૂરિયા! ઓ ભૂરિયા! મારી પાસે દરની અંદર સોનાનો મોટો ઢગ છે. તું હોલાને છોડી દે તો હું તને એ ઢગ કાઢી આપું. તારું ઘર સોનાથી લાદી દઈશ." ભૂરિયો સોનાની વાત સાંભળી રાજી રાજી થઈ ગયો અને કહેવા લાગ્યો, "ઉંદર મામા, તમે તો પાતાળના રાજા કહેવાવ. તમારી વાત નહીં સાંભળું તો કોની સાંભળીશ?" ભૂરિયાએ આટલું કહી હોલાના પગ છોડી દીધા. હોલો ફર ફર કરતો ઊડી ગયો!

ઉંદરે દરમાં ઘૂસતાં કહ્યું, "લોભે લખ્ખણ જાય રે ભાઈ ટમરક ટૂં.





પહેરેગીર બોલ્યો, "ભાઈ, તમારે એની સાથે શી લેવાદેવા? તમે તમારું કામ કરો."

સંતરાની રાજકુમારી

(ઉત્તર પ્રદેશની લોકકથા)

શિવનયના મહેતા

કોઈ એક દેશમાં ઘણું મોટું વન હતું. એ વનની બરોબર વચમાં એક સંતરાનું ઝાડ હતું. એ ઝાડની નીચે એક પહેરેગીર પહેરો ભરતો. એક દિવસ બે રાજકુમારો વનમાં શિકાર કરતા ઘણે દૂર નીકળી સંતરાના ઝાડ નીચે આવી પહોંચ્યા. પહેરેગીરને ચોકી કરતો જોઈ બંનેને ઘણી નવાઈ લાગી. ઘણી વાર સુધી બંને પહેરેગીરને જોતા રહ્યા. પણ કશી સમજણ ન પડી. પછી બંનેએ એકબીજાની સાથે મસલત કરી અને પહેરેગીરની પાસે આવી પૂછવા લાગ્યા, "પહેરેગીર, તમે અહીં સંતરાના ઝાડ નીચે કેમ પહેરો ભરો છો?" આ સાંભળી પહેરેગીર હસીને કહેવા લાગ્યો, "ભાઈ, તમારે એની સાથે શી લેવાદેવા? તમે તમારું કામ કરો." આ સાંભળી બંને રાજકુમાર ઉદાસ બન્યા અને વિચારવા લાગ્યા કે એવી શી વાત હશે કે પહેરેગીર જણાવતો નથી?

એટલે પહેરેગીરને ખૂબ આગ્રહપૂર્વક કહેવા લાગ્યા, "પહેરેગીર, તમે શા માટે અહીં પહેરો ભરો છો તેનો ભેદ જાણ્યા વગર અમે અહીંથી જવાંના નથી."

પહેરેગીર બોલ્યો, "ભેદ બતાવવામાં મને કશી હાનિ નથી થવાની. પણ તમને એ જાણ્યા પછી માત્ર દુઃખ જ થશે અને કશો લાભ નહિ થાય. એટલે હું બતાવવા માગતો નથી."

ત્યારે મોટો રાજકુમાર બોલ્યો, "અમે કોઈ પણ પ્રકારના દુઃખથી કે આફતથી ડરતા નથી. અમે ગમે એવી આફતનો સામનો કરીશું અને દુઃખ ભોગવવા તૈયાર રહીશું."

નાનો રાજકુમાર મોટાને કહેવા લાગ્યો, "ચાલો ભાઈ, ઘેર ચાલો. કોણ જાણે કેવી કેવી આફતમાં હોમાશું? અહીં જંગલમાં આપણું કોણ બેલી?" મોટો ભાઈ બોલ્યો, "આપણને ડર કેવો? આપણે રજપૂત બચ્ચા છીએ. તને બીક લાગતી હોય તો જા ઘેર. મને તો પૂરો ભેદ જાણીને જ શાંતિ થશે."

ત્યારે નાનો ભાઈ બોલ્યો, "ના ભાઈ, હું તને એકલો છોડીને નહિ જાઉં. પિતાજીની સામે હું એકલો કેવી રીતે મોઢું બતાવી શકું? જેમ તું કહેશે એમ હું કરીશ."

પહેરેગીર બોલ્યો, "ત્યારે શું તમે ભેદ જાણ્યા વગર જવાના નહિ? જેવી ભગવાનની મરજી. બેસો આ સામેના પથ્થર ઉપર અને સાંભળો વાત." એમ કહી પેલો પહેરેગીર પણ એક પથ્થર ઉપર બેઠો. થોડી વાર વિચાર કરીને માથું ખંજવાળતાં એણે વાત શરૂ કરી:

"આ સંતરાના ઝાડનું થડ પોલું છે. એની અંદર ઊતરો તો બહુ સુંદર હીરાઝવેરાતથી ચમકતો એક મહેલ છે. એની અંદર એક રાજકુમારી રહે છે. સુંદરતામાં રાજકુમારીની કોઈ બરોબરી કરી શકે એમ નથી. મહિનામાં એક વાર એ પોતાની સખીઓ સાથે જંગલમાં ફરવા નીકળે છે. પૂનમની મધરાતે અહીં જંગલમાં મંગલ બની જાય છે. પણ સવાર પડતા પહેલાં રાજકુમારી એની સખીઓ

સાથે પાછી મહેલમાં ચાલી જાય છે. હું અહીં એ રાજકુમારીના મહેલની ચોકી કરવા રાખેલો પહેરેગીર છું. થડની અંદર મહેલ ફરતા બીજા ઘણા પહેરેગીર છે. અહીં ઘણા રાજકુમાર આવી ગયા. દરેક રાજકુમારીને પરણવા માગતા પણ આખરે મરણ પામતા. એ લોકોની દશા જોઈ મને ઘણી દયા આવતી પણ એ લોકો પણ તમારા જેવા જીદ્દી હતા. કેટલું કહેવા છતાં માને જ નહિ."

ત્યારે મોટો ભાઈ બોલ્યો, "પહેરેગીર, હું પણ રાજકુમારીને જોવા માગું છું. શા માટે આટલા બધા રાજકુમાર એની પાછળ મરી ફીટયા એ હું જાણવા માગું છું."

પહેરેગીરે એને બહુ સમજાવ્યો પણ એ એકનો બે ન થયો. ત્યારે એ બોલ્યો, "પૂનમની રાતે અહીં ઝાડીમાં છુપાઈ રહેજે. જ્યારે રાજકુમારી એની સખીઓ સાથે મધરાતે નીકળે ત્યારે તું એને જોઈ લેજે. પરંતુ યાદ રાખજે. ચૂપચાપ બેસી રહેજે. જરા પણ અવાજ થતાં આફત આવી પડશે." પહેરેગીરની વાત સાંભળી બંને રાજકુમાર ઘણા ખુશ થયા. પૂનમની રાતે ત્યાં આવવાનું નક્કી કરી બંને જણ ઘેર આવ્યા.

પૂનમની રાતની રાજકુમાર કાગડોળે રાહ જોવા લાગ્યો. પૂનમને દિવસે રાજાની રજા લઈ બંને રાજકુમાર જંગલમાં શિકાર કરવા નીકળ્યા. જંગલમાં આખો દિવસ આરામ કરી રાત પડતાં સંતરાના ઝાડની પાસે ઝાડીમાં સંતાઈ ગયા. અડધી રાત થતાં થડની અંદર અજવાળું થયું. પછી એક બહુ જ સુંદર છોકરી બહાર નીકળી. ચારે તરફ જોઈ અંદર ચાલી ગઈ. પાંચદશ મિનિટ રહીને આઠદસ છોકરીઓ બહાર નીકળી. બધી એક એકથી સુંદર હતી. પછી ધીરે રહીને રાજકુમારી બહાર આવી. એ જ્યારે બહાર નીકળી ત્યારે ચંદ્રમા શરમનો માર્યો વાદળાંની અંદર સંતાઈ ગયો. રાજકુમારીની સુંદરતા જોઈ બંને રાજકુમારો સ્તબ્ધ થઈ ગયા. કોઈ સ્વપ્નું જોતા હોય એમ બંનેને લાગ્યું.

રાજકુમારી અને એની સખીઓ ઘણી વાર સુધી ત્યાં નાચગાનમાં આનંદ કરવા લાગી. સંતાકૂકડી પણ રમી.



પછી ધીરે રહીને રાજકુમારી બહાર આવી. એ જ્યારે બહાર નીકળી ત્યારે ચંદ્રમા શરમનો માર્યો વાદળાંની અંદર સંતાઈ ગયો.

સવાર પડતા પહેલાં સૌ મહેલમાં અદૃશ્ય થઈ ગયાં. મોટો ભાઈ રાજકુમારીની પાછળ જવા તૈયાર થયો. નાના ભાઈએ એને જેમ તેમ કરીને અટકાવ્યો. સવાર પડતાં પહેરેગીરને મળી રાજકુમારે મહેલની અંદર જવાની ઇચ્છા બતાવી. પણ પહેરેગીરે ડોકું ધુણાવી કહ્યું, "ત્યાં જવું સહેલ નથી. રાજકુમારીની ઉપર કોઈએ જાદુ કર્યું છે એટલે એની પાસે કોઈ જઈ શકતું નથી. પણ એક ઇલાજ છે. કોઈ સંતરાના ઝાડ ઉપરથી એ ફૂલ લાવે તો તે રાજકુમારીના મહેલમાં જઈ શકે. પરંતુ સંતરાના ઝાડને અડકવું નહિ. જમીન ઉપર પડેલાં ફૂલ પણ કામમાં નહિ આવે. ઝાડ ઉપરનાં નીચાં ફૂલ હાથથી પણ તોડવાં નહિ. વિચારી જોજો. આવતે મહિને નવાં ફૂલ ઝાડને આવશે." બંને રાજકુમાર વાત સાંભળી ઘેર ગયા.

બીજે મહિને શિકારનું બહાનું કાઢી બંને રાજકુમાર વળી પાછા જંગલમાં આવ્યા. બંને ખૂબ મૂંઝાતા હતા કે હાથ લગાડ્યા વગર

ઝાડ ઉપરનાં ફૂલ [illegible] એ ફૂલ તોડવાનાં ફાંફાં માર્યાં પણ ફૂલ મેળવી ન શકયા. એમ તે કાંઈ ફૂલ હાથમાં આવે? બીચારા રાતના થાકયાપાકયા ઝાડની નીચે સૂઈ જતા. ચોથે દિવસે ખૂબ જોરથી પવન ફૂંકાયો. અને ઝાડ ઉપરથી ફૂલ નીચે ખરવા લાગ્યાં. એ જોઈ મોટો ઊઠયો અને એણે બે ફૂલ જમીન પર પડતા પહેલાં ઝીલી લીધાં. એક ફૂલ નાના રાજકુમારના હાથમાં પણ આવ્યું. પહેરેગીરે ઘણા પ્રેમપૂર્વક બંનેને રાજમહેલમાં પહોંચાડયા. ત્યાં ઘણી ધામધૂમથી મોટા રાજકુમારનાં લગ્ન રાજકુમારી સાથે અને નાના રાજકુમારનાં લગ્ન રાજકુમારીની સૌથી પ્રિય સખી સાથે કરવામાં આવ્યાં. બંને રાજકુમારો પોતપોતાની પત્નીને લઈ રાજાને પ્રણામ કરવા ગયા. રાજાએ આશીર્વાદ આપ્યા. રાજ્યમાં ઉત્સવ મનાયો. મોટો રાજકુમાર રાજાની સાથે રાજકાજ સંભાળવા લાગ્યો અને નાનો રાજકુમાર સંતરાના મહેલમાં આનંદથી રહેવા લાગ્યો.





છોકરાએ ઝાડ ઉપરથી તરત નાસપાતી તોડી કહ્યું, "તું મારા ભાગનાં બધાં નાસપાતી લઈ લે. હું તને આથી વધારે ન આપી શકું. બાકીનાં મારા ભાઈઓના ભાગનાં છે."

ત્રણ ભાઈ

(તરાઈની લોકકથા)

મન્મથનાથ ગુપ્ત

કોઈ એક ગામમાં ત્રણ ભાઈ રહેતા હતા. એ એટલા તો ગરીબ હતા કે એમની પાસે નાસપાતીના ઝાડ સિવાય પોતાની કહેવા જેવી એકે વસ્તુ ન હતી. એમની નાની ઝૂંપડીની પાસે એ નાસપાતીનું ઝાડ હતું. નાસપાતીના ઝાડ માટે ત્રણે ભાઈઓને ઘણી મમતા હતી. જ્યારે નાસપાતીના ઝાડને ફળ આવતાં ત્યારે ત્રણે ભાઈઓ વારા બાંધી રખેવાળી કરતા. કોઈને કોઈ ભાઈ નાસપાતીના ઝાડ પાસે જરૂર રહેતો. જે વખતે એક ભાઈ નાસપાતીના ઝાડની ચોકી કરતો ત્યારે બીજા બે ભાઈ ખેતરમાં કામે જતા. ગમે એટલું કામ કરવા છતાં, બીચારા પેટપૂરતું ન મેળવી શકતા. શરીર ઢાંકવા પૂરાં રીતસરનાં કપડાં પણ ન હતાં. એક દિવસ એક દયાળુ પરી એ રસ્તેથી જતી હતી. એણે જોયું કે ત્રણે ભાઈઓ ખૂબ મહેનતુ ને ભલા છે તોપણ એમની પાસે ખાવાની કોઈ

સારી વસ્તુ નથી. બિચારા ખૂબ ગરીબ છે. એટલે પરીના મનમાં દયા આવી. એણે વિચાર્યું કે કોઈ પ્રકારે એ લોકને મદદ કરવી જોઈએ.

ખૂબ વિચાર કર્યા બાદ પરીને એક યુક્તિ સૂઝી. એ વેશપલટો કરી ભિખારણ બની ગઈ અને લંગડાતી લંગડાતી નાસપાતીના ઝાડ પાસે આવી. તે ઘડીએ મોટો ભાઈ ઝાડની રખેવાળી કરતો હતો. ભિખારણે કહ્યું, "મને થોડાં નાસપાતી મળશે?" છોકરાએ ઝાડ ઉપરથી તરત થોડાં નાસપાતી તોડી કહ્યું, "તું મારા ભાગનાં બધાં નાસપાતી લઈ લે. હું તને આથી વધારે ન આપી શકું. કારણ કે બાકીનાં મારા ભાઈઓના ભાગનાં છે."

ડોસી ભિખારણ નાસપાતી ઉઠાવી મોટાભાઈને આશીર્વાદ દેતી ત્યાંથી ચાલી ગઈ. બીજે દિવસે વચલો ભાઈ ઝાડની રખેવાળી કરતો હતો. દયાળુ પરી ભિખારણના વેશમાં ફરી ત્યાં આવી. અને એ જ પ્રમાણે એણે નાસપાતી માગ્યાં. વચલા ભાઈએ પોતાના ભાગનાં બધાં નાસપાતી ડોસીને આપી દીધાં. એ તો વધારે પણ આપવા માગતો હતો પણ નાના ભાઈના ભાગમાંથી આપવાનું એને વાજબી ન લાગ્યું. ત્રીજે દિવસે નાનો ભાઈ ઝાડની રખેવાળી કરતો હતો. દયાળુ પરી વળી પાછી ભિખારણના વેશમાં આવી. એણે નાનાભાઈ પાસે નાસપાતી માગ્યાં. નાનાભાઈએ બાકી રહેલાં બધાં નાસપાતી આપી દીધાં. હવે ઝાડ ઉપર એકે નાસપાતી ન રહ્યું.

બીજે દિવસે વહેલી સવારે ત્રણે ભાઈઓ ખેતરમાં જવાની તૈયારી કરતા હતા, એટલામાં પેલી દયાળુ પરી પોતાનું અસલ સ્વરૂપ લઈને આવી. ઝૂંપડીના બારણા ઉપર ઊડીને બેઠી. પછી બોલી, "છોકરાઓ, મેં તમારી ત્રણેની પરીક્ષા લીધી. દયા કરવામાં તમે ત્રણે એક એકથી ચડિયાતા છો. હું તમારી ઉપર પ્રસન્ન છું. હવે તમે મારી સાથે ચાલો. તમે કેવી રીતે સારું સારું ખાવાનું અને કપડાં મેળવી શકો તે બતાવું."

ત્રણે ય ભાઈ પરીની પાછળ ચાલ્યા. દયાળુ પરી એમને એક જંગલમાં લઈ ગઈ. જંગલમાં એટલાં મોટાં મોટાં ગીચોગીચ ઝાડ હતાં કે સૂર્યનાં કિરણ પણ જમીન સુધી પહોંચતાં ન હતાં. પરી એમને ઘડીકમાં પહાડમાંથી, તો ઘડીકમાં ખીણમાંથી લઈ જવા લાગી. છેવટે એ લોકો એક ઘણી મોટી

નદીની પાસે આવી પહોંચ્યાં. નદી પહાડોમાંથી ઊછળતીકૂદતી મેદાન તરફ જતી હતી.

પરી અટકી અને બોલવા લાગી. નદીના ખળભળાટમાં કોઈને કશું સંભળાયું નહિ. એટલે એણે દરેકની પાસે જઈ દરેકના કાનમાં કહ્યું. મોટા છોકરાને એણે કહ્યું, "અહીં તું માગશે તે હું આપીશ. માટે જે જોઈએ તે માગ." મોટા ભાઈને એ ઘડીએ સખત તરસ લાગી હતી. એણે ઝાઝો વિચાર કર્યા વગર કહ્યું, "હું એમ ઇચ્છું છું કે આ આખી નદીનું શરબત બની જાય અને એ મારી બની જાય."

પરીએ પોતાની જાદુઈ લાકડી ફેરવી અને એ મોટી નદીનું ફીણ ફીણવાળું સફેદ પાણી લાલ શરબત બની ગયું. જ્યારે આમ બન્યું ત્યારે પરી બોલી, "તેં જે માગ્યું તે મળ્યું. પણ એનો ઉપયોગ બરાબર કરવાનું યાદ રાખજે."



એણે ઝાઝો વિચાર કર્યા વગર કહ્યું, "હું એમ ઇચ્છું છું કે આ આખી નદીનું શરબત બની જાય અને એ મારી બની જાય."

મોટો ભાઈ ત્યાં જ રહ્યો. પરી નાના ભાઈઓને એક લીલાછમ ખેતરની સામે લઈ ગઈ. એ ખેતરની પાસેના ઘાસના મેદાનમાં સેંકડો પક્ષી બી તથા જીવડાં ચણતાં હતાં. દયાળુ પરીએ વચલા ભાઈને કહ્યું, "તું એક વરદાન માગ. જે માગે તે વિચાર કરીને માગજે." વચલા ભાઈએ થોડી વાર વિચાર કરી કહ્યું, "મને તું એક સમૃદ્ધ ખેડૂત બનાવ. આ પક્ષીઓનાં તું ઘેટાં બનાવ અને હું એનો માલિક બની જાઉં."

દયાળુ પરીએ જાદુઈ લાકડી ફેરવી. ત્યાં પક્ષીને બદલે ઘેટાં ચરવા લાગ્યાં. પરી બોલી, "સામે જો. એ ખેતર તારું છે. તું ધારશે તો એક સમૃદ્ધ ખેડૂત બની શકશે. અને તને કોઈ વાતની ખોટ નહિ રહે. તારું ભવિષ્ય સુધારવુંબગાડવું તારા હાથમાં છે." ત્યાર પછી નાના ભાઈને લઈ પરી પહાડ તરફ ચાલવા લાગી. જ્યારે એક પહાડની નીચે આવી ત્યારે એણે નાનાભાઈને પૂછ્યું, "તારા મનની શી ઇચ્છા છે? જે જોઈતું હોય તે માગ."

નાનાભાઈએ તરત જવાબ ન આપ્યો. એ ઘણી વાર સુધી વિચાર કરી બોલ્યો, "હું એક સુંદર રૂપાળી રાજકુમારી સાથે પરણવા માગું છું." પરી એ સાંભળી મલકાઈ બોલી, "તું જે માગે છે એ મેળવવું ખૂબ મુશ્કેલ છે. તોપણ તું મારી સાથે ચાલ. એને માટે હું બનતું કરીશ." ઘણા દિવસ પરી એ છોકરાની સાથે ફરતી રહી. છેવટે બંને એક શહેરમાં આવ્યાં. ત્યાં એક મોટો રાજા રાજ્ય કરતો હતો. પરી સીધી રાજમહેલમાં ગઈ. "હું રાજકુમારીને મળવા આવી છું. મેં સાંભળ્યું છે કે રાજકુમારી રૂપરૂપનો અંબાર છે. મારે એને જોવી છે."

પરીને રજા મળી પણ નાનો ભાઈ મનમાં ને મનમાં ગભરાવા લાગ્યો, કે એના જેવો તદ્દન સામાન્ય માણસ રાજકુમારીને કેવી રીતે પરણી શકશે? પરી છોકરાનો ગભરાટ પામી ગઈ. એને ધીરજ આપવા લાગી. એટલામાં બંને રાજમહેલના મોટા આંગણામાં આવી પહોંચ્યાં. જ્યારે એ બંને ત્યાં પહોંચ્યાં ત્યારે એમણે જોયું એ લોકનાથી પહેલાં બીજા ઘણા લોક ત્યાં જઈને બેઠા હતા અને રાજકુમારીની સાથે લગ્ન કરવાના મનોરથ સેવતા હતા. એમાં બે ઉમેદવારો ખાસ ધ્યાન

ખેંચતા હતા. ત્યાં સામે જ દરેક જણે પોતાની ભેટસોગાદ ગોઠવી હતી. પરીએ આ બધી વસ્તુની બાજુમાં બોરની ભરેલી એક ટોપલી મૂકી. આ બોર બંનેએ રસ્તામાંથી વીણ્યાં હતાં.

નાનાભાઈએ જ્યારે પરીને આ પ્રમાણે કરતી જોઈ ત્યારે એને અત્યંત શરમ આવી. એણે પરીને એ પ્રમાણે કરતાં રોકવા માંડી. બીજા લોકો હીરા, સોનું, ચાંદી — કોને ખબર શું શું લાવ્યા હશે? આ બધાની વચમાં આ બોરની ટોપલીની શી વિસાત? લોકો એની મશ્કરી કરશે એમ એ વિચારવા લાગ્યો. એની આવી વાતથી પરી માત્ર હસી. એણે પરીને ના કહી તેમ છતાં પરીએ બોરની ટોપલી ત્યાં મૂકી દીધી.

થોડી વારમાં આંગણામાં લોકો ઊંચાનીચા થવા લાગ્યા. બધા ઊભા થઈ ગયા કારણ કે રાજા રાજકુમારી સાથે ત્યાં આવતો હતો. એને માટે એક બાજુ ઉપર સિંહાસન રાખવામાં આવ્યું હતું. એની ઉપર બંને જઈ બેઠાં. જ્યારે બંને બેસી ગયાં ત્યારે લગ્નના ત્રણે ઉમેદવારો માથું નીચું રાખી ઊભા થયા.

રાજકુમારીએ એટલું જોઈ લીધું કે ભલે નાનાભાઈએ ફાટચાંતૂટચાં કપડાં પહેર્યાં હતાં તોપણ દેખાવમાં એ બીજા ઉમેદવારોને મારી જતો હતો અને સ્વભાવમાં પણ સારો લાગતો હતો. બે ઉમેદવારોમાંથી એક ઉંમરમાં મોટો અને શરીરે ભારે હતો. બીજો લાંબો પાતળો હતો. રાજકુમારીને એ બંને ગમ્યા નહિ. એણે એના પિતાને કહ્યું કે પોતે ફાટચાંતૂટચાં કપડાં પહેરેલા જુવાન સાથે લગ્ન કરવા માગે છે પણ રાજાની ઇચ્છા એવી હતી કે રાજકુમારી બાકીના બે ઉમેદવારોમાંથી કોઈની સાથે લગ્ન કરે, કારણ કે એ બંને અમીર હતા. પરંતુ રાજા પોતાની પુત્રીનું દિલ દુખવવા માગતો ન હતો. રાજા વિચારવા લાગ્યો કે આ ત્રણમાંથી કોણ સૌથી સારો છે એ કેવી રીતે ખબર પડે?

જ્યારે પરીએ જોયું કે રાજા ઊંડા વિચારમાં પડ્યો છે ત્યારે તે આગળ વધી બોલી, "મહારાજ, આ મામલો આપ આ પ્રમાણે ઉકેલો. આપ દ્રાક્ષની ત્રણ નવી વેલ આ ત્રણની પાસે મહેલમાં રોપાવો. જેની

વેલને રોપ્યા પછી ત્રણ દિવસમાં ફળ આવે એની સાથે આપ આપની છોકરીનાં લગ્ન કરો.”

રાજાએ મનમાં ને મનમાં વિચાર્યું કે આ યુક્તિ સારી પડશે. કારણ કે ત્રણ દિવસમાં કોઈ વેલને દ્રાક્ષ ફળશે નહિ અને આ ત્રણમાંથી કોઈની સાથે રાજકુમારીને પરણવું પડશે નહિ. એટલે રાજાએ તરત જ હુકમ કર્યો. દ્રાક્ષની ત્રણ વેલ આવી ગઈ. દરેક વેલની ઉપર ઉમેદવારનું નામ કોતરવામાં આવ્યું. અને ત્રણેને રાજમહેલના બાગમાં રોપવામાં આવી.

રાજકુમારી કલાકે કલાકે જોતી કે કોઈ વેલને દ્રાક્ષ ફળી! પણ કોઈની ઉપર દ્રાક્ષ નીકળતી દેખાઈ નહિ. જ્યારે બે દિવસ આમ નીકળી ગયા ત્યારે રાજકુમારી ઘણી ઉદાસ બની ગઈ. એ સમજી ગઈ કે ત્રણમાંથી એકે વેલ ફળશે નહિ. એ મનમાં ને મનમાં ઇચ્છતી હતી કે પેલા ગરીબ જુવાનની વેલને દ્રાક્ષ ફળે, કે જેથી એ એની સાથે લગ્ન કરી શકે.

રાજકુમારી નિરાશ થઈ ગઈ હતી, તોપણ ત્રીજે દિવસે વેલ જોવા ગઈ. રસ્તામાં પેલો ગરીબ જુવાન મળ્યો. એથી રાજકુમારીએ એમ માન્યું કે આવડા મોટા મહેલમાં એ ભૂલો પડ્યો હશે. પણ ના, એ પણ દ્રાક્ષની વેલ જોવા જતો હતો. જ્યારે બંને સાથે વેલની પાસે પહોંચ્યાં ત્યારે બંનેએ જોયું કે એક વેલમાં સુંદર દ્રાક્ષ લાગી હતી. જ્યારે રાજકુમારીએ જોયું કે એ વેલ ગરીબ જુવાનના નામવાળી હતી ત્યારે એ ખૂબ ખુશાલીમાં આવી જઈ તાળી પાડવા લાગી. જુવાન પણ આનંદથી બોલી ઊઠ્યો. બંને રાજાની પાસે પહોંચ્યાં. રાજા આ ખબર જાણી આનંદ ન પામ્યો કારણ કે એ રાજકુમારીનાં લગ્ન આટલા ગરીબ જુવાન સાથે કરવા માગતો ન હતો. પરંતુ રાજા વચનથી બંધાઈ ગયો હતો. પીછેહઠની કોઈ બારી ન હતી. લગ્ન થઈ ગયાં.' નાનો ભાઈ પોતાની વહુને લઈ જંગલની અંદર એક નાના મકાનમાં રહેવા લાગ્યો. એ મકાન એને પરીએ આપ્યું હતું. આવડા નાના મકાનમાં એ આનંદથી રહેવા લાગ્યાં. એક વર્ષ પછી પરી જોવા નીકળી કે ત્રણે ભાઈ

કેવી રીતે રહેતા હતા. પહેલાં એ મોટાભાઈ પાસે ગઈ. ત્યાં જઈ એણે ભિખારણના વેશમાં એક પ્યાલો શરબત માગ્યું. ગરીબ હતો ત્યારે જેણે ભિખારણને પોતાનું સર્વસ્વ આપી દીધું હતું તે જ મોટાભાઈએ પોતાની પાસે ધનના ઢગલા ખડકાયા હતા ત્યારે એક શરબતની પ્યાલી પણ ન આપી. એ બોલ્યો: "આ પ્રમાણે દરેકને શરબત આપ્યા કરું તો તો મારું આવી જ બને. પછી તો હું પરવારી જાઉં." પરી પાછી વળી. એની પૂંઠ ફરતાં જ શરબતની નદી પાણીની બની ગઈ. મોટાભાઈએ જોયું કે મોટી આફત આવી પડી. એ પરીની ખુશામત કરવા લાગ્યો પરંતુ પરીએ ડોકું ધુણાવી કહ્યું, "વસ્તુને લાયક જે હોતો નથી એને વસ્તુ મળવી નહિ જોઈએ. માણસે પોતે લાયકાત કેળવવી જોઈએ."


હવે પરી વચલા ભાઈ પાસે ગઈ. એની પાસે એણે ખાવાનું માગ્યું. ત્યારે વચલો ભાઈ બોલ્યો, "હું કોઈને કશું મફત આપતો નથી. મારી સમજ પ્રમાણે મફત આપવાથી માણસ એદી બને છે."

એના આમ કહેતાં વાર જ એનું ખેતર, ઘેટાં બધું અલોપ થઈ ગયું. સામે ઉજ્જડ મેદાનમાં પક્ષી દાણા ચણતાં હતાં. ત્યારે પરી બોલી, "જઈને નાસપાતીના ઝાડ નીચે બેસો. ત્યાં બેસી તમારી ભૂલને માટે પસ્તાવો કરો. યાદ રાખો કે ભગવાન તમને મદદ કરવાની શક્તિ આપે ત્યારે બીજાને મદદ કરવામાં પાછા નહિ પડવું જોઈએ." હવે પરી ત્રીજા ભાઈની પાસે ગઈ. જ્યારે એ ત્યાં પહોંચી ત્યારે નાનો ભાઈ પોતાની વહુ સાથે બેસી જમતો હતો. ભિખારણને સામે જોતાં જ એને એના ગરીબીના દિવસ યાદ આવ્યા. એ બોલ્યો, "અંદર આવ, અમારી સાથે જમવા બેસ." પરીએ નજર ફેરવી જોયું તો રોટલી ખતમ થઈ ગઈ હતી. તોપણ રાજકુમારી બોલી, "હું અત્યારે બીજી રોટલી બનાવું છું. આપ જરા આરામ કરો. જે કંઈ લૂખુંસૂકું અત્યારે ઘરમાં છે તે તૈયાર કરી લઈ આવું છું."

રાજકુમારી રોટલી બનાવવામાં પડી. થોડીવારમાં રોટલી વણાઈ ગઈ. પરીએ પેટ ભરીને ખાધું. જ્યારે એ જવા લાગી ત્યારે રાજકુમારીએ

ખૂબ પ્રેમથી પૂછ્યું, "માતાજી, આજથી સદા આપ અહીં રહો." આ પ્રમાણે સાંભળતાં જ પરીએ પોતાની જાદુઈ લાકડી ફેરવી. ચારે તરફ જોરથી અવાજો થયા. ગભરાઈને નાનો ભાઈ તથા રાજકુમારી આંખ બંધ કરીને જમીન પર સૂઈ ગયાં. હવે અવાજ બંધ થયો. બંનેએ આંખ ખોલી જોયું તો નાનું મકાન ઊડી ગયું હતું અને તેની જગ્યાએ એક મોટો રાજમહેલ ખડો થઈ ગયો હતો. એ રાજમહેલ એટલો મોટો હતો કે રાજકુમારીના પિતા પાસે એવો ન હતો. હવે બંને સુખેથી ત્યાં રહેવા લાગ્યાં અને ઘણાં વર્ષો સુધી લોકોનું કલ્યાણ કરતાં રહ્યાં.





એની પત્નીએ પેટીનું ઢાંકણ ખોલી પેલાં કપડાં કાઢી બતાવ્યાં, પોતે જાતે કશું બોલી નહિ.

લુહારની છોકરી

(કાશ્મીરની લોકકથા)

નંદલાલ ચત્તા

શ્રીનગરમાં એક પૈસાદાર વેપારી રહેતો હતો. એની પાસે દરેક પ્રકારનાં સુખનાં સાધનો હતાં. પરંતુ એક વાતથી એ ખૂબ દુઃખી હતો. એને એક જ પુત્ર હતો અને તે પણ તદ્દન મૂર્ખ. વેપારી હંમેશાં ચિંતા કરતો કે એનો નાલાયક છોકરો એનું મહેનતથી મેળવેલું ધન વેડફી નાખશે. પરંતુ વેપારીની સ્ત્રી જુદી રીતે વિચાર કરતી. એ એમ માનતી કે એનો નાલાયક છોકરો ગુણવતી સ્ત્રી મેળવી સુધરી જશે. એટલે એ દરરોજ પતિને કહેતી, "છોકરો ઉંમરલાયક થયો છે. એનાં લગ્ન કરો કે જેથી આપણે વહુને ઘર સોંપી નિરાંતે જિંદગીના બાકીના દિવસો ગુજારીએ."

વેપારી જવાબ દેતો, "લગ્ન કરવાની વાત તો સારી છે પણ શા માટે પારકી છોકરીને ગરદન મારે છે? એની બીચારીની જિંદગી છૂટી પડશે! છોકરો કંઈ સુધરવાનો નથી. મૂર્ખો, એવો જ મૂર્ખો રહેવાનો છે. એ તો મારું નામ બોળશે. માટે તું ઘડીએ ઘડીએ એની એ વાત ન કરીશ."

પરંતુ પત્નીના આગ્રહને વશ થઈ એ મૂર્ખનાં લગ્ન કરવા તે એક શરતે તૈયાર થયો. શરત એ કે ફરી એક વાર તે મૂર્ખાની પરીક્ષા કરી જોશે. પત્નીએ શરત મંજૂર રાખી. બીજે દિવસે વેપારીએ દીકરાને પાસે બોલાવી કહ્યું, "બેટા, આ ત્રણ પૈસા લઈ બજાર જા. એકમાંથી તારે માટે કંઈ ચવાણું લેજે. બીજાને પાણીમાં ફેંકી દેજે અને ત્રીજામાંથી પાંચ ચીજ લેજે: થોડીક ખાવાની, થોડીક પીવાની, થોડીક ચાવવાની, થોડીક બાગમાં રોપવાની અને થોડીક ગાયને ખવડાવવાની.

વેપારીનો છોકરો ત્રણ પૈસા લઈ બજારમાં ગયો. પહેલા પૈસામાંથી પોતાને માટે કંઈ ખાવાની ચીજ લીધી અને નદી તરફ ચાલવા લાગ્યો. નદી પર પહોંચી વિચારવા લાગ્યો, "પૈસો તો કામની વસ્તુ છે, પૈસા નદીમાં થોડા ફેંકી દેવાય? પરંતુ પિતાની આજ્ઞા તો પાળવી જોઈએ." ન તો એ નદીમાં પૈસો ફેંકી શક્યો કે ન તો એ બીજા નિર્ણય ઉપર આવી શક્યો. એ નદીકિનારે પૂતળાની જેમ ઊભો રહ્યો. એટલામાં ત્યાં એક છોકરી આવી. જ્યારે એણે વેપારીના છોકરાને આ પ્રમાણે ઊભેલો જોયો ત્યારે એ પાસે આવીને બોલી, "તમે શું વિચાર કરો છો?"

વેપારીના છોકરાએ એને પૂરી હકીકત કહી. પૈસો નદીમાં ફેંકવો કેવળ મૂર્ખાઈ છે. એ તો સાચવી રાખવો જોઈએ. એક પૈસામાંથી પાંચ ચીજ તારા પિતાએ ખરીદવા કહ્યું એનો અર્થ એ કે તું તડબૂચ લઈ જા. એમાં પાંચ ચીજ આવી જશે." એ નવયુવતી ત્યાંના એક લુહારની ઘણી ચતુર દીકરી હતી. વેપારીના છોકરાએ એના કહ્યા મુજબ કર્યું. બજારમાંથી તડબૂચ ખરીદી એ ઘેર ગયો. તે એણે પિતાની સામે ધર્યું. એનો પિતા આ જોઈ ખૂબ નવાઈ પામ્યો કે, એનો પુત્ર એકદમ

કેવી રીતે હોશિયાર બની ગયો. એટલે અણે એને પૂછ્યું, "બેટા, સાચું કહે, તને આ વસ્તુ ખરીદવાની કોણે અક્કલ આપી? તું જાતે આટલી અક્કલ ન દોડાવી શકે." બેટાએ તરત જ સઘળી વાત કરી. વેપારીએ લુહારની છોકરીની હોશિયારીની કદર કરી. મનમાં ને મનમાં નિશ્ચય કર્યો કે પુત્રનાં જો લગ્ન કરવાં હોય તો આ છોકરી સાથે જ કરવાં. એણે આ વાત પોતાની સ્ત્રીને પણ જણાવી. એને પણ વાત ઘણી ગમી.

એક એક કરતાં દિવસ પસાર થવા લાગ્યા. એક દિવસ વેપારી લુહારને ઘેર છોકરાનાં લગ્ન નક્કી કરવાના ઈરાદાથી ગયો. લુહારને ઘેર તે ઘડીએ ન હતો લુહાર કે ન હતી એની પત્ની. લુહારની છોકરીએ ધનવાન મહેમાનને માનપૂર્વક બેસાડ્યા, ચા પિવડાવી. વેપારીએ ચા પીતાં પીતાં પૂછ્યું, "બેટી, તારાં માબાપ ક્યાં ગયાં છે?" ચતુર છોકરીએ કહ્યું, "મારા પિતાજી બજારમાંથી એક કોડીનો હીરો ખરીદવા ગયા છે અને માતાજી કોઈને ત્યાં કંઈક વાત વેચવા ગયાં છે."

વેપારીએ આ વાતનો અર્થ સમજવા લાખ કોશિશ કરી પણ એને કંઈ સમજણ ન પડી. ત્યારે એણે કહ્યું, "બેટી, હું તારી વાત ન સમજ્યો. કૃપા કરીને ખુલાસો કર." એટલે એ બોલી, "મારા પિતાજી દીવા માટે એક કોડીનું તેલ લેવા ગયા છે અને મારાં માતાજી કોઈના લગ્નની વાત નક્કી કરવા ગયાં છે. આ એનો અર્થ છે."

એટલામાં લુહાર અને એની સ્ત્રી પણ આવ્યાં. વેપારીએ પોતાનું આવવાનું કારણ જણાવ્યું. વાત એ લોકે મંજૂર રાખી. વેપારીના મૂર્ખ છોકરાનાં લગ્ન લુહારની ચતુર છોકરી સાથે નક્કી થયાં. બીજે દિવસે આખા શહેરમાં વાત પ્રસરી ગઈ કે, વેપારી પોતાના છોકરાનાં લગ્ન લુહારની છોકરી સાથે કરવાનો છે. શહેરમાં જાતજાતની અફવા ફેલાવા લાગી. ઘણા દુષ્ટ માણસો ઈર્ષાથી બળવા લાગ્યા કે એક ગરીબની છોકરી મોટા વેપારીની વહુ થશે. આ માણસોએ વેપારીના પુત્રને એક દિવસ કહ્યું, "તું રહ્યો પૈસાવાળો. તું માનતો હશે કે ગરીબની છોકરી તારી સ્ત્રી બની તને સુખ આપશે. અરે! તું હેરાનહેરાન થઈ જશે. એટલે

એને કાબૂમાં રાખવા દરરોજ ખાસડાનો સ્વાદ ચખાડજે, નહિ તો એ તારા કાબૂમાં નહિ રહે.” મિત્રોની વાત મૂર્ખાએ માની લીધી.

જ્યારે ધીરે ધીરે આ વાત લુહારને કાને પહોંચી ત્યારે એણે એની છોકરીને લગ્ન કરવાની ના કહી. ત્યારે છોકરી બોલી, “હું જરૂર પરણીશ અને તે પણ એને જ. તમે મારી જરા ચિંતા ન કરો. એ જે કહે છે એમાંથી કશું બનવાનું નથી. હું મારી બુદ્ધિથી બધાનાં જીવન સુખી બનાવીશ.” થોડા દિવસ પછી ઘણી ધામધૂમથી બંનેનાં લગ્ન થયાં. પહેલી રાતે જ મૂર્ખો, પોતાના મિત્રોની અક્કલ પ્રમાણે, ખાસડું ઉઠાવી પોતાની સૂતેલી સ્ત્રીને મારવા ઊભો થયો. ત્યારે એની સ્ત્રીએ એનો હાથ પકડી કહ્યું, “આજે લગ્નની પહેલી રાતે આવું ન થાય. ખોટું કહેવાય.”

એનો પતિ — વેપારીનો પુત્ર — માની ગયો. એ પ્રમાણે દરરોજ રાતે એને કંઈ ને કંઈ કહી વાળતી. સાત દિવસ એ સાસરે રહી પોતાને પિયર ગઈ. જ્યારે મિત્રોને ખબર પડી કે મૂર્ખાએ એમના કહ્યા પ્રમાણે ન કર્યું ત્યારે તેઓ બોલ્યા, “તું તો તદ્દન બાયલો છે. હવે જોજે તારી વહુ તને કેવી નચાવે છે તે!” વહુ પિયર ગઈ અને વેપારીના પુત્રને વેપારીએ ખૂબ ધનમાલ, નોકર, ચાકર, ગાડી આપી પરદેશ વેપાર કરવા મોકલ્યો. વેપારીનો ખ્યાલ હતો કે આ પ્રમાણે છોકરો ઘડાય. વેપારીનો પુત્ર એક દિવસ એક શહેરમાં આવ્યો. એણે એક મોટા મહેલની બારીમાં એક સુંદર છોકરી જોઈ. મહેલને ફરતો ઊંચો કોટ હતો. કોટ ફરતો સુંદર બાગ હતો. એમાં સફરજન, નાસપાતી બદામ વગેરેનાં ઝાડ હતાં. એ સુંદર છોકરીએ વેપારીના પુત્રને મહેલમાં ઇશારત કરી બોલાવ્યો. વેપારીપુત્ર પોતાનાં નોકરચાકર અને માલસામાન લઈ અંદર ગયો. આમતેમ મીઠીમીઠી વાત કરી છોકરીએ એની સાથે સોગટાં રમવા કહ્યું. વેપારીપુત્રે હા કહી. એને સોગટાં રમતાં તો આવડતું ન હતું. એ છોકરી તો સોગટાં રમવામાં ઉસ્તાદ હતી. થોડાક જ દાવમાં વેપારીનો છોકરો પોતાનું સર્વસ્વ અને પોતાની જાતને પણ હારી ગયો. એ છોકરીએ એનાં ધનદોલત ભંડારમાં મુકાવ્યાં અને એને એના

નોકરો સહિત બંદીખાનામાં પૂર્યો. બંદીખાનામાં એને ઘણો ત્રાસ આપવામાં આવતો, એથી એનાં હાડકાંપાંસળાં દેખાવા માંડ્યાં!

બંદીખાનામાં સળિયામાંથી એક દિવસ એણે એક રસ્તે ચાલતા માણસને પોતાની દુઃખભરી કથા સાંભળવા વિનંતિ કરી. તે માણસે જ્યારે કહ્યું કે એ શ્રીનગરનો રહેવાસી છે ત્યારે વેપારીના છોકરાએ એને પોતાનો પત્ર લઈ જવા કહ્યું. રાહદારીને એની દયા આવી. એણે એને કલમ, શાહીનો ખડિયો, કાગળ આપ્યાં. એણે બે પત્ર લખી એને આપ્યા. એક પત્ર લખ્યો એણે એના પિતાને, જેમાં એણે પોતાની હાલત સાચેસાચ જણાવી. બીજો લખ્યો એની પત્નીને, જેમાં એણે લખ્યું, "હું હવે ખૂબ પૈસા કમાયો છું. હવે હું જલદી આવી તને ખાસડાં મારીશ." રાહદારી બંને પત્ર લઈ વિદાય થયો.

રાહદારી બીચારો અભણ હતો. શ્રીનગર જઈ પિતા ઉપરનો પત્ર લુહારની છોકરીને આપ્યો અને છોકરી ઉપરનો પત્ર વેપારીને આપ્યો. લુહારની છોકરી પત્ર વાંચી ખૂબ મૂંઝાઈ. જલદી જલદી પોતાના સસરાને ત્યાં ગઈ. વેપારીએ પણ પોતાની ઉપરનો પત્ર વહુને વંચાવ્યો. હોશિયાર વહુ વેપારી પાસેથી માલદોલત લઈને પરદેશ જવા નીકળી. વેશપલટો કરી વેપારીના લેબાશમાં એ પેલા જ મહેલ આગળ આવી પહોંચી. મહેલમાં જઈ એણે પેલી સ્ત્રીને સોગટાં ખેલવા કહ્યું. એના નોકરોને લાંચ આપી પોતાની તરફેણમાં લઈ એણે પહેલેથી તે સ્ત્રી કેવી રીતે દર વખતે જીતી જતી તે ભેદ જાણી લીધો. બીજે દિવસે સોગટાંની સારી બાજી એ જીતી ગઈ. પેલી સ્ત્રીને પણ જીતી લીધી. એને પોતાની કેદી બનાવી. તે જ વખતે એણે પોતાના પતિને બંદીખાનામાંથી છોડાવ્યો અને એને સારાં કપડાં પહેરવા આપ્યાં. પણ એ મૂર્ખો પોતાની પત્નીને ઓળખી ન શક્યો.

બીજે દિવસે લુહારની છોકરી પોતાને ગામ જવા નીકળી. પેલી હારી ગયેલી સ્ત્રીનો સઘળો માલ ઊંટ ને ઘોડા ઉપર બાંધી લીધો. પોતાના પતિનો બંદીખાનાનો પોશાક એક પેટીમાં મૂકી પેટી પોતાની સાથે રાખી. શહેરની બહાર જતાં એણે પોતાના પતિને સઘળો માલ લઈ

ઘેર જવા કહ્યું, "તમે ઘેર જાવ. હું પણ તમને મળવા જલદી આવી પહોંચું છું."

જ્યારે વેપારીનો છોકરો ઘેર પાછો ફર્યો ત્યારે એનું બધાંએ ઘણી સારી રીતે સ્વાગત કર્યું. એનાં માબાપની ખુશાલીનો પાર ન રહ્યો. થોડાક સમય બાદ એની પત્ની પણ આવી. વેપારીનો મૂર્ખ છોકરો માનવા લાગ્યો કે પોતે ઘણો માલદાર બની ગયો એટલે જલદી પગમાંથી ખાસડું કાઢી પત્નીને મારવા દોડ્યો. એની પત્નીએ એની બંદીખાનાની નિશાની—એના કપડાંની પેટી—જે એ લાવી હતી તે મંગાવી. એણે એનું ઢાંકણ ખોલી પેલાં કપડાં કાઢી બતાવ્યાં. પોતે જાતે કશું બોલી નહિ. વેપારીનો છોકરો એ જોઈ દિંગ થઈ ગયો અને સમજી ગયો કે એને બંદીખાનામાંથી છોડાવનાર એની પત્ની સિવાય બીજું કોઈ ન હતું. એ ઘણો શરમાઈ ગયો. એણે પોતાની આપવીતી સંભળાવી પત્નીની માફી માગી. ત્યાર પછી બંને જણ સુખેથી રહેવા લાગ્યાં.



જોનાર પણ અડધિયાની દયા ખાતા પણ એના બધા ભાઈઓ એની મશ્કરી કરતા. નોકરચાકર પણ જ્યારે એ એકલો પડતો ત્યારે એને સતાવતા.

અડધિયો

(લોકકથા ઉપરથી)


શ્રીમતી શાન્તિ ગુપ્તા

એક દેશમાં એક રાજા હતો. એને સાત દીકરા હતા. તેમાંથી છ છોકરા દેખાવે સુંદર અને સશક્ત હતા પણ સૌથી નાનો અડધા શરીરનો હતો. એને એક હાથ, એક પગ, એક આંખ, એક કાન, અડધું નાક અને અડધું માથું હતું. એટલે બધા એને અડધિયો કહી બોલાવતા. અડધિયાનું કદ પણ નાનું હતું. એની આંખ પણ ઝીણી હતી. જ્યારે એ કોઈ વસ્તુ તરફ જોતો ત્યારે ગોળ ગોળ આંખ ફેરવતો. એનો કાન પણ નાનો હતો. પણ એની ચાલ તો કમાલ હતી. એક પગે એ મરઘાની જેમ અક્કડ થઈને ચાલતો.

અડધિયાની મા એને અપંગ જાણી ખૂબ કાળજી રાખતી. અડધિયાને ખૂબ લાડ લડાવતી. જોનાર પણ અડધિયાની દયા ખાતા પણ એના બધા ભાઈઓ એની મશ્કરી કરતા. નોકરચાકર પણ જ્યારે એ એકલો પડતો ત્યારે એને સતાવતા. અડધિયો માને ચાડી ખાતો ત્યારે એને બધા ખૂબ ધમકાવતા. અતિ લાડથી અડધિયાનો સ્વભાવ બગડ્યો. બધાની સાથે એ એંટથી રહેતો. કદી કોઈને મદદ ન કરતો, કોઈના દુઃખદર્દમાં પણ કામ ન આવતો. એ ઘણો ઘમંડી બની ગયો અને પોતાની જાતને બહુ હોશિયાર માનવા લાગ્યો.

ધીરે ધીરે અડધિયો મોટો થયો. દુનિયાની સફરે નીકળવાની એને ઇચ્છા થઇ. એણે માને વાત કરી. માએ ઘણું સમજાવ્યું કે બહાર નીકળવામાં ઘણું જોખમ ખેડવું પડે. વળી પાછો એ તો અપંગ. કંઈ આફતમાં આવી પડ્યો તો જીવતો પણ ન રહે. માએ ઘણું સમજાવ્યો, પણ અડધિયો એકનો બે ન થયો. એને તો ધૂન પ્રમાણે કામ કરવાની ટેવ હતી. જ્યારે એ કોઈ રીતે માન્યો નહિ ત્યારે માએ એને જરૂરી સામાન બાંધી આપ્યો. નીકળતી વખતે માએ એને કહ્યું, "બેટા, એક વસ્તુ ધ્યાનમાં રાખજે. તારી પાસે કોઈ મદદ માગે તો જરૂર તું મદદ કરજે. એંટ ન કરતો. જા, ભગવાન તારું રક્ષણ કરશે." માની વાત સાંભળી અડધિયો ઘરથી ચાલી નીકળ્યો.

પોતાના શહેરમાંથી નીકળી અડધિયો જંગલમાં આવી ચઢ્યો. એ એક ઝાડ નીચે બેસી આરામ કરવા લાગ્યો. એવામાં એને ઝીણો અવાજ સંભળાયોઃ "મને મદદ કરો." અડધિયાએ પોતાની ઝીણી આંખ ગોળ ગોળ ફેરવી બધી તરફ જોયું, કાન સરવા કરી સાંભળવા લાગ્યો. અવાજ પાસેના ઝરણામાંથી આવતો હતો. ઝરણું અડધિયાને વિનંતી કરતું બોલ્યું, "શ્રીમાનજી, ઘાસપાંદડાંઓએ મારો રસ્તો રોકી લીધો છે. હું આગળ વહી નથી શકતું. દયા કરીને મારો રસ્તો સાફ કરી આપો." અડધિયાએ એંટમાં જવાબ આપ્યોઃ "હું કંઈ ભંગી થોડો છું કે તારો કચરો સાફ કરું? ભલે કચરો પડ્યોપડ્યો સડે. મારે તો લાંબી મજલ કાપવાની છે." એમ કહી એંટમાં ચાલતો થયો.



ઝગણું અડધિયાને વિનંતિ કરતું બોલ્યું, "શ્રીમાનજી, ઘાસપાંદડાંઓએ મારો રસ્તો રોકી લીધો છે. હું આગળ વહી નથી શકતું. દયા કરીને મારો રસ્તો સાફ કરી આપો."

જરા આગળ વધ્યો એટલે રાખનો ઢગલો આવ્યો. અડધિયાએ એક ઝીણો અવાજ સાંભળ્યોઃ "મને મદદ કરો." અડધિયાએ પોતાની ઝીણી આંખ ગોળ ગોળ ફેરવી ચારે તરફ જોયું. કાન સરવા કરી સાંભળવા લાગ્યો. રાખના ઢગલામાંથી અવાજ આવતો હતો. રાખના ઢગલામાં દબાયેલી આગે વિનંતી કરી કહ્યું, "શ્રીમાનજી, મારા ઉપર જરા ઘાસપાંદડાં નાખો. હું ઓલવાઈ રહી છું. મને મદદ કરો."


એ સાંભળી અડધિયો એંટમાં બોલ્યો, "હું કંઈ ભફી ફૂંકવાવાળો છું કે તારી ઉપર ઘાસપાંદડાં નાખું? ભલે ઓલવાતી હો તો ઓલવાઈ જા. મારે તો લાંબી મજલ કાપવાની છે." એમ કહી એંટમાં ચાલતો થયો.

ચાલતાં ચાલતાં ઝાડી આવી. વળી અડધિયાને ઝીણો અવાજ સંભળાયોઃ "મને મદદ કરો." અડધિયાએ પોતાની ઝીણી આંખ ગોળ ગોળ ફેરવી બધી તરફ જોયું, કાન સરવા કરી સાંભળવા લાગ્યો. ઝાડીમાંથી પવન અડધિયાને કરગરીને પ્રાર્થના કરવા લાગ્યોઃ "શ્રીમાનજી,

કૃપા કરી મને આ ઝાડીમાંથી બહાર કાઢો. હું અહીં ફસાઈ ગયો છું. અહીંથી છૂટું તો આકાશમાં ઊડું." અડધિયાએ એંટમાં જવાબ આપ્યો, "હું કંઈ ધમણ છું કે તને ફૂંક મારી ઝાડીમાંથી છોડાવું? ભલેને તું અહીં ફસાઈ રહે. મારે તો લાંબી મજલ કાપવાની છે." મરઘાની જેમ અકડાતો એ આગળ ચાલ્યો.

જંગલ વટાવી અડધિયો એક શહેરમાં આવ્યો. શહેરમાં એ જ્યાં જ્યાં જતો ત્યાં ત્યાં બધાં એને ટગર ટગર જોતાં. એકબીજાને અડધિયો બતાવી કહેતાં: "અરે, જો જો. કેવું અજબ જાનવર! અમે તો કોઈ દિવસ આવું પ્રાણી જોયું નથી. કોણ જાણે કયા દેશનું હશે!" જ્યારે અડધિયો મરડાઈ મરડાઈને ચાલતો ત્યારે લોક ખૂબ હસતા. છોકરાં તાળી પાડતાં. કોઈની દરકાર કર્યા વગર એ આખું શહેર ફર્યો. પણ કશે એને રહેવાની જગ્યા મળી નહિ. થાકચોપાકચો એ એક ઝાડ નીચે સૂઈ ગયો. ઠંડીની મોસમ હતી. એની પાસે ઓઢવા પૂરતાં કપડાં પણ ન હતાં. રાતના સ્વપ્નામાં એને ઝાડીમાં ફસાયેલો પવન દેખાયો. એ કહેવા લાગ્યો, "તે દિવસે તેં મને મદદ ન કરી. હવે મારી તાકાતનો સ્વાદ જાણજે." રાત આખી ઠંડો પવન ફૂંકાતો રહ્યો. અડધિયાએ ત્યાં પડ્યા પડ્યા પવનના સપાટા ખાધા. ઠંડીનો માર્યો મરઘો બની પડી રહ્યો. સૂરજ નીકળતાં એણે જાગીને જોયું તો પોતે સાચેસાચ મરઘો બની ગયો હતો. અડધિયો મરઘો બનીને પણ અડધો જ રહ્યો. એક આંખ, અડધું માથું, અડધું પેટ અને એક પગ. બીચારાના દુ:ખનો પાર ન રહ્યો!

કૂદતોકૂદતો તે શહેર તરફ દાણાની શોધમાં નીકળ્યો. ચાલતાં ચાલતાં રાજાનાં મરઘાં રાખવાની જગ્યાએ પહોંચ્યો. ત્યાં જઈ જોરથી કૂકડે કૂક કરવા લાગ્યો. કવખતનો પોકાર સાંભળી બધાં મરઘામરઘી એની તરફ જોવા લાગ્યાં અને એને ઘેરી વળ્યાં. પોતાને બધી તરફથી ઘેરાયેલો જોઈ એ દાણા ચરવા મંડી પડ્યો. એવામાં રાજાનો બબરચી મરઘી લેવા આવ્યો. એની નજર અડધિયા ઉપર પડી. ટાંગ



કવખતનો પોકાર સાંભળી બધાં મરઘામરઘી એની તરફ જોવા લાગ્યાં અને એને ઘેરી વળ્યાં. પોતાને બધી તરફથી ઘેરાએલો જોઈ એ દાણા ચરવા મંડી પડ્યો.

પકડી અડધિયાને એ રસોડામાં લઈ ગયો. અને પાણીમાં નાખ્યો. પાણીવાળું વાસણ બબરચીએ ચૂલા ઉપર ચઢાવ્યું. અડધિયાએ પાણીમાંથી કરગરીને કહ્યું, “મને દયા કરીને બહાર કાઢો, નહિ તો હું મરી જઈશ.” પાણીએ હસીને કહ્યું: “કેમ તું પેલા ઘાસપાંદડાંવાળા ઝરણાને ભૂલી ગયો? હું તે જ પાણી છું. તેં મને જેટલી મદદ કરી હતી એટલી હું તને કરીશ.”

ધીરે ધીરે પાણી ગરમ થવા માંડ્યું અને અડધિયો દઝાવા લાગ્યો. ત્યારે એ આગને કરગરીને કહેવા લાગ્યો, “મારી ઉપર દયા કર. તું તારી જ્વાળા નીચે રાખ, નહિ તો પાણી ગરમ થઈ મને મારી નાખશે.”

આગ ખૂબ જોરથી હસીને બોલી: “રાખમાં દબાયેલી આગ તું ભૂલી ગયો? જ્યારે એણે કરગરીને મદદ માગી હતી ત્યારે તેં આપી હતી? હું તે જ આ છું. હવે તું અહીં શેકાઈને મરજે.” એમ કહી આગ પોતાની જ્વાળાઓ ઊંચી કરી સળગવા લાગી.

હવે તો અડધિયાના બાર વાગી ગયા. અહીં એણે ખૂબ ધમપછાડા કરી ઢાંકણું ખોલી નાખ્યું. ઠેકડો મારી બહાર આવ્યો અને બારીમાં જઈ બેઠો. એટલામાં પવનના સપાટા સાથે અડધિયો આકાશમાં ઊડવા લાગ્યો. અડધિયો નીચે આવવા ફાંફાં મારવા લાગ્યો અને

પવન એને ઉપર આકાશમાં ખેંચવા લાગ્યો. આકાશમાં ઘણે ઊંચેથી પવને એને નીચે ફેંક્યો. અડધિયો એક ઊંચા મકાનમાં ગુંબજના લોખંડના સળિયા ઉપર ઝિલાઈ ગયો. ત્યાંથી એ લાખ કોશિશ કરવા છતાં પોતાને છોડાવી શક્યો નહિ. હજી પણ એ ત્યાં જ ટીંગાઈ રહ્યો છે. પવન એને ખૂબ નચાવ્યા કરે છે.

લોક એને હવાની દિશા બતાવનાર યંત્ર તરીકે ઓળખે છે.



લોક એને હવાની દિશા બતાવનાર યંત્ર તરીકે ઓળખે છે.

બહાદુર લચ્છી

(પંજાબી લોકકથા)

હંસરાજ રહબર

કોઈ એક ગામમાં એક છોકરી રહેતી હતી. એનું નામ હતું લચ્છી. એક દિવસ એ પોતાની સખીઓ સાથે કૂવે પાણી ભરવા ગઈ. ત્યાં બધી છોકરીઓ પોતપોતાના વિવાહ–લગ્નની વાત કરતી હતી. લચ્છીની એક સાહેલી બોલી, "મારા પિતાએ મારા લગ્ન માટે ઘણાં કીમતી કપડાં ખરીદી રાખ્યાં છે." બીજીએ કહ્યું, "મારા સાસરાવાળા મારે માટે સુંદર મલમલનો લગ્નનો પોશાક તૈયાર કરાવે છે." આ પ્રમાણે બધી છોકરીઓ વાત કરતી હતી. કોઈ પોતાના ભાઈની તો કોઈ મામાની.

બિચારી લચ્છી સખીઓની વાત ચૂપચાપ સાંભળતી રહી. એની પાસે કહેવાલાયક કોઈ વાત ન હતી. નાનપણમાં એનાં માબાપ એને મૂકીને મરી ગયાં હતાં. ઉપરાંત એ તો સાવ ગરીબ હતી. કોઈ સગું-વહાલું પણ ન હતું કે જેનો એને આશરો હોય. બિચારી એકલી ગરીબીમાં દિવસો પસાર કરતી હતી. એનાં લગ્નની તૈયારી કોણ કરે ? પણ દિલ કહેતું હતું કે સખીઓની વાતમાં એ પણ ભાગ લે એટલે એણે એક વાત ઉપજાવી કાઢી કહ્યું, "મારા કાકા પરદેશથી પાછા ફરી રહ્યા છે. એ મારે માટે ખૂબ દાગીના અને કીમતી કપડાં લાવશે."

એક ફેરિયો ગામમાં માલ વેચવા આવ્યો હતો. તે નજીકમાં બેસી છોકરીઓની બધી વાત સાંભળતો હતો. એ ફેરિયો ચાલાક ઠગ હતો. માલ વેચવાને બહાને એ લોકની બધી બાતમી મેળવી લેતો. લાગ ફાવે લોકને લૂંટી જતો.

લચ્છીની વાત સાંભળી એ મનમાં ખૂબ મલકાયો. બીજે દિવસે વેશપલટો કરી લચ્છીને ઘેર ગયો. એ પોતાની સાથે કીમતી વસ્ત્રો અને દાગીના પણ લાવ્યો હતો. એણે લચ્છીને કહ્યું, "હું તારો કાકો છું.

કેટલાં વર્ષ પરદેશમાં રહી ખૂબ ધન કમાઈ આવ્યો છું. હું તારાં લગ્ન મારા એક ધનવાન મિત્રના પુત્ર સાથે કરવા માગું છું." લચ્છી તદ્દન ભોળી અને સાદી છોકરી હતી. એણે ઠગની બધી વાત સાચી માની લીધી. એણે ઘરનો બધો સામાન બાંધી લીધો અને ઠગની સાથે જવા નીકળી. જ્યારે બંને ઠગના ઘર તરફ જઈ રહ્યાં હતાં ત્યારે એક ચકલીએ ચીં ચીં કરી કહ્યું, "વાહ રે લચ્છી! તારી અક્કલ ક્યાં ગઈ? તું એક ઠગથી ઠગાઈ ગઈ?" લચ્છી પક્ષીઓની બોલી સમજતી હતી. એણે પોતાના કાકાને પૂછ્યું, "આ ચકલી શું બોલે છે?" ઠગે જવાબ આપ્યો, "ચીં ચીં કરી શોર મચાવવા સિવાય બીજો શો ધંધો?



એક ચકલીએ ચીંચીં કરી કહ્યું, "વાહરે લચ્છી! તારી અક્કલ ક્યાં ગઈ?
તું એક ઠગથી ઠગાઈ ગઈ?"

આપણે એની સાથે શી લેવાદેવા ?" જરા આગળ વધ્યાં એટલે મોર મળ્યો. એણે પણ એ જ પ્રમાણે કહ્યું. શિયાળ મળ્યું એણે પણ એ જ પ્રમાણે કહ્યું. લચ્છી પૂછતી ત્યારે ઠગ દર વખતે એમ કહેતો, "અવાજ કરવો એ પશુપક્ષીઓનો ધર્મ છે. એની સાથે આપણે શી લેવાદેવા ?"

લચ્છીને લઈ ઠગ ઘેર આવ્યો. ઘેર પહોંચતાં એણે બધો ભેદ ખુલ્લો કર્યો. લચ્છીને કહેવા લાગ્યો, "હું તારો કાકો કે કોઈ સગો નથી. હું તો તારી સુંદરતા પર ખુશ થઈ તારી સાથે લગ્ન કરવા તને અહીં લઈ આવ્યો છું."

લચ્છી આ સાંભળી ખૂબ રડવા લાગી. પણ હવે શું થાય ? હવે એ ઠગને ત્યાંથી નાસી પણ શી રીતે જાય ? રસ્તે મળેલાં પશુપક્ષીઓની વાત એને યાદ આવી. એ પસ્તાવા લાગી, કે એણે એ લોકની વાત પર ધ્યાન ન આપ્યું. ખરેખર ઠગથી એ ઠગાઈ ગઈ!

ઠગ જ્યારે ચોરી કરવા બહાર જતો ત્યારે લચ્છીને પોતાની માને સોંપી જતો. એની મા એની ઉપર સખત જાપતો રાખતી અને એને કશે જવા ન દેતી. ઠગની મા ઘણી ઘરડી હતી. ડોસીના મોં ઉપર કરચલી વળી ગઈ હતી. ગાલ લબડી પડ્યા હતા. માથું બોડકું થઈ ગયું હતું. લચ્છીના વાળ કાળા કાળા ભમ્મર જેવા, રેશમ જેવા મુલાયમ સુંદર ને ખૂબ લાંબા હતા. નાગણ જેવો એનો ચોટલો હતો. ડોસીને લચ્છીના વાળ ખૂબ ગમ્યા. એક દિવસ જ્યારે ઠગ બહાર ગયો હતો ત્યારે ડોસીએ લચ્છીને પૂછ્યું, "તારા વાળ આટલા સુંદર ને લાંબા કેવી રીતે થયા ?" લચ્છીએ એકદમ વાત ઉપજાવી કાઢી કહ્યું, "બધો મારી માની કૃપાનો પ્રસાદ છે. એક દિવસ એણે મારું માથું ખાંડણીમાં મૂકી ઉપરથી ખૂબ સાંબેલાં માર્યાં. જેમ જેમ સાંબેલાં માથા પર વાગતાં ગયાં તેમ તેમ મારા વાળ વધતા ગયા. અમારા ગામનો વાળ વધારવા માટેનો આ જૂનો રિવાજ છે." ડોસી બોલી, "હું તો સાવ બોડી છું. ખાંડણીમાં માથું રાખી ઉપર સાંબેલાં મારું, તો શું મારા વાળ પણ વધશે ?" લચ્છીએ કહ્યું, "કેમ નહિ ? જરૂર તમારા વાળ પણ વધશે." ડોસી વાળ વધારવાની ખુશીમાં ખાંડણીમાં માથું મૂકવા તૈયાર

થઈ ગઈ. બીજે દિવસે ઠગ જ્યારે કામસર બહાર ગયો ત્યારે ડોસીએ લચ્છીને એના વાળ વધારવાનો ઉપાય અજમાવવા કહ્યું. લચ્છીએ ડોસીનું માથું ખાંડણીમાં મૂકી ઉપરથી ધડાધડ સાંબેલાં મારવા માંડયાં. સાંબેલાના મારથી ડોસી ઢીલી થઈ ગઈ. પાંચસાત સાંબેલાં પડતાં ડોસીના રામ રમી ગયા. લચ્છીએ ડોસીને લગ્નનો પોશાક પહેરાવ્યો, ઘૂમટો કાઢયો અને ભીંતને અઢેલી એક ખૂણામાં ગોઠવી દીધી. ઘરમાંથી થોડું ધન તથા સામાન લઈ એ ત્યાંથી ભાગી છૂટી.

રસ્તામાં એને ઠગ મળ્યો. કશેથી ઘંટીનાં બે પડિયાં ચોરી ઘેર આવતો હતો. લચ્છી એને જોઈ ઝાડીમાં સંતાઈ ગઈ. ઠગે લચ્છીને જોઈ તો ખરી પણ ઓળખી નહિ. એણે માન્યું કે કોઈ સ્ત્રી ઘરથી કંઈ કામસર બહાર નીકળી હશે. એને થયું કે એનો ચોરીનો માલ જોઈ સ્ત્રી હોહા તો નહિ કરી મૂકે! એટલે એ પોતે જ લપાતો છૂપાતો પોતાને રસ્તે પડ્યો. જ્યારે એ ઘણો દૂર નીકળી ગયો ત્યારે લચ્છી ઝાડીમાંથી બહાર નીકળી પોતાને ગામને રસ્તે ચાલી નીકળી. ઠગે ઘેર જઈ લચ્છીને બૂમ પાડી. એને કંઈ જવાબ ન મળ્યો. જ્યારે ઘણી બૂમ પાડવા છતાં પણ લચ્છી બોલી નહિ ત્યારે એ ઠગ ખૂબ ખિજવાઈ ગયો. એણે ઘંટીનાં પડિયાં ડોસીના માથા ઉપર મારવા માંડયાં. લગ્નના પોશાકમાં બેઠેલી ડોસીને એ લચ્છી સમજ્યો. જ્યારે એને ખબર પડી કે એ લચ્છી નથી પણ એની મા છે ત્યારે એણે પોક મૂકી. એણે તો એમ જ માન્યું કે એની મા ઘંટીનાં પડિયાંના મારથી મરી ગઈ. એણે મનમાં નિશ્ચય કર્યો કે ગમે તેમ કરી એ લચ્છીને પાછી લાવશે.

લચ્છી ગામ આવી તે પછી ઠગના ડરથી એ પોતાની એક સખીને ત્યાં રહેવા લાગી. એ એક મહિનો સખીને ત્યાં રહી. પછી એને થયું કે હવે ઠગ નહિ આવે. એટલે એ પોતાને ઘેર રહેવા ગઈ. રાતના સૂતી વખતે પોતાના રક્ષણ માટે એ એક ધારદાર ખંજર માથા નીચે રાખતી.

એક રાતે જ્યારે એ ભર નિદ્રામાં સૂતી હતી ત્યારે ઠગ આવ્યો. એની સાથે બીજા ત્રણ ઠગ પણ હતા. એ લોકે સૂતેલી લચ્છીને પલંગડી

સાથે બાંધી. એ પ્રમાણે પલંગડી ઊંચકી ચાલતા થયા. લચ્છીની ઊંઘ ઊડી ગઈ હતી પણ એ ચૂપચાપ પડી રહી. જ્યારે એ જંગલમાં પહોંચ્યા ત્યારે લચ્છીએ ધીરેથી ખંજર કાઢી પાછલા બે માણસોનાં ડોકાં કાપી નાખ્યાં. એણે ત્રીજાનું માથું પણ ઉડાવી દીધું. પણ ઠગ જીવ લઈ ને નાઠો અને એક ઝાડ ઉપર ચઢી ગયો. લચ્છીએ ઝાડને સળગાવી દીધું. ઝાડની સાથે ઠગ સળગીને ખાખ થઈ ગયો.

આ પ્રમાણે લચ્છીએ પોતાની હિંમત તથા હોશિયારીથી ઠગને પરાજિત કર્યો. ઠગને ઘેર જઈ એ ઠગનો સામાન અને સઘળું ધન એક ગાડામાં ભરીને પોતાને ઘેર લઈ આવી. આજુબાજુનાં ગામોમાં લચ્છીની બહાદુરીની ચર્ચા થવા લાગી. હવે ઘણા જુવાનો એને પરણવા તલપાપડ થવા લાગ્યા. લચ્છીએ પોતાની પસંદગીના એક છોકરા સાથે લગ્ન કર્યાં અને પછી ખાઈપીને બંને લહેરથી જીવન ગાળવા લાગ્યાં.



આ સાંભળી છોકરાએ પૂછ્યું, "ડોસીમા, તમારે ગરમ ગરમ જાંબુ જોઈએ કે ઠંડાં ઠંડાં?"

ગરમ જાંબુ

(તામિલનાડની લોકકથા)

ટી. એન. એસ. સીતારામન

ઘણા વખત ઉપરની આ વાત છે. તામિલનાડમાં એક ડોસી રહેતી હતી. એનું નામ – ઓવૈયાર હતું. એ ઘણાં સુંદર ગીતો બનાવતી. એનાં ગીતો સાંભળી રાજામહારાજાઓ પણ એને માનપાન આપતા. રાજદરબારમાં પણ એનો મુકાબલો કરનાર કોઈ કવિ ન હતો. એટલે એ ઘણી અભિમાની બની ગઈ હતી. એક દિવસ એ કશે જતી હતી. સડક ઉપર એક જાંબુનું ઝાડ હતું. કાળાં કાળાં જાંબુ ડાળી ઉપર લટકતાં

હતાં. જાંબુ જોઈ ઔવૈયારના મોઢામાં પાણી છૂટયું. પણ ઝાડ ઘણું ઊંચું હતું. ડોસી બિચારી શું કરે? ડોસીએ ઉપર જોયું તો એક ગોવાળિયો મઝાથી જાંબુ ખાતો હતો. છોકરાને જોઈ ડોસી બોલી, "બેટા, હું પણ ભૂખી છું. મને પણ જાંબુ આપ." આ સાંભળી છોકરાએ પૂછ્યું, "ડોસીમા; તમારે ગરમ ગરમ જાંબુ જોઈએ કે ઠંડાં ઠંડાં?"

એ સાંભળી ડોસી વિચારમાં પડી ગઈ. એણે છોકરાને પૂછ્યું, "બેટા, તું કંઈ ગાંડો તો નથી થઈ ગયોને? જાંબુ વળી ઠંડાં કે ગરમ હોતાં હશે? ના ના, એ તો ખોટો ખાલી તારા મનનો ભ્રમ છે."


છોકરાએ વળી પાછું કહ્યું, "અરે ઔવૈયારજી, તમે તો ઘણાં હોશિયાર છો. તમારું નામ સાંભળી તામિલનાડના મોટા મોટા વિદ્વાનો ડરે છે. આટલી નાની વાત પણ તમને સમજાતી નથી. હું તો ગાંડો નથી. ચાલો બોલો, ગરમ ગરમ જાંબુ જોઈએ કે ઠંડાં."


છોકરાની વાત સાંભળી ડોસી સડક થઈ ગઈ. જાંબુ ગરમ કેવી રીતે હોઈ શકે એની એને કેમે કરી સમજ પડતી ન હતી. જાંબુનો ભેદ જાણવાની એને તાલાવેલી લાગી. એ બોલી, "બેટા, તું મને ગરમ ગરમ જાંબુ આપ." છોકરો હસતાં હસતાં બોલ્યો, "સારું ડોસીમા, ગરમ ગરમ જાંબુ ખાવ." એમ કહી છોકરાએ એક ડાળ જોરથી હલાવી. ખૂબ પાકી ગયેલાં કાળાં કાળાં જાંબુ જમીન પર પડવા લાગ્યાં. ડોસી જાંબુ ઉઠાવી ઉપરની ધૂળ ફૂંકી ફૂંકી ખાવા લાગી. એ જોઈ છોકરાએ કહ્યું, "કેમ ડોસીમા, જાંબુ ઘણાં ગરમ છે ને?"

ઔવૈયાર બોલી, "બેટા, ગરમ તો નથી. એ તો ઠંડાં છે." છોકરાએ કહ્યું, "સારું, ડોસીમા. તમે કહો છો કે જાંબુ ગરમ નથી. ત્યારે તમે ફૂંક મારી મારીને કેમ ખાવ છો?" અને એ જોરથી હસી પડ્યો! ઔવૈયાર ડોસીને પોતાની ભૂલ સમજાઈ અને ખૂબ શરમાઈ ગઈ. એક ગોવાળિયાએ એને હરાવી. પોતાની હાર કબૂલી એ ચાલતી થઈ. છોકરો પેટ પકડી હસ્યો.

ઔવૈયારે પોતાની હાર વિષે તામિલમાં એક ગીત રચ્યું, જેનો અર્થ આ પ્રમાણે છે.

કરુંગાલી નામનું એક [illegible] હોય છે એ [illegible] મુશ્કેલીથી એને કાપી શકાય છે. તોપણ એને કાપવાથી કુહાડી બગડતી નથી. પણ જો એ કુહાડીથી કેળ કાપો તો કુહાડી ખરાબ થાય છે અને કાપવાના કામમાં આવતી નથી. મોટા મોટા વિદ્વાનોને હું હરાવી શકી પણ એક ગોવાળિયાએ મને હરાવી. એટલે બે દિવસ સુધી મારી આંખ મીંચાશે નહિ. મને ઊંઘ આવશે નહિ.





"પૂજ્ય ગુરુદેવ ! હું આપના આશ્રમમાં વિદ્યાભ્યાસ કરવા આવ્યો છું."

સત્યકામ

(એક પ્રાચીન લોકકથા)

રામપ્રતાપ ત્રિપાઠી શાસ્ત્રી

ગૌતમ ઋષિના આશ્રમમાં ઘણા વિદ્યાર્થીઓ ભણતા હતા. એનું કારણ એ હતું કે જેટલી એમની શીખવવાની પદ્ધતિ સારી હતી એટલું જ સુંદર લોકજીવનનું શિક્ષણ પણ તેઓ આપતા હતા. દેશ આખામાં ગૌતમ ઋષિના વિદ્યાર્થીઓની ખ્યાતિ હતી. જ્યારે અભ્યાસનું નવું સત્ર શરૂ થતું ત્યારે દેશને ખૂણેખૂણેથી વિદ્યાર્થીઓ દાખલ થવા એકઠા થતા.

એક વર્ષે જ્યારે બધા વિદ્યાર્થીઓ દાખલ થઈ ચૂકયા અને અભ્યાસનું કામ શરૂ થયું ત્યારે એક દશ વર્ષના સુંદર ગંભીર બાળકે આવી ગૌતમ ઋષિને પ્રણામ કર્યા. એના હાથમાં ન તો હતું સમિધ કે ન તો હતો કેડે દર્ભનો કંદોરો. હરણનું ચામડું કે જનોઈ પણ એણે પહેર્યું ન હતું. ઋષિના આશ્રમમાં ભણવા જતા

વિદ્યાર્થીએ એ પ્રમાણે કહેવું પડતું વિદ્યાર્થીઓ જેમનાથી હંમેશા ડરતા એવા ગૌતમ ઋષિનો ચરણસ્પર્શ એણે જેટલી હિંમતભેર કર્યો એટલી જ નમ્રતાથી એણે એમને નિવેદન કર્યું.

"પૂજ્ય ગુરુદેવ, હું આપના આશ્રમમાં વિદ્યાભ્યાસ કરવા આવ્યો છું. હું તમારી આજ્ઞા પ્રમાણે રહીશ અને આશ્રમના નિયમોનું બરાબર પાલન કરીશ. હું આપને શરણ છું. આપ મારો સ્વીકાર કરો."

સીધા, સરળ સ્વભાવવાળા આ બાળકની નિર્દોષ વાતથી ગૌતમ ઋષિનું હૃદય પીગળ્યું. બીજી તરફ આશ્રમના વિદ્યાર્થીઓ માંહોમાંહે ગણગણવા લાગ્યા. ગૌતમ ઋષિએ વહાલભર્યા અવાજમાં કહ્યું, "બેટા, તારું નામ શું? તારું ગોત્ર કયું? તારા પિતાજી નથી કે તું એકલો અહીં આવ્યો?"

બધા વિદ્યાર્થીઓ જડ ચિત્રની માફક એની તરફ તાકી રહ્યા. બાળકે અત્યંત વિવેકભરી વાણીથી હાથ જોડી કહ્યું: "પૂજ્ય ગુરુદેવ, મારું નામ પણ પાડ્યું નથી. અને મારા ગોત્ર કે પિતાજી વિષે કશી ખબર નથી. મારી માતાને પૂછી હું તમને સર્વ હકીકત કહી શકું. પરંતુ ભગવન્, હું તમારે શરણ છું અને વચન આપું છું કે આશ્રમના સર્વ નિયમોનું બરાબર પાલન કરીશ. ગુરુદેવ, આપ મારો સ્વીકાર કરો."

બાળકના આ પ્રમાણેના જવાબથી વિદ્યાર્થીઓ સ્તબ્ધ થઈ ગયા. એકે પોતાના મિત્રના કાનમાં કહ્યું, "ભાઈ, આ તો વિચિત્ર વિદ્યાર્થી નીકળ્યો. જુઓ તો ખરા, એને પોતાનું નામ ને ગોત્ર પણ ખબર નથી. એ પોતાના પિતાને પણ ઓળખતો નથી. પરંતુ ભાઈ, એ છે ઘણો નીડર અને સરળ. એને જોઈને મારા હૃદયમાં પ્રેમ ઊભરાય છે."

એક મિત્રે કહ્યું, "ચાલ મિત્ર, અરે! આ તો કોઈ શૂદ્ર બાળક છે. પોતાની જાતને છુપાવવા આ બધી વાતો ઉપજાવી કાઢી છે." બીજા એક વિદ્યાર્થીએ ધીરે રહી કહ્યું, "ભાઈ, ગુરુદેવ એનાથી અંજાઈ ગયા લાગે છે. ચાલો, ઠીક. બીચારો ભણીગણીને સંસ્કારી માણસ તો બનશે." એક કાણાએ બાહાને ઢંઢોળીને ધીરે રહી કહ્યું, "યાર! ગુરુદેવ શું બોલી

રહ્યા છે? શું હવે આ વર્ણસંકર વિદ્યાર્થીને પણ આશ્રમમાં લેવામાં આવશે?" બાડાએ કટાક્ષ કરી કહ્યું, "ભાઈ, છે કંઈ ઠેકાણું? જુઓને, દસ વર્ષનો થયો તોપણ હજી એને જનોઈ નથી દીધું!"

નવા આવનાર બાળકે વિદ્યાર્થીઓની છૂપી વાત સાંભળી પરંતુ એ ગૌતમ ઋષિના ચહેરા સામે જોતો રહ્યો. થોડી વાર રહી ગૌતમ ઋષિએ ખૂબ પ્રેમપૂર્વક પૂછ્યું, "તું તારી માતાને જઈ તારું નામ તથા તારું ગોત્ર પૂછી આવ. હું તને જરૂર મારા આશ્રમમાં દાખલ કરીશ." બાળક ગૌતમ ઋષિને પગે લાગ્યો અને ઉપકારવશ થઈ ગદ્ગદ કંઠે બોલ્યો, "ગુરુદેવ, હું આપના કહ્યા મુજબ કરીશ."

બાળક ચૂપચાપ એને ઘેર ગયો.

પાંચછ દિવસ બાદ સાંજે જ્યારે ગૌતમ ઋષિ પૂજાપાઠમાંથી પરવારી વિદ્યાર્થીઓ સાથે બેઠા હતા ત્યારે એ બાળક આવ્યો. આવતાં વાર એ ગુરુદેવને પગે લાગ્યો અને બધા વિદ્યાર્થીઓને વંદન કર્યાં. ગૌતમ ઋષિએ પૂછ્યું, "બેટા, તારી માતાને બધી હકીકત પૂછી?"

બાળકે વિનયપૂર્વક જવાબ આપ્યો, "હા મહારાજ, મેં બધું પૂછ્યું. મારી માએ કહ્યું કે એ ગોત્ર બતાવી શકે એમ નથી. એને મારા પિતાનું નામ પણ ખબર નથી. પોતાની જુવાનીમાં એ સાધુસંતોની સાથે રહી લોકોની સેવા કરતી. એ વખતે મારો જન્મ થયો. મારી માનું નામ જબાલા છે. જો મારી માના નામથી મારું કામ થતું હોય તો આપ મારો સ્વીકાર કરો." બાળક આમ કહી ગૌતમ ઋષિને પગે પડ્યો અને ડૂસકાં ભરવા લાગ્યો.

વિદ્યાર્થીઓ સ્તબ્ધ થઈ ગયા. ગૌતમ ઋષિના આશ્રમમાં વિદ્યાર્થીનું ગોત્ર કે પિતાની ખબર ન મળી હોય એવું આ પ્રથમ વાર જ બન્યું. ગૌતમ ઋષિ ઊઠ્યા. એમણે આ સુંદર નીડર બાળકને છાતી સરસો ચાંપ્યો અને ગદ્ગદ કંઠે જવાબ આપ્યો, "તારી સાદી સીધી વાતથી હું ઘણો પ્રસન્ન થયો છું. તું મારા આશ્રમમાં વિનાસંકોચ રહે. હું તને શાસ્ત્રો બરાબર શીખવીશ. તારી સચ્ચાઈને લીધે હું તારું નામ સત્યકામ રાખું છું. તારું બીજું નામ તારી માના નામ ઉપરથી

"જબાલા" રહેશે. હું તને બ્રાહ્મણ જાહેર કરું છું કારણ કે આટલી તારી મનની, વિચારની પવિત્રતા સાચા બ્રાહ્મણ સિવાય કોઈમાં મળતી નથી."

બાળક પોતાની જાતને ધન્ય માનવા લાગ્યો. આભારનાં આંસુથી એનો તેજસ્વી ચહેરો ભીનો થયો. બીજી તરફ વિદ્યાર્થીઓ ગૌતમ ઋષિની વિચિત્ર વર્તણૂકથી વિચારમાં પડ્યા. ગૌતમ ઋષિએ જાતે પાંચ ઋષિઓ સમક્ષ સત્યકામને જનોઈ દીધું અને એને પોષાક પહેરાવ્યો. અજવાળિયાના ચંદ્રમાની જેમ સત્યકામની નિષ્ઠા, લાયકાત અને વ્યક્તિત્વનો વિકાસ થવા લાગ્યો. થોડા જ દિવસમાં એ આશ્રમનો સૌથી પ્રિય વિદ્યાર્થી બન્યો. હજી પણ ગૌતમ ઋષિએ એનો વિદ્યાભ્યાસ શરૂ કર્યો ન હતો. સત્યકામને એની કંઈ ફિકર ન હતી.

એક દિવસ ગૌતમ ઋષિએ સત્યકામને બોલાવી બધા વિદ્યાર્થીઓ સમક્ષ કહ્યું, "બેટા, એક મુશ્કેલ કામ માટે હું તને આશ્રમ બહાર મોકલું છું. તારી સામે ચારસેં ઘરડી મુડદાલ ગાય ઊભી છે એને તું જંગલમાં ચરાવવા લઈ જા. જ્યારે એ ચારસોની ચાર હજાર બને ત્યારે જંગલમાંથી પાછો ફરજે."

સત્યકામ રાજી રાજી થઈ ગયો. ગદ્ગદ કંઠે બોલ્યો, "ગુરુદેવની આજ્ઞાનું હું પાલન કરું છું. ભગવન્, આપના કહ્યા મુજબ હું કરીશ." જ્યારે સત્યકામ એકલો મુડદાલ ગાયોને લઈ જવા નીકળ્યો ત્યારે ઊભા રહેલા વિદ્યાર્થીઓની આંખમાં આંસુ ઊભરાયાં. પરંતુ સત્યકામના આનંદનો પાર ન હતો. એ આનંદથી નાચતોકૂદતો ગાયોને લઈ જઈ રહ્યો હતો. જાણે વિદ્યાભ્યાસ પૂરો કરી માની પાસે ન જતો હોય!

સત્યકામે એ ઘરડી મુડદાલ ગાયોની એટલી નિષ્ઠાથી સેવા કરી, એટલું પાલનપોષણ કર્યું કે એ ગાયો ખાઈપીને જુવાન બની ગઈ અને સાત વર્ષની અંદર ચારસોમાંથી ચાર હજાર બની. એક સવારે સત્યકામ જ્યારે પૂજાપાઠ કરતો હતો ત્યારે ગાયોના ટોળામાંથી એક સાંઢ માનવવાણી બોલ્યો. ગાઢ જંગલની અંદર માનવવાણી સાંભળી સત્યકામના ધ્યાનમાં ભંગ પડ્યો. એણે જ્યારે આંખ ખોલી જોયું ત્યારે

સાંઢ એની સામે ઊભો રહી બોલતો હતો, "અમારી સંખ્યા ચાર હજાર થઈ ગઈ છે. હવે અમને ગુરુના આશ્રમમાં લઈ જા. પરંતુ આશ્રમમાં જતા પહેલાં હું તને કંઈક ઉપદેશ આપવા માગું છું. તું મારી તરફ જો."

મોટા સાંઢની આ પ્રકારની પ્રેમવાણીથી સત્યકામનું હૃદય આનંદથી ડોલી ઊઠ્યું. ગદ્‌ગદ કંઠે હાથ જોડી એ બોલ્યો, "હું તમારો ઉપદેશ સાંભળવા તૈયાર છું." મોટા સાંઢે સત્યકામને સેવાનો ઉપદેશ આપી કહ્યું, "તને ધીરે ધીરે અગ્નિ, હંસ અને જળકૂકડી ઉપદેશ આપશે. ત્યાર બાદ તારા ગુરુ તને વિદ્યા આપશે." સત્યકામ પોતાની જાતને ધન્ય માનવા લાગ્યો. અગ્નિ, હંસ અને જળકૂકડીનો અનુપમ ઉપદેશ સાંભળી ચાર હજાર ગાયો લઈ એ ગૌતમ ઋષિને આશ્રમે ગયો. ત્યાં બધાનો આનંદ સમાતો ન હતો. બધા વિદ્યાર્થીઓએ તથા ગૌતમ ઋષિએ સત્યકામનું તેજસ્વી શરીર અલૌકિક તેજથી ચમકતું જોયું. એના તેજસ્વી ચહેરા ઉપર સૂર્ય તથા ચંદ્રનું તેજ હતું. એના શરીરનું એકેએક અંગ સંતોષ અને શાંતિનો આનંદ અનુભવી રહ્યું હતું. આશ્રમના બધા નિવાસીઓ એનું તેજસ્વી રૂપ જોઈ દિંગ થઈ ગયા. ચાર હજાર સુંદર, તંદુરસ્ત, નિરોગી, દૂધાળી ગાયોથી ગૌતમ ઋષિનો આશ્રમ સ્વર્ગસમાન બની ગયો.

ત્યાર પછી સત્યકામે ગુરુના પગમાં બેસી બધી વિદ્યાઓ ઘણા ટૂંક સમયમાં શીખી લીધી. એ વિદ્યા શીખવા માટે બીજા વિદ્યાર્થીઓની સારી જિંદગી નીકળી જતી. એની સાદાઈ, દયાવૃત્તિ, સેવાભાવ તથા દઢતાને લીધે એની વિદ્યા શોભી ઊઠી. ગૌતમ ઋષિના આશ્રમમાં એ એક મોટા ઋષિ તરીકે ઓળખાયો અને એની કીર્તિ ચોમેર ફેલાઈ.

બાર માથાંનો નાગ

(આંધ્રની લોકકથા)

ચોલા વિષ્ણુ

એક હતો રાજા અને એક હતી રાણી. થોડો વખત રહીને રાણી એક દીકરો ને દીકરી મૂકી મરી ગઈ.

રાજા બીજી વાર પરણ્યો. નવી રાણીને જૂની રાણીનાં છોકરાં જરા ગમતાં નહિ. હંમેશ વિચારતી કે કોઈ ને કોઈ રીતે આ બંને છોકરાંનું કાટલું કાઢવું જોઈએ. એક વાર છોકરીને તરસ લાગી. બાળસ્વભાવ પ્રમાણે એણે સાવકી માને કહ્યું, "મા, તરસ લાગી છે. છાસ પિવડાવ." તકનો લાભ લઈ જોઈ સાવકી માએ નાનું સાપનું બચ્ચું છાસમાં નાખી છાસ છોકરીને પિવડાવી દીધી. સાવકી માએ માન્યું કે આ રીતે છોકરી મરી જશે. પરંતુ પરિણામ જુદું જ આવ્યું. છોકરી મરી નહિ. એના પેટમાં સાપ દિવસે દિવસે મોટો થવા લાગ્યો. છોકરીનું પેટ મોટું થઈ ગયું. સાવકી માને ચિંતા થવા લાગી કે છોકરી મરી કેમ નહિ? દિવસે દિવસે એનું પેટ કેમ મોટું થતું જાય છે? એને એક યુક્તિ સૂઝી. છોકરા-છોકરી બંને ઉપર ખરાબ ચાલનો દોષ મૂકવામાં આવ્યો. આટલું જ નહિ પણ સાવકી મા અડોશપડોશમાં બધે આ પ્રમાણે પ્રચાર કરવા લાગી, એથી બંને ભાઈબહેન ગભરાયાં. ખૂબ મૂંઝાઈને આખરે બંને શરમનાં માર્યાં ઘર છોડી ગાઢ જંગલમાં નાસી ગયાં. બીચારાં ચાલતાં ચાલતાં ખૂબ થાકી ગયાં. છોકરીને સખત તરસ લાગવાથી ભાઈને કહેવા લાગી, "ભાઈ, મને તો ઘણી તરસ લાગી છે. પાણી પિવડાવ." આજુબાજુ કશે પાણી મળ્યું નહિ. ક્યાંથી મળે? એ તો જંગલ હતું. છોકરાએ એક ઝાડ ઉપર ચઢી પાણી માટે ચારે તરફ જોયું. એણે કશે પાણી તો ન જોયું, પણ દૂર એક મોટું શહેર જેવું જોયું. એના જીવમાં જીવ આવ્યો. બંને ભાઈબહેન શહેરમાં પહોંચ્યાં. એ શહેરમાં પેદરાશિ પેદ્દમા નામની એક ડોસી રહેતી. એને બાળબચ્ચાં ન હતાં. પણ માલમિલકત ઘણી હતી. ઢોરઢાંખર પણ ઘણાં હતાં. ડોસીએ એક

વાંદરોવાંદરી પાળ્યાં હતાં. વાંદરો દરરોજ ઢોર ચરાવવા લઈ જતો, દૂધ દોહી ઘરમાં લાવતો, ખેતીવાડી વગેરે બહારનું કામ સંભાળતો. વાંદરી દૂધ ગરમ કરતી, દહીં બનાવતી, વલોવતી, છાસ વેચતી. ઘરનું અંદરનું બધું કામ વાંદરી સંભાળતી. એટલે ડોસીને મન વાંદરોવાંદરી દીકરાદીકરી સમાન હતાં. એ બંને ઉપર ડોસીનો આધાર હતો.

સંજોગવશાત્ આ બંને ભાઈબહેન પેદરાશિ પેદ્માને ઘેર ગયાં. જંગલમાં ભટકી ભટકી બંને ખૂબ થાકી ગયાં હતાં. ડોસીએ દૂધ વગેરે પિવડાવી બંનેને આશરો આપ્યો. તે દિવસથી આ બંને ભાઈબહેન પણ ડોસીનો આધાર બન્યાં. ડોસી પણ બંનેને પોતાનાં દીકરાદીકરી માનવા લાગી. થોડા દિવસ આમ આરામથી નીકળી ગયા.


ડોસીને ત્યાં રોજ સાત ઘડા ભરીને દૂધ નીકળતું. એને ગરમ કરવું, જમાવવું વગેરે કંઈ નાનાં કામ ન હતાં. વાંદરી આ બધું સંભાળતી. એક દિવસ દૂધ ઊકળી રહ્યું હતું તેમાં અકસ્માત વાંદરી પડી. બસ, તરત જ મરી ગઈ. વાંદરાને ખૂબ આઘાત લાગ્યો. વાંદરી વગર એકલા એનાથી રહેવાયું નહિ. એકલા ઝૂરી ઝૂરીને મરવા કરતાં ઊકળતા દૂધમાં પડીને મરી જવું સારું એમ વિચારી વાંદરો પણ ઊકળતા દૂધમાં કૂદી પડ્યો. આ બંનેના મરણથી ડોસીને ઘણું દુઃખ થયું. છોકરાછોકરીને લીધે એ જીવતી રહી શકી, નહિ તો એ પણ મરી ગઈ હોત. વાંદરાવાંદરીની શ્રાદ્ધક્રિયા બરાબર કરવામાં આવી. થોડો વખત રહીને પેદરાશિ પેદ્મા પણ મરી ગઈ. બંને ભાઈબહેને ડોસીની શ્રાદ્ધક્રિયા બરાબર કરી.

હવે આ બંને ભાઈબહેન ડોસીની મિલકતનાં માલિક બન્યાં. ભાઈ દરરોજ ગાયો ચરાવતો અને દૂધ દોહી ઘરમાં મૂકતો. બહેન દૂધ ગરમ કરતી, જમાવતી, દહીં વલોવતી. બહેનને એક ટેવ પડી ગઈ હતી. એ દરરોજ દૂધ ગરમ કરતાં કરતાં સૂઈ જતી. બરોબર એ વખતે પેલો સાપ જે એના પેટમાં મોટો થતો હતો તે એના મોઢામાંથી બહાર નીકળી સાતે વાસણોમાંનું દૂધ પી પાછો છોકરીના પેટમાં ભરાઈ જતો. છોકરી જ્યારે જાગીને જોતી તો દૂધનું એકે ટીપું વાસણમાં રહેતું નહિ.

ભાઈને પણ આ જાણી ઘણું આશ્ચર્ય થયું. બધું દૂધ જાય ક્યાં? બહેન તો નહિ પી જતી હોય? પરંતુ એવી શંકા કરવાનું પણ એને ઠીક ન લાગ્યું. એ વિચારવા લાગ્યો કે સાત વાસણોમાંનું દૂધ એકલી છોકરી કેવી રીતે પી શકે? ગમે તે હો, આખરે તપાસ તો કરવી જ પડશે.

બીજે દિવસે સવારે વખતસર ગાયોનું દૂધ કાઢવામાં આવ્યું. અને હંમેશ મુજબ સાત વાસણોમાં ભરવામાં આવ્યું. તે દિવસ ભાઈ ગાયો ચરાવવા ન ગયો, દૂધ ક્યાં ગુમ થઈ જાય છે તેની એ તપાસ કરવા માગતો હતો. એટલે ઘરમાં એક ખૂણામાં સંતાઈ રહ્યો.

રોજની માફક બહેને સાતે દૂધનાં વાસણો સાત ચૂલા ઉપર ચઢાવ્યાં અને પોતે સૂઈ ગઈ. બસ, સૂતાંવેંત એના મોઢામાંથી મોટો સાપ નીકળ્યો, અને સાતે વાસણોનું દૂધ ક્ષણમાં પી ગયો. આ




બસ, સૂતાંવેંત એના મોઢામાંથી મોટો સાપ નીકળ્યો અને સાતે વાસણોનું દૂધ ક્ષણમાં પી ગયો!

તમાશો ભાઈ સંતાઈને જોઈ રહ્યો હતો. જેવો સાપ બહેનના મોઢામાં પાછો ભરાવા ગયો કે એણે તરત તલવારથી એને કાપીને ત્રણ કટકા કરી નાખ્યા. એ ટુકડા શહેરની દક્ષિણ દિશામાં દૂર ફેંકી દીધા. જ્યારે બહેન આળસ મરડી ઊઠી ત્યારે એને સુસ્તી લાગવા માંડી. એટલામાં ભાઈ આવ્યો. એણે બહેનને કહ્યું, "જો બહેન, તું શહેરમાં જાય ત્યારે ઉત્તર, પૂર્વ, પશ્ચિમ તરફ જજે પણ દક્ષિણ દિશામાં કદી જતી નહિ." બહેનના મનમાં જિજ્ઞાસા જાગી કે ભાઈએ એને દક્ષિણ દિશામાં જવાની ના શા માટે કહી? એને માટે દક્ષિણ દિશા એક પ્રશ્નચિહ્ન બની ગઈ. એ પોતાનું મન રોકી શકી નહિ.

એક દિવસ વહેલી સવારે એ દક્ષિણ દિશા તરફ ચાલી નીકળી. જ્યાં સાપના ત્રણ કટકા નાખવામાં આવ્યા હતા તેમાંથી ત્રણ ફૂલના છોડ ઊગ્યા હતા. એની ઉપર મન લલચાવે એવાં સુંદર ફૂલ ખીલ્યાં હતાં. છોકરીની જાત. ફૂલ જોતાં જ એનું મન લલચાયું. ફૂલને તોડી રાજી થતી થતી એ ઘેર આવી. ભાઈના વાળમાં એણે ફૂલ ખોસ્યાં, કે તરત એનો ભાઈ બાર માથાવાળો નાગ બની ગયો. એ દોડીને એક દરમાં ઘૂસી ગયો. છોકરી હેબતાઈ ગઈ. એ એકલી પડી ગઈ. જોરથી રડવા લાગી. એટલામાં એક રાજકુમાર ઘોડા ઉપર સવાર થઈને આવતો હતો. એણે એને રડતી જોઈ રડવાનું કારણ પૂછ્યું. છોકરીએ સઘળી હકીકત કહી. પૂરી વાત સાંભળી રાજકુમારે કહ્યું, "હે રાજકુમારી, હું તારા ભાઈને પાછો લાવી આપું, પણ એક શરતે. તારે મારી સાથે પરણવું પડશે." બીચારી છોકરી નાઇલાજ હતી. બીચારી કરે પણ શું? એણે રાજકુમારની શરત મંજૂર રાખી.

રાજકુમારે ઘણા મદારીને બોલાવ્યા. જે દરની અંદર બાર માથાંવાળો નાગ ઘૂસ્યો હતો એ આખું ખોદાવ્યું. એમાંથી હજારો સાપ નીકળ્યા. એમાંથી એક સાપના માથા ઉપર, ફૂલ જોઈ રાજકુમારીએ બૂમ પાડી કે એ એનો ભાઈ છે. રાજકુમારે મદારીને સાપના માથા ઉપરનું ફૂલ કાઢવા કહ્યું. જેવું ફૂલ તોડી લેવામાં આવ્યું કે તરત રાજકુમારીનો ભાઈ હાજર થયો. બહેનની મારફત બધી વાત જાણી ભાઈની અજાયબીનો પાર ન રહ્યો.

ભાઈએ બહેનનાં લગ્ન રાજકુમાર સાથે ખૂબ ધામધૂમથી કર્યાં. બધાં આનંદથી રહેવા લાગ્યાં.



સેવાનો બદલો

(અવધની લોકકથા)

કુમારી ઊર્મિલા

કોઈ એક નગરમાં એક રાજા રાજ્ય કરતો હતો. એને બે રાજકુમારી હતી. બંનેના રૂપનો પાર ન હતો. નગરમાં એક સાધુ દરરોજ ભીખ માગવા નીકળતો તેને બંને રાજકુમારી ધન આપતી. સાધુ મોટી રાજકુમારીને કહેતો, "અખંડ સૌભાગ્યવતી રહેજે." પણ નાનીને કહેતો, "સદા સુખી રહેજે." રાણીએ જ્યારે ઘણા દિવસ સુધી આ પ્રમાણે સાંભળ્યું ત્યારે તેણે સાધુને બોલાવી એના આ પ્રમાણે કહેવાનું કારણ પૂછયું. સાધુએ કહ્યું, "નાની છોકરીનું સૌભાગ્ય લાંબું નથી. લગ્નના એક વર્ષ બાદ એ વિધવા બનશે." આ સાંભળી રાણી ઘણી દુ:ખી થઈ. એણે સાધુને આમાંથી બચવા કોઈ ઉપાય પૂછયો. ઘણા કાલાવાલા કર્યા ત્યારે સાધુએ જણાવ્યું, "અહીંથી સાત સમુદ્રને પેલે પાર એક નાનો ટાપુ છે. ત્યાં એક સુંદર ચમકતું મકાન છે. એમાં એક ડોસી રહે છે. એને સાત છોકરા અને એમની સાત વહુ છે. રાજકુમારી ત્યાં જઈ ડોસીની ખૂબ સેવા કરશે તો ડોસી ખુશ થશે. એ પછી રાજકુમારી ડોસીને અહીં રાજ્યમાં લઈ આવે. એના હાથે રાજકુમારીના સેંથામાં કંકુ પુરાવવું. જો આમ કરાય તો જ રાજકુમારી અખંડ સૌભાગ્યવતી થશે."

આ સાંભળી રાણીએ રાજાને બોલાવ્યો અને સઘળી હકીકત કહી. રાજા વિચારમાં પડયો કે રાજકુમારી ટાપુ ઉપર કેવી રીતે જાય અને ત્યાં કયા વેશમાં ડોસીને મળી ડોસી સાથે રહી ચાકરી કરે? તે જમાનામાં આગબોટ વગેરે તો હતું નહિ કે રાજકુમારી સાત સમુદ્ર પાર કરે. એટલે જ્યારે બીજે દિવસે સાધુ ભીખ માગવા આવ્યો ત્યારે રાજાએ મહેલમાં બોલાવ્યો અને ટાપુ સુધી પહોંચવાનો ઇલાજ પૂછયો. સાધુએ રાજાને સાત મોતી આપ્યાં અને કહ્યું, "દરેક સમુદ્રમાં મોતી નાખતાં સમુદ્રમાં પાણી કમરપુર થઈ જશે અને એ રીતે રાજકુમારી સાત સમુદ્ર ઓળંગી શકશે. સાધુએ એક સોપારી પણ આપ્યું અને કહ્યું, "આ સોપારી

મોંમાં નાંખતાંવેંત રાજકુમારી અદૃશ્ય થઈ જશે. એ બધાને જોઈ શકશે પણ એને કોઈ નહિ જોઈ શકે. રાજા સાધુ ઉપર ખૂબ ખુશ થયો અને એને ઘણું માનપાન આપ્યું. બીજે દિવસે રાજકુમારી સારું મુહૂર્ત જોઈ નોકરો સાથે રથમાં બેસી ટાપુ ઉપર જવા નીકળી. ઘણે દૂર નીકળ્યા બાદ સમુદ્ર આવ્યો. સમુદ્રકિનારે એ રથમાંથી ઊતરી અને નોકર તથા રથને પાછા વાળ્યા.

રાજકુમારીએ એક મોતી સમુદ્રમાં નાખ્યું. મોતી પાણીમાં પડતાં જ સમુદ્રમાં ખૂબ જોરથી તોફાન થયું અને સમુદ્રનું પાણી ઘટવા માંડ્યું. હવે પાણી રાજકુમારીની કમરપુર રહ્યાં. તોફાન પણ શમી ગયાં. રાજકુમારી ઘણી સહેલાઈથી સમુદ્ર ઓળંગી શકી. એ પ્રમાણે એ સાતે સમુદ્ર ઓળંગી ટાપુની નજીક આવી પહોંચી. થોડુંક ચાલતાં એક ચમકતું મકાન દેખાયું. એ મકાન જોઈ એ ઘણી ખુશ થઈ અને જલદી ત્યાં પહોંચી ગઈ. મકાનમાં દાખલ થતા પહેલાં એણે સાધુએ આપેલી સોપારી મોંમાં મૂકી અને એ અદૃશ્ય બની ગઈ. મકાન અંદરથી પણ ઘણું સુંદર હતું.

પહેલે દિવસે, રાજકુમારીએ કંઈ નહીં કર્યું. એણે બધું બરોબર જોઈ લીધું. એણે જોયું કે ડોસીની વહુ કામ કરતાં કરતાં આપસમાં ખૂબ લડતી એટલે ડોસી બહુ દુઃખી રહેતી. એ જોઈ રાજકુમારીને લાગ્યું કે એને સરસ કામ કરવાની તક મળશે. બીજે દિવસથી એ બધું કામ કરી લેતી. કોઈને ખબર પડતી ન હતી કે કોણ બધું કામ કરતું. ડોસીની પણ સેવા એ બરોબર બજાવતી. છેલ્લે દિવસે જ્યારે એ રાંધવા બેઠી ત્યારે એણે દૂધપાકમાં – દૂધની ખીરમાં – ખાંડને બદલે મીઠું નાખ્યું. અને દાળશાકમાં ખાંડ નાખી. આ પ્રમાણે એણે બધું ઊલટું બનાવી પીરસ્યું. જ્યારે ડોસી ખાવા બેઠી ત્યારે ખૂબ ખિજવાઈ. એણે બધાંને પૂછ્યું, "આજે કોણે રાંધ્યું છે? એક વર્ષ સુધી કોણે મારી અખંડ ચાકરી કરી?" બધાંએ કહ્યું કે એક વર્ષ સુધી એ લોકોએ જરા કામ નહોતું કર્યું. અને તે દિવસે પણ કોઈએ રાંધ્યું ન હતું. ડોસી બહુ નવાઈ પામી. એ બોલી, "જેણે મારી આટલા દિવસ ચાકરી કરી હોય

તે મારી સામે હાજર થાય. હું એના ઉપર પ્રસન્ન છું. એ જે માગશે તે હું આપીશ."

રાજકુમારીએ ત્યારે સોપારી મોંમાંથી કાઢી લીધું. અને ડોસીની સામે આવી ઊભી રહી. એ બોલી, "મારું સૌભાગ્ય અખંડ રહે એવું હું માગું છું."




એટલે રાજકુમારીએ કહ્યું, "મારું સૌભાગ્ય અખંડ રહે એવું હું માગું છું."

ત્યારે ડોસીએ એને આશીર્વાદ આપ્યા અને એની માગણી કબૂલ રાખી. ડોસી રાજકુમારીની સાથે રાજ્યમાં ગઈ. રાજ્યભરમાં ખૂબ મોટો

આનંદઉત્સવ મનાયો. ઘણી ધામધૂમથી રાજાએ રાજકુમારીનાં લગ્ન કર્યાં. ડોસીએ રાજકુમારીના સેંથામાં કંકુ પૂર્યું. રાજકુમારી અખંડ સૌભાગ્યવતી બની.

જે ટાપુમાં ડોસી રહેતી હતી ત્યાં ડોસીના કુટુંબ સિવાય બીજું કોઈ નહોતું રહેતું. પણ ડોસી રાજકુમારને તથા રાજકુમારીને ટાપુ ઉપર લઈ ગઈ અને રહેવાને એ બંનેને સુંદર મહેલ આપ્યો. થોડાંક વર્ષમાં ટાપુ ઉપર ઘણા લોક રહેતા થયા અને એ ટાપુ ઘણો આબાદ પણ થયો.



શેઠની શિખામણ ઝાંપા સુધી

નટવરલાલ માલવી

સવાઈચંદ શેઠને વેપાર બહોળો. દેશપરદેશ વહાણો ફરે. પોઠ જાય ને વણઝાર આવે. અનાજ લઈ જાય ને કાપડ લાવે. શેઠને ત્યાં જરઝવેરાત, સોનું, ચાંદી ને કીમતી કાપડનો પણ વેપાર. હિસાબનીસો, ગુમાસ્તા ને ઉઘરાણીદારોની દોડાદોડ ચાલે. વછિયાતો દેશદેશાવરથી આવતા જ હોય. વહીવટ કરે વડા મુનીમજી, નામે ડાહ્યાલાલ.

એવું બન્યું એક વાર, કે પડોશના રાજાને ત્યાં લગ્ન લેવાયાં, ને જરઝવેરાતની માગણી શેઠ પાસે આવી. શેઠે રાજાના કારભારીને પોતાની પાસેના મોતીના કંઠા, હીરાની વીંટીઓ, માણેકજડ્યાં કુંડળો આદિ બતાવ્યું પરંતુ તેને સંતોષ ન થયો. તેણે કહ્યું: "શેઠજી, અમારે તો આથી પણ ભારે, ચડિયાતાં નંગ જોઈએ છે, દિલ્હીના બાદશાહને ત્યાં હોય તેવાં. તમે તેવાં કંઈ લાવી આપશો? નહિ તો પછી અમે ખાસ દિલ્હી કોઈને દોડાવીએ."

શેઠ બોલ્યા: "અરરર, એ શું બોલ્યા? આપને કંઈ એવી તસ્દી લેવાની હોય? હું જ મારા વડા મુનીમને દિલ્હી રવાના કરું, ને તે આજે જ. તે સારામાં સારો માલ વહોરી લાવશે."

કારભારી કહે: "એ ખરું, પણ મોડું થાય તે ખપ ન આવે. બે મહિનામાં તો લગન છે. અમને આવતે મહિને તો બધું તૈયાર મળી જવું જોઈએ. બનશે?"

સવાઈચંદ શેઠ હસી પડ્યા ને બોલ્યા: "અરરરરરર, એ શું બોલ્યા, મારા સાહેબ? આજે જ ડાહ્યાલાલને રવાના કરી દઉં છું. પવનવેગી, પાણીપંથી સાંઢણી પર જશે. ને વીસેક દિવસમાં તો પાછો. માલ લઈને. મહિનાની આખરમાં તો બધું જ તૈયાર. આપ બેફિકર રહો. નિરાંત રાખો."

કારભારી ગયો, એટલે શેઠે મુનીમજીને બોલાવી બધી વાત કરી. પછી કહ્યું: "ડાહ્યાલાલ, તૈયાર થઈ જાઓ. આજે જ દિલ્હી તરફ ઊપડવું.

સારામાં સારું ઝવેરાત લાવવાનું છે. અઢીક લાખ ટકાનો માલ રાજાજીને જોઈએ છે. પાંચેક લાખનો ખરીદી લાવવો. બાકીનો પછી વેચાશે. પસંદ પડી જાય તો અઢીને બદલે ત્રણસાડાત્રણ લાખનો પણ ખપી જાય. માલ સરસ હોવો જોઈએ."

ડાહ્યાલાલે કહ્યું : "ભલે ભલે. હું ઘેર જઈને તૈયારી કરું છું. દરમ્યાન સાંઢણીવાળાને કહેવડાવી દઉં છું. તે અહીં આવીને ઊભો રહે, એટલામાં હું તૈયાર થઈને આવી જાઉં છું. બે કલાક બાદ ઊપડી જઈશ."

મુનીમ ઘેર જઈને તૈયાર થઈને, કપડાંલત્તાંનું પોટલું લઈને આવ્યો. સાંઢણી તૈયાર હતી. તેના પર બેઠો. સાંઢણીએ ધીમે ધીમે ચાલવા માંડ્યું. શેઠ વળાવવા સાથે થયા, ને નાકા સુધી ગયા. નાકા પર જરાક ઊભા રહ્યા, ને શેઠે કહ્યું : "ને જુઓ ડાહ્યાલાલ, ખરીદીમાં ખૂબ ધ્યાન રાખજો, હીરામાં જરા પણ એબ ન હોય. ડાઘોડૂઘી ન હોય. પાનાં માણેક રંગદાર જોઈએ, ને વળી રેસા વગરના. શનિ ને લસણિયા પણ ચકચકાટ લેજો. જરિયાત માલ પણ ચુનંદો લેજો. પાછું ધ્યાન રાખજો, માલ લેવામાં ગરજ જરા પણ બતાવશો નહિ, નહિ તો સામો ધણી બનાવી જશે. તોલમાપ પાકાં કરાવજો. કાટલાં તપાસી લેજો. મોટો સોદો છે. જરાક ભૂલ થાય તો હેરાન થઈ જઈશું. માટે બધી શિખામણ ધ્યાનમાં રાખજો."

મુનીમજીએ જરાક હસીને કહ્યું: "વારુ વારુ, શેઠજી, પણ એ તો શેઠની શિખામણ ઝાંપા સુધી હોય. પછી કંઈ હોય છે? લ્યો ત્યારે, રામરામ, રામરામ!" કહી મુનીમે સાંઢણી વેગથી હંકાવી મૂકી.

શેઠ જોઈ જ રહ્યા. જરા વિચારમાં પડી ગયા. મુનીમજીનું છેલ્લું વાક્ય તેમને વસમું લાગ્યું, અપમાન સરખું જ લાગ્યું. 'શેઠની શિખામણ ફક્ત દરવાજા સુધી જ કામ લાગે! એટલે કે આ બધી સૂચનાની મુનીમને મન કશી કિંમત નથી! મુનીમને હોશિયારીનો મદ ચઢ્યો જણાય છે. મારા કરતાં પોતે વધારે અક્કલવાળો છે એવું માનતો લાગે છે. એમ ત્યારે? એ કેફ ઉતારવો પડવાનો.'

મુનીમના વાક્યથી શેઠનું સ્વમાન ઘવાયું, ને મનમાંને મનમાં અકળાવા લાગ્યા. મહેતાજીનો મદ શી રીતે ઉતારવો તે વિમાસવા લાગ્યા. પેઢીએ જતાં જતાંમાં તો તેમણે જુક્તિ શોધી કાઢી, અને મનમાં ને મનમાં હસ્યા. ઘેર જઈને ઘાંયજો બોલાવ્યો ને વતું કરાવવા બેઠા. વતું કરાવી રહ્યા પછી ઘાંયજાને કહ્યું: "ને ભગા રાત, આ મારા મુડદાલ વાળ અહીં જ રહેવા દેજે. લઈ ના જતો. મારે એનું કામ છે."

ઘાંયજો ગયો, એટલે એ મુડદાલ વાળ શેઠે ભેગા કરી લીધા અને શેઠાણીને આપ્યા. સાથે કહ્યું: "એક સરસ વેલબુટ્ટાદાર રેશમી કપડામાં આ વાળ સીવી લે. ઉપર કિનખાબની ઝૂલ ને ફૂમતાં મૂક, અને મને કલાકએકલાકમાં આપ." ભોળી શેઠાણીએ પૂછપરછ કશી ન કરી. કહ્યા મુજબ ખૂબ ભભકાદાર બિંદડી બનાવી. રેશમી કોથળીમાં વાળ ભરી ત્રણચાર સીવણ કર્યાં, અને જરિયાન ઝૂલ અને ફૂમતાં મૂક્યાં. બિંદડીને લટકાળી બનાવી. તે તૈયાર થતાં જ શેઠે બીજી સાંઢણી બોલાવીને તેના સવાર સાથે એ બિંદડી ડાહ્યાલાલ મુનીમને મોકલી. સવારને કહ્યું: "મુનીમે માંડ દશબાર ગાઉ કાપ્યા હશે. તું વધુ ઝડપે જઈ આ પોટકી તેમને આપજે ને કહેજે, કે દિલ્હીના બાદશાહને આપણા તરફથી નજરાણું ધરવાનું, તે વાત શેઠ ભૂલી ગયેલા. તે આ નજરાણું મોકલ્યું છે. બાદશાહ સલામતને ઘણી ઘણી સલામ સાથે આ નજરાણું આપવાનું છે."

સવાર મુનીમ પાસે પહોંચી ગયો ને સંદેશા સહિત મુનીમને બિંદડી આપી દીધી.

થોડે દહાડે મુનીમ દિલ્હી પહોંચી ગયો, અને પેઢીના આડતિયાને ત્યાં ઊતર્યો. જરઝવેરાત ખરીદવાની તજવીજ શરૂ કરી. સાથે સાથે બાદશાહના વજીરની મુલાકાત પણ કરી અને કહ્યું: "અમારા સવાઈચંદ શેઠ તરફથી બાદશાહ સલામતને નજરાણું ધરવાનું છે. આપ ગરીબ-પરવરની રજા મેળવી આપો, એટલે તે મુજબ હું નજરાણું લઈ ખિદમતમાં હાજર થઈશ."

વજીરે બાદશાહની રજા મેળવી, અને તે મુજબ મુનીમ તહેનાતમાં હાજર થયો. બાદશાહને કુર્નિશ બજાવી, શેઠના ઘણા ઘણા સલામ કહ્યા, અને નજરાણા તરીકે બાદશાહનાં ચરણોમાં ચાંદીનો થાળ મૂક્યો. થાળમાં હતી પેલી રૂપાળી બિંદડી, રેશમી રૂમાલ ઓઢાડેલી. પછી કહ્યું : "ખુદાવંદ, અમારા શેઠજી તરફનું નજરાણું કબૂલ રાખશો, એવી અરજ છે."

બાદશાહે મોં મલકાવ્યું, શેઠની ખેરઆફિયત પૂછી, વેપારવણજની થોડી પૂછપરછ કરી અને રજા આપી. રજા માગતાં, મુનીમ અને દિલ્હીનો શેઠનો આડતિયો રસ્તે પડ્યા.

બંધ બિંદડીનું નજરાણું, એટલે બાદશાહને કુતૂહલનો પાર ન રહ્યો. મુનીમ ચાલ્યો જતાં જ તેણે હુકમ કર્યો, કે બિંદડી ખોલી નાખો. હજૂરિયાએ બિંદડી ખોલી, તો અંદરથી જૂના વાળ વિખરાઈને બહાર પડ્યા, ઊડ્યા. વાળ જ વાળ! ચાંદીના થાળમાં ને આસપાસ વિખરાઈને પડ્યા. હજૂરિયો બોલ્યો : "બંદેનવાઝ, આ તો કંઈ મશ્કરી જેવું લાગે છે!"

બાદશાહ પણ એ જોઈ ગુસ્સે થઈ ગયો. "મારી મશ્કરી! દિલ્હીના શાહની આવી ઠેકડી!! નજરાણામાં મુદ્દાલ વાળ! વજીરજી, પકડો એ મુનીમને અને સોંપી દો જલ્લાદને. ચડાવી દો ફાંસીએ."

વજીરે તુરત સિપાઈ દોડાવ્યા. તેમણે રસ્તે જતા મુનીમને ગળચીમાંથી પકડ્યો, ને બાંધવા માંડ્યો. મુનીમ તો ગભરાઈ ગયો ને બોલ્યો : "પણ ભાઈઓ, આ છે શું? મારો વાંકગુનો શો?"

"અબે, સૂવરકા બચ્ચા, બાદશાહ સલામતકી ઠેકડી બનાતા હે! મુડદાલ બાલકા નજરાના દેતા હૈ. તેરેકુ માર ડાલનેકા હૈ. ક્યા યે તેરી સૌગાદ! મુડદાલ બાલ! તેરેકો ફાંસીકી સજા હોગી!"

મુનીમ ચાલાક હતો. તે ક્ષણમાં જ બધું સમજી ગયો, તેણે તુરત મોટી પોક મૂકી : "ઓ મારા વહાલા વાળ રે. . . ." અને પછી કહ્યું : "મને મારા વાળ પાછા. આપો, પાછા આપો. ભલે મારી

નાખો, પણ વાળ પાછા આપો, પાછા આપો. જીવ લઈ લ્યો, પણ વાળ પાછા આપો."

જમાદાર નવાઈ પામ્યો. તેણે કહ્યું, "યે કયા કરતા હૈ તુ? કયા બકતા હૈ? સમજમેં નહિ આતા."

મુનીમે કહ્યું: "બાદશાહ સલામતને વાળ નાપસંદ હોય તો મને ભલે ફાંસીએ ચઢાવે. હું એ વાળને છાતીએ બાંધીને મરીશ. ને મને બાળો તે એ વાળ સહિત જ બાંધજો. મને લઈ જાઓ બાદશાહ સલામત પાસે, વાળ પાછા અપાવો, ને પછી ખુશીથી મારી નાખજો."

જમાદાર જરા નવાઈ પામ્યો ને વાળમાં કંઈ ભેદ છે એમ સમજ્યો. રખે ને કંઈ ગોટો થાય, તે કરતાં મુનીમને બાદશાહ પાસે રજૂ કરવાનું જ તેને ઠીક લાગ્યું. તે મુનીમને વજીર પાસે લઈ ગયો, અને વજીર મુનીમને લઈ બાદશાહ પાસે રજૂ થયો.

મુનીમે રોતાં કકળતાં બાદશાહને કહ્યું: "ગરીબપરવરને અમારા શેઠજીનું નજરાણું પસંદ ન પડ્યું તો ભલે, મને પાછું આપો. એમાંથી અડધા વાળ હું મારા દીકરાને મોકલીશ, અને અડધા છાતીએ બાંધીને મરીશ. મને ખુશીથી ફાંસીએ ચઢાવો, ખુદાવંદ, પણ વાળ પાછા આપો. તેને મારી લાશ સાથે જ બાળવા હુકમ ફરમાવો."

આ સાંભળી બાદશાહ તાજ્જુબ થઈ ગયો. તેને વાળનો ભેદ જાણવાની તાલાવેલી થઈ, ને પૂછ્યું: "એવું તે એ વાળમાં શું છે? વાળ કોના છે? શેના છે?"

મુનીમજી કહે: "ગરીબપરવર, એ વાત જવા દ્યો, ને મને વાળ સાથે જ મરવા દ્યો. તો મોટી કૃપા થશે."

બાદશાહની ચટપટી વધી. તેણે ફરી મુનીમને આગ્રહ કર્યો ને પૂછ્યું: "વાળનો ભેદ શું છે, તે બતાવ." મુનીમે ઠંડે કલેજે કહ્યું: "ખુદાવંદ, શેઠજી નજરાણું શું મોકલવું તેના વિચારમાં પડ્યા. હાથી-ઘોડાનો આપને ત્યાં તોટો નહિ. હીરામોતીની કમીના નહિ. જર-ઝવેરાતની તંગી નહિ. દિલ્હીના બાદશાહને ત્યાં ખોટ શાની હોય? એટલે ખૂબ વિચાર કરી શેઠે પોતાની વહાલામાં વહાલી ચીજ આપને

મોકલી. અમારા શેઠ ગિરનારની જાત્રાએ ગયેલા. ત્યાં ગુફાઓમાં ફરતા ફરતા એક ઇલમી ઓલિયા – જોગીફકીર — સાથે તેમની મુલાકાત થઈ. બહુ ખિદમત બજાવી. ત્યારે જોગીએ ખુશ થઈને પોતાની દાઢી જટાના થોડા વાળ કાતરીને આપ્યા કે આ તારા પટારામાં મૂકજે. શેઠે તે પટારામાં મૂક્યા, ને પછી શેઠને ત્યાં લીલાલહેર થઈ ગઈ. એવા એ બરકતી ચમત્કારિક વાળ છે. તેમાંથી થોડા, ગરીબપરવરને ખાતર ખાસ કાઢીને મોકલ્યા છે. અમારાં શેઠાણી તો જરા નારાજ હતાં, તોપણ તે વાળ મોકલ્યા છે, જેથી આપનો ખજાનો અખૂટ રહે. એમાંથી એક વાળ પણ કોઈ બીજાને હાથ ન જવા દેવો, એવો મને સોગંદી હુકમ છે. કસમ આપેલા છે. તેથી એ બિંદડી જ મેં આપને અકબંધ ભેટ કરી. આપ નારાજ હો, તો વાળ પાછા લઈ જવા હું ખુશી છું. ને સજા ફરમાવો તો તે માથે ચઢાવીશ. વાળ સાથે મરીશ. જેથી ખુદાના દરબારમાં મને પૂરી રહેમ મળે.”

વજીર પણ ત્યાં હાજર હતો. તેણે કહ્યું: “નામવર, વાત સાચી લાગે છે. નહિ તો આવી વાળની ભેટ કોઈ મોકલે નહિ. દિલ્હીના બાદશાહની મશ્કરી કરવાની કોઈની હિંમત નહિ ચાલે. વાણિયાની તો નહિ જ.”

પછી તો બાદશાહના હુકમથી વાળને સોનાની દાબડીમાં મૂક્યા, ને જામદારખાને મોકલ્યા. બાદશાહ રાજી રાજી થયા. શેઠ તરફની ખરીદી પર દાણ ન લેવું એવો હુકમ કર્યો. વળી દિલ્હીથી પાછા જતાં મુનીમે મળીને જવું એવી પણ આજ્ઞા કરી.


મુનીમ દિલ્હીમાં ખૂબ ફર્યો. કસીકસીને જરઝવેરાતની ખરીદી કરી, અને કામ પત્યાથી બાદશાહને મળવા ગયો. સલામ કરી બાદશાહે વજીરને હુકમ કર્યો: “શેઠ સાહેબ માટે સરપાવમાં જરિયાન પોશાક આપો. એક પોશાક, શાલ ને હજાર ટંકા રોકડા મુનીમજીને આપો. રસ્તે કોઈ બીજો સૂબેદાર દાણ ન લે, તે માટે પરવાનો આપો. અને મુનીમ અમદાવાદ પહોંચે ત્યાં સુધીની સલામતી માટે ૨૦ સિપાઈની ટુકડી સાથે મોકલો.”

મુનીમ તો સિપાઈસિપરાં સાથે ઊપડ્યા. અમદાવાદ ત્રણેક ગાઉ રહ્યું એટલે ખેપિયો દોડાવી શેઠને ખબર આપ્યા. શેઠ તો, મુનીમ ફાંસીએ ગયો હશે અગર કેદમાં પડ્યો હશે એવા સમાચારની વાટ જોતા હતા. તેમણે તો મુનીમનો ગર્વ ઉતારવા આ જુક્તિ કરી હતી. મુનીમનો લખાટો વાંચી નવાઈ પામ્યા. સામા લેવા ગયા, અને માનપાનભેર મુનીમને અને શાહી જમાદારને ઘેર લઈ આવ્યા.

જમી પરવારી સૌ વાતે બેઠા. મુનીમે શાહી પોશાક શેઠને આપ્યો. જકાતમાફીની વાત કરી અને ફરી કહ્યું: "શેઠ, એ તો શેઠની શિખામણ ઝાંપા સુધી જ." શેઠ બધી વાત જાણીને રાજી થયા. મુનીમની હાજરજવાબી ને સમયસૂચકતાનાં વખાણ કર્યાં, ને કહ્યું: "હા મુનીમજી, ખરી વાત છે, શેઠની શિખામણ ઝાંપા સુધી. અણીવખતે તો પોતાની અક્કલ જ કામ લાગે."

પછી શાહી સિપાઈઓને ખુશબખ્તી ને વિદાયગીરી આપી વિદાય કર્યા, મુનીમનો દરમાયો વધ્યો ને કહેવત ચાલુ થઈ કે

"શેઠની શિખામણ ઝાંપા સુધી."



આ પુસ્તકના લેખકોનો ટૂંક પરિચય

મુબારકઅલી — ઊગતા મુસ્લિમ લેખક. એમની ભાષા રૂઢ અને શૈલી સરલ છે. તેઓ બાળસાહિત્યમાં વિશેષ રસ ધરાવે છે.

સાવિત્રીદેવી વર્મા — બાળ-મનોવિજ્ઞાન પર 'આપકા મુન્ના' (૩ ભાગ) પુસ્તકનાં લેખિકા. બાળસાહિત્યમાં એમનાં "કથાભારતી," "જંગલ-જ્યોતિ," "શેક્સપિયરકી કહાનિયાઁ," "કથાકહાની" (બાળપંચતંત્ર) અને "ઉત્તરપ્રદેશકી લોક-કથાએં" પુસ્તકો પ્રગટ થયાં છે. કૌટુંબિક પ્રશ્નો પરનાં એમનાં લખાણો જાણીતાં છે. એમનું "નારીકા રૂપશૃંગાર" નામનું પુસ્તક પણ પ્રસિદ્ધ થયું છે.

રામચંદ્ર શર્મા — હિંદી સાહિત્યના ઊગતા લેખક. એમની ઘણી વાર્તાઓ 'બાલ-ભારતી'માં છપાઈ ચૂકી છે. અત્યારે એ ભારતસરકારના 'પત્રસૂચના-વિભાગમાં' કામ કરે છે.

મન્મથનાથ ગુપ્ત — 'બાલભારતી'ના ભૂતપૂર્વ સંપાદક. અનેક પુસ્તકોના લેખક, જેમાં ડઝનેક નવલકથા પણ છે. બાલસાહિત્યમાં એમનાં — ફ્રાન્સકી લોકકથાએં, બંગાલકી લોકકથાએં, આદમીકા જન્મ — પ્રગટ થયાં છે.

શચીરાણી ગુર્ટૂ — પ્રસિદ્ધ હિંદી લેખિકા; એમના 'સાહિત્ય-દર્શન' નામના પુસ્તકને ભારત સરકાર તરફથી ઇનામ મળ્યું છે. એમનાં બીજાં પુસ્તકો 'વિશ્વકી મહાન મહિલાએં,' 'મહાદેવી વર્મા' વગેરે જાણીતાં છે.

ચંદ્રકિરણ સૌનરેકસા — હિંદીમાં જાણીતાં વાર્તાલેખિકા. સાહિત્યસંમેલનમાં ઇનામ મેળવનાર. એમના ઘણા વાર્તાના સંગ્રહો પ્રગટ થયા છે.

વીરેન્દ્ર ગોપાળ — હિંદીના ઊગતા લેખક.

જહૂર બક્ષ — હિંદીના જૂના, પ્રસિદ્ધ મુસ્લિમ લેખક. એમની શૈલી ખૂબ જ ઘડાયેલી અને ભાષા તળપદી છે. 'બાલભારતી'માં એમની અનેક કૃતિઓ છપાઈ છે.

ભીષ્મ સાહની — હિંદીના એક પ્રસિદ્ધ કથાકાર.

યુધિષ્ઠિર કુમાર — હિંદીના ઊગતા લેખક. આકાશવાણીના દિલ્હી સ્ટેશન ઉપર ઘણા દિવસો સુધી 'સ્કૂલ બોયઝ પ્રોગામ' વિભાગના સંચાલક હતા.

ભગવાનચંદ્ર ગુપ્ત — હિંદી લેખક.

અક્ષયચંદ્ર શર્મા — રાજસ્થાનના ઊગતા લેખક.

શિવનયના મહેતા — હિંદીનાં ઊગતાં લેખિકા. બાલસાહિત્યમાં એમને વિશેષ રસ છે.

નંદલાલ ચત્તા — હિંદીના ઊગતા લેખક. બાળસાહિત્યમાં એમનાં 'કશ્મીરકી લોક-કથાએં,' 'વીર બાલક' (બાલ એકાંકી સંગ્રહ) 'રામરાજ્ય કે પથ પર' પ્રગટ થયાં છે.

શાંતિ ગુપ્તા — હિંદીનાં ઊગતાં લેખિકા. દિલ્હીનાં એક જાણીતાં મહિલાવકીલ છે.

હંસરાજ રહબર — ઉર્દૂ તેમ જ હિંદીના સફળ લેખક. પ્રેમચંદની ઉપર એમનું એક પુસ્તક પ્રગટ થયું છે. એમની નવલકથાઓ તથા અન્ય કૃતિઓ પણ જાણીતી છે.

ટી. એન. એસ. સીતારામન્ — તામિલભાષી હોવા છતાં હિંદી ઉપર એમને અનુરાગ છે. બાળસાહિત્યમાં એમને વિશેષ રસ છે. 'બાલભારતી'માં એમની ઘણી કૃતિઓ છપાઈ છે.

રામપ્રતાપ ત્રિપાઠી — સંસ્કૃતના એક પ્રસિદ્ધ વિદ્વાન લેખક. સાહિત્યસંમેલનના જૂના કાર્યકર. એમણે ઘણાં સંસ્કૃત પુસ્તકોના હિંદીમાં સફળ અનુવાદ કર્યા છે.

ચોળા વિષ્ણુ — એમની માતૃભાષા તેલુગુ છે. એમણે હિંદીમાં લખવું શરૂ કર્યું છે. હરિજનકાર્યકર્તા છે.

ઊર્મિલા કુમારી — 'બાલભારતી'ની એક બાળલેખિકા.

નટવરલાલ માલવી — ગુજરાતી બાળસાહિત્યના જાણીતા લેખક ને "ગાંડિવ"ના તંત્રી.

દેશવિદેશની લોકવાર્તાઓ

આ પુસ્તકમાં દેશવિદેશની ચૂંટી કાઢેલી સોળ લોકવાર્તાઓનો સમાવેશ થાય છે. પુસ્તકમાં ૫૦ ઉપર ચિત્રો અને ૯૬ પૃષ્ઠ છે. એનું પૂઠું ઘણું આકર્ષક તથા ચાર રંગમાં બનાવ્યું છે. એની કિંમત માત્ર એક જ રૂપિયો રાખવામાં આવી છે.

દેશવિદેશની જાણીતી લોકકથાઓનો સંગ્રહ પ્રગટ કરવા પાછળ એ ઉદ્દેશ સમાયેલો છે કે આપણા દેશનાં બાળકો લોકકથા દ્વારા અન્ય દેશના લોકજીવનથી પરિચિત થાય અને એમનામાં આંતરરાષ્ટ્રીય ભાવના પ્રગટે. આ સંગ્રહમાં તુર્કસ્તાન, આફ્રિકા, તિબેટ, કોરિયા, જાપાન, જર્મનિ, ચેકોસ્લોવેકિયા, યૂનાન, રશિયા, પ્રાચીન અમેરિકા, બ્રેઝિલ, નોર્વે, ઈંગ્લાંડ, ફ્રાન્સ વગેરે દેશોની લોકકથાઓનો સમાવેશ થાય છે. આ વાર્તાઓ સાદી અને રોચક ભાષામાં લખવામાં આવી છે.

પુસ્તકો વેચનારાની કોઈ પણ મોટી દુકાન ઉપર આ પુસ્તક મળી શકશે

અથવા

મેનેજર, પબ્લિકેશન્સ ડિવિઝન, ઓલ્ડ સેક્રેટરિયેટ, દિલ્હી ઉપર લખો.

બાળકોને યોગ્ય નાગરિક બનાવવાના ઉદ્દેશથી

બાલ—ભારતીમાં

જ્ઞાનવિજ્ઞાનની બધી વાતો બાળકો સમજી શકે એવી સીધીસાદી ભાષામાં પીરસવામાં આવે છે.

ઓછામાં ઓછી ચાર વાર્તા, ૪૦ સુંદર ચિત્ર તથા સામાન્ય બુદ્ધિને રોચક ટુચકા હોય છે. વાર્ષિક લવાજમ ૪ રૂપિયા, છૂટક નકલના છ આના. હિંદીમાં બાળકો માટેનું ઉત્તમ માસિક. આ માસિક માત્ર મનોરંજન તરફ ધ્યાન નથી આપતું. મનોરંજન દ્વારા બાળકને સાહસિક અને બુદ્ધિશાળી નાગરિક બનાવવાનો એનો ઉદ્દેશ છે. બધા બુકસ્ટોલો ઉપર પહેલી તારીખે મળી શકશે. પરંતુ ગ્રાહક બની જવું સારું.

પુસ્તકો વેચનારી દરેક મોટી દુકાન ઉપરથી મળી શકશે

અથવા

મેનેજર, પબ્લિકેશન ડિવિઝન, ઓલ્ડ સેક્રેટેરિયેટ, દિલ્હી પર લખો.

પબ્લિકેશન્સ ડિવિઝન,
મિનિસ્ટ્રી ઑફ ઈન્ફર્મેશન ઍન્ડ બ્રૉડકાસ્ટિંગ,
ગવર્નમેન્ટ ઑફ ઇંડિયા,
દિલ્હી–૮

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪